
આપણો ઘડીક સંગ
દિગીશ મહેતા

# આપણો ઘડીક સંગ

## દિગીશ મહેતા

આદર્શ પ્રકાશન
અમદાવાદ

આપણો ઘડીક સંગ Copyright © by દિગીશ મહેતા. All Rights Reserved.

# Contents

vii

'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ viii

પરિચય xi

પ્રથમ પ્રકાશન xiv

અર્પણ 1

સ્વાગત – અનંતરાય મ. રાવળ ii

આભાર viii

૧ 11

૨ 20

૩ 27


૪ 32

૫ 35

૬ 44

૭ 48

| | |
|---|---|
| ૮ | 55 |
| ૯ | 60 |
| ૧૦ | 68 |
| ૧૧ | 76 |
| ૧૨ | 80 |
| ૧૩ | 89 |
| ૧૪ | 93 |
| ૧૫ | 95 |
| ૧૬ | 99 |
| ૧૭ | 103 |
| ૧૮ | 107 |
| ૧૯ | 112 |
| ૨૦ | 118 |
| ૨૧ | 121 |
| ૨૨ | 125 |
| શ્રી દિગીશ મહેતાનું લેખન-સર્જન | 131 |


આપણો ઘડીક સંગ
દિગીશ મહેતા

# 'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને 'એકત્ર' પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ

www.ekatrafoundation.org

તથા

https://ekatra.pressbooks.pub

પરથી વાંચી શકશો.

**અમારો દૃષ્ટિકોણ:**

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો 'વેચવાનો' આશય નથી, 'વહેંચવાનો' જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

**આ રીતે –**

* પુસ્તકોની પસંદગી 'ઉત્તમ-અને-રસપ્રદ'ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

**તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.**

*

Ekatra Foundation is grateful to the author for allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. Ekatra Foundation is a USA registered not for profit organization with objective to preserve Gujarati literature and increase its audience through

digitization. For more information, Please visit:
www.ekatrafoundation.org and
https://ekatra.pressbooks.pub.

***


# પરિચય

## આપણો ઘડીક સંગ

આ એક અનોખી અને વિલક્ષણ પ્રેમકથા છે – અર્વાચીના અને પ્રોફેસર ધૂર્જટીની. કથામાં ભાષાની હળવી મજાકવાળી તાજગી છે. સૂક્ષ્મ સ્તરે ઊતરતા વિનોદથી એ રસપ્રદ બનેલી છે. પાત્રો અને એમની વચ્ચેના સંબંધોનું મરમાળું આલેખન આ સીધી-સાદી લાગતી કથાને અત્યંત રસપ્રદ બનાવે છે. સાહિત્યિક દ્રષ્ટિએ જોઈએ તો 1960-70ના સમયની પ્રયોગશીલ ગુજરાતી નવલકથાઓમાં એની આગવી છાપ ઊઠે છે.

આ નવલ વાંચતાં તમને જે આહ્‌લાદક અનુભવો થશે એમાંના ઘણાખરા તો ભાષાના લાક્ષણિક પ્રયોગના છે.

કલાત્મક છતાં રસપ્રદ આ કથા વાચકને એક નવો જ અનુભવ આપશે, જરૂર.



## દિગીશ મહેતા (જ.1934 – અવ. 2001)

દિગીશભાઈ અંગ્રેજીના અધ્યાપક અને ગુજરાતીના લેખક. જન્મ પાટણમાં ને પ્રારંભિક શિક્ષણ સિદ્ધપુરમાં. પછી તો યુનિવર્સિટી ઑફ લીડ્સમાંથી એમ.એ. થયા. થોડાંક વર્ષ એચ. કે. આર્ટસ કૉલેજમાં ભણાવ્યું પછી ગુજરાત યુનિવર્સિટીના ભાષાભવનમાં અંગ્રેજીના પ્રાધ્યાપક રહ્યા.

28ની વયે પહેલી જ કૃતિ આપણો ઘડીક સંગ એમણે લખી અને એક અરૂઢ – જુદી ભાત પાડતી નવલકથા તરીકે એ પ્રશંસા પામી. ત્યાર બાદ એમણે સંસ્મરણાત્મક ટૂંકા નિબંધો લખ્યા – દૂરના એ સૂર એ નામનો નિબંધસંગ્રહ એમની વિશિષ્ટ ગદ્યશૈલીથી ઘણો વાચકપ્રિય અને વિવેચકપ્રિય બન્યો. અંગ્રેજી ભાષાની ખાસિયતો બતાવતું, શિક્ષણલક્ષી કહેવાય એવું પુસ્તક વિચારવિમર્શની રીતે તેમજ લખાવટની રીતે ધ્યાનપાત્ર છે. બીજી નવલકથા અને નિબંધસંગ્રહ ઉપરાંત એમણે પરિધિ નામનો વિવેચન-સંગ્રહ તથા આયનેસ્કોના ધ ચેર્સનો તથા અન્ય અનુવાદો પણ કરેલા.

દિગીશભાઈમાં વિચારોની સૂક્ષ્મતા ઉપરાંત હળવાશભરી શૈલીની આકર્ષકતા – બંને ધ્યાનપાત્ર છે.

(પરિચય: રમણ સોની)

# પ્રથમ પ્રકાશન

આવૃત્તિ પહેલી: 1962

કિંમત : 2-75 ન. પૈ.

પ્રકાશક

શંભુલાલ જગશીભાઈ શાહ : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધીરસ્તો, અમદાવાદ

મુદ્રક

ગોવિંદલાલ જગશીભાઈ શાહ, શારદા મુદ્રણાલય

પાનકોર નાકા, અમદાવાદ

# અર્પણ

સદ્ગત પૂજ્ય 'ભાઈ'ને...

# સ્વાગત – અનંતરાય મ. રાવળ

વાંચી જઈ અભિપ્રાય અને સૂચનો અર્થે કંઈક સંકોચ સાથે મારા હાથમાં મુકાયેલ લખાણ જોઈ જતાં એની ચીલાચાલુથી નવી જ લખાવટે તેમ અંદર દેખતા તેના લખનારની મેધાના ચમકારાને પ્રસન્નતાનો એવો અનુભવ કરાવ્યો કે એમનો સંકોચ અકારણ હતો એમ જણાવી, 'સારું જ લખો છો' કહી, વાર્તા પૂરી કરવાની સલાહ (અને પૂરી થયે એ ખુશીથી પ્રગટ કરી શકાશે એવી આશા) મેં તેના લેખકને આપી હતી. એ વાર્તા આજે પુસ્તકાકારે પ્રગટ થતી વેળા એના સ્વાગત માટે આગળ આવી ઊભવાનું મને જ પ્રાપ્ત થયું છે એને ખુશનસીબી ગણું છું.

એના લેખક શ્રી દિગીશ મહેતા માંડ આયુષ્યની પહેલી પચીસી વટાવેલા, પણ બૌદ્ધિક વયમાં સ્થૂળ વય કરતાં ઠીકઠીક મોટા, જુવાન છે. વ્યવસાયે અંગ્રેજી અધ્યાપક છે. અધ્યાપક હોવાની હવે આપણે ત્યાં નવાઈ નથી રહી, પણ આ અધ્યાપક સાહિત્યદષ્ટિવાળા અને સર્જક શક્તિવાળા અધ્યાપક છે, જેનો લાભ, જુઓ, આ પુસ્તકથી અને 'સંસ્કૃતિ' માસિકમાં આવતા નિબંધોથી મળવા માંડ્યો છે તે.

પુસ્તકનું સાહિત્યસ્વરૂપ, જો 'નવલિકા' શબ્દ આપણે ત્યાં 'ટૂંકી વાર્તા' એ અર્થમાં પ્રયોજિત થઈ પ્રચલિત બની ગયો ન હોય તો, જેને ટૂંકી નવલકથા(novellette)ના અર્થમાં 'નવલિકા' હોત, પણ હવે જેને લઘુનવ કહીએ, તેવું છે. લઘુનવલને બદલે કોઈ એને લાંબી વાર્તા કહેશે તોયે તે તકરારનો વિષય નથી. સાહિત્યરસિકોને નામની સાથે નહિ, કૃતિની અંદરની સામગ્રી અને તેના સાહિત્યગુણ એટલે રસવત્તા સાથે જ વધુ તો નિસબત હોય.

એવી રસવત્તા આ કૃતિ પોતાનામાં સારી સંઘરીને બેઠી છે. વસ્તુભૂત વાત ત્યારે પ્રો. ધૂર્જટિ અને કોલેજકન્યા નામે અર્વાચીનાની ઉભય પક્ષનાં વડીલોને પણ સંમત બનતી સગાઈની, બેચાર લીટીમાં શું — એક જ વાક્યમાં કહી શકાય એવી છે, પણ એમાં લેખકે જે 148 પૃષ્ઠ લીધાં છે તે એમની સર્જકતાનો લીલાવિલાસ પારખુ વાચકો આગળ એવો તો પ્રગટ કરશે કે એના વાચનની એક મિનિટ નીરસ નહિ જાય, એમ સુખેથી કહી શકાય.

બહુ ઘટનાપ્રધાન ન હોય એવી કથાકૃતિમાં લેખકની સ્રજકતાને પ્રગટ થવાનું બહુધા રહે છે પાત્રનિરૂપણમાં. પાત્રનિરૂપણમાં શ્રી મહેતા સારું કૌશલ દાખવે છે. પહેલા પ્રકરણમાં અર્વાચીના, પ્રો. ધૂર્જટિપ્રસાદ, અર્વાચીનાના પિતા હેડમાસ્તર બૂચસાહેબ અને અર્વાચીનાનાં બા, બેચાર પાત્રોની મુખ્ય રેખાઓ એમણે આંકી આપી છે, જેમાં પછી અનુગામી પ્રકરણો વિગતોની રંગપૂરણી જ ઉમેરે છે. પ્રો. ધૂર્જટિનાં માતુશ્રી ચંદ્રાબા પણ કથાનું મહત્ત્વનું પાત્ર પાછળથી બને છે. આ પાત્રોનાં સ્વભાવ, ટેવો, વૃત્તિવ્યાપારો અને આશયો એમનાં વિચાર-વાણી-વર્તન દ્વારા સફળતાથી ઉપસાવી શકેલા લેખક વિનાયક, રણધીરરાય, વિમળાબહેન, તરંગિણી, અતુલ આદિ કથાપટમાં આગળ જતાં-આવતાં મુકાબલે ગૌણ પાત્રોના આલેખનમાં પણ એવી જ શક્તિ બનાવે છે. દોઢ જ પાનામાં આવી પોતાનો પરચો આપી જતાં ભરતરામ (કોલેજ-વિદ્યાર્થી મનહરના પિતા)ને પણ વાર્તાકારે કેવો સજીવ ઉઠાવ આપ્યો છે! માનવી આ જુવાન અધ્યાપકના રસનો પ્રધાન વિષય હોય અને એમના હાથે કલમ ઉપાડાવનાર પણ પોતાના નિરીક્ષણમાં આવેલા જુદા જુદા માનવ-નમૂનાઓ રજૂ કરવાની વૃત્તિ જ હોય, એવી પ્રબળ છાપ એમનાં આ કથામાંનાં પાત્રો તથા તેમના એમણે કરેલા આલેખનથી આપણા મન પર પડે છે.

આને પરિણામે કોલેજના વાતાવરણ સાથે ત્યાંના જુવાન વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓનું, એમની અવસ્થામાંથી થોડાંક વરસ પહેલાં જ પસાર થઈ આવનાર અને હવે એમના નિત્યના સાક્ષી એવા આ અધ્યાપકે પૃ. 24-27 અને પૃ. 112-114 જેવાં સ્થળોએ એમના માનસને પ્રતિબંિબિત કરવા એમના વર્તન દ્વારા કર્યું છે તે આલેખન જેટલું યથાર્થદર્શી છે તેટલું જ વાસ્તવિક આલેખન પ્રેમમાં પડી ચૂકેલાં તરંગિણી અને અતુલનું, પ્રેમને રસ્તે પળતાં ધૂર્જટિ-અર્વાચીનાનું તથા એ નાયક-નાયિકાનાં વડીલોનું પણ આ કથામાં થયેલું જણાય છે.

કથામાં પ્રો. ધૂર્જટિનું આલેખન તો એનાં જ વય ને વ્યવસાયવાળા વાર્તાકારે જાણે આત્મ-પ્રક્ષેપ(self-protection)નો કલાશ્રય લઈને કર્યું કોઈને લાગે. પણ તે સાથે એ પણ એટલું જ સાચું છે કે કુશળ હાસ્યમર્મજ્ઞની અદાથી, એ પાત્રનીય બહાર નીકળી આવી એના પ્રત્યે રમૂજભરી નજરથી જોઈ એના મર્મજ્ઞ નિરૂપક લેખક બની શક્યા છે. વસ્તુતઃ કથાનાં એક ચંદ્રાબા સિવાય (એમ કેમ કે લેખક જાણે!) લગભગ બધાં જ પાત્રોનું આલેખન લેખકને આપ્તરંગી માનવતાના ટીખળી કે વિનોદી નિરીક્ષક ને નિરૂપકના લેબાસમાં આપણી આગળ રજૂ કરે છે. આખી કથા આથી હાસ્યના અસ્તરવાળી બની છે. એને વાંચવે સાદ્યન્ત લિજ્જતભરી બનાવવામાં લેખકના લાક્ષણિક વિનોદરસનો મોટો ફાળો છે. હસાવવાનું તાક્યું એટલે ક્યારેક એને માટે સસ્તી યુક્તિનો ઉપયોગ થઈ જાય. એવું આ કથામાં નથી થયું એમ નથી, પણ એમ ત્રણચાર વાર જ બન્યું છે. જ્યારે બુદ્ધિલક્ષી મર્મહાસ્ય કતામાં તેથી ઘણું વધારે અને તેને ઢાંકી દે એટલા પ્રમાણમાં ભર્યું છે, એવી પ્રતીતિ વાચકોને થયા વિના નહિ રહે. અને આ હાસ્ય વાયડું નથી લાગતું, બધી વેળા આનંદથી આસ્વાદી શકીએ એવું બન્યું છે, એ એની વિશિષ્ટતા છે. આ માર્મિક હાસ્યવૃત્તિની પાછળ ઊભી છે લેખકની બુદ્ધિની તેજસ્વિતા, જે પુસ્તકમાં ઠેરઠેર ચમક્યા કરતી અનુભવાય છે.

લેખકનું આવુ વ્યક્તિત્વ એમની શૈલીમાં ઊતરતાં, એમની હાસ્યવૃત્તિ અને બુદ્ધિચમકે એમની લખાવટને અ-રૂઢ, રસાળ ને ચબરાક બતાવી છે, જેની સાબિતી પુસ્તકનું પૃષ્ઠેપૃષ્ઠ આપી રહેશે. પૃષ્ઠ 18-19 પર છે તે અમદાવાદ શહેરનું વર્ણન, પ્રો. ધૂર્જટિના ઘરના ફર્નિચરનાં પૃષ્ઠ 27-28 અને 127 પરનાં વર્ણન, પૃષ્ઠ 29 પરનું આકાશનું વર્ણન, પૃ. 110 પરનું તરંગિણીનું વર્ણન, પૃ. 125 પરનું અતુલ-તરંગિણીના પ્રણયાનુભવનું વર્ણન — આવાં વર્ણનો અને પુસ્તકમાં ડગલે ને પગલે સામે મળતી નવીન, ચમકદાર, મૌલિક, પ્રગલ્ભ અને વિલક્ષણ સામ્યથી સ્મિત ફરકાવતી ઉપમાઓ આ કથાનું એક આગવું આકર્ષણ બની રહે છે. સંદર્ભથી છૂટાં પાડી, એવાં કોઈ વર્ણનો કે કોઈ ઉપમાઓ વાનગીદાખલ સિનેમા-ચિત્રપટના ટ્રેલરોની જેમ (જોયું? એમને વિશે લખતાં મનેય એમનો રંગ લાગ્યો!) અહીં રજૂ કરવાની જરૂર હું જોતો નથી. પુસ્તકમાં તેના સંદર્ભાન્વિત સ્થળોએ જ તે જોવાં-આસ્વાદવાનાં સારાં, ફૂલો તેમના છોડ પર તેમના માતૃખોળે જ જોવાં સૌથી સારાં, તેમ. એટલું જ કહેવું પર્યાપ્ત થશે કે સાહિત્ય જો વાણીની કલા છે અને એક સં઼ૃકૃત આલંકારિકના કહ્યા મુજબ વક્રોક્તિ એટલે ખૂબીદાર

કે ‘ચમત્કૃતિ’ભરી ઉક્તિ જો કાવ્યનું એટલે રસાત્મક કે લલિત સાહિત્યનું પ્રાણભૂત તત્ત્વ છે, તો લખાવટની આવી ‘ચમત્કૃતિ’ જે આ કૃતિને સાદ્યન્ત રોચક બનાવે છે તેનું સાહિત્યમૂલ્ય ઓછું અંકાય નહિ.

કથામાં આર્કિમીડીસ, સોક્રેટિસ, રસેલ, હક્સ્લી, પાવલોવ, ડી. એચ. લોરેન્સ જેવાના નામોલ્લેખો નજરે ચડે છે ત્યાં પોતાના જ્ઞાનપ્રદર્શનથી લેખક વાચકોને આંજી નાખવા માગે છે એમ ન માનતાં ઠીકઠીક માહિતી–મૂડીવાળા બહુશ્રુત માણસની વાતચીતમાં અનાયાસે એવાં નામો આવી જતાં હોય તેના જેવું આ છે, એમ માનવું વધુ વાજબી થશે. ક્યારેક અમદાવાદ શહેરને, ક્યારેક જુવાન વિદ્યાર્થીઓને અને ઘણી વાર પાત્રભૂત વ્યક્તિઓ ને તેમના આશયો કે તેથી પ્રેરિત વર્તનને ચબરાક કર્તાના અભિપ્રાયાત્મક ભાષ્યનો પણ જે લાભ કથામાં મળ્યો છે તે સ્વ. રમણલાલ દેસાઈની એવી ટેવની યાદ આપશે. એ હજુ આપણા લેખકની ટેવ નથી બની ગયું. એમની નિરીક્ષણશક્તિ અને હાસ્યવૃત્તિનું તેટલું જ તેમની વિચારવાની વૃત્તિ કે શક્તિનું એ ફળ છે. એના વિચારતત્ત્વથી તેમ જ લખાવટની વિશિષ્ટતાથી આવાં ભાષ્ય-સ્થળો પણ આસ્વાદ્ય બને છે.

કથાના ગુણપાસામાં આ પણ કહેવાનું રહે જ છે કે એમાં હાસ્યની લહેરખીઓ સતત ફરકાવતા રહેલા લેખકે કથાને રમણભાઈ નીલકંઠના શબ્દોમાં કહીએ તો ‘લઘુભાર’ કે નિ:સત્ત્વ બનાવી દીધી નથી. જીવનને સાવ હસી કાઢવાની ક્ષુદ્ર રમત તરીકે એ જોતા જણાતા નથી. એને ગંભીરતાથી જોનાર અને સમજવા મથનાર વિચારતા માણસ એ તો છે, એમ દેખાડતી ગંભીર વિચારસામગ્રી પણ પુસ્તકમાં ઓછી નથી. નવી સરજાતી નારીની મનોદશા વિશે (જુઓ પૃ. 111-114), નવા યુગનાં પ્રેમ અને લગ્ન વિશે ગંભીરતાથી વિચારવાનું મથન કથામાં અમુક પ્રમાણમાં થયું છે. અહંકેન્દ્રિત અસ્તિત્વ વગેરે પ્રેમના સંઘર્ષે જન્મતી આ યુગે અતિ-આળા બનાવેલા જીવોની ટ્રેજડી સમજાવવા મથતું તરંગિણી–અતુલના પ્રેમપ્રકરણ નિમિત્તે નિષ્પન્ન થતું પૃ. 124-125 પર છે તેવું ચિન્તન, કે પૃ. 46–47 અને 59-61 પર છે તેવું ગંભીર જીવનચંતિન જોશો, તો એક વિચક્ષણ સંવેદનશીલ યુવાન વર્તમાન સંદર્ભમાં જીવનને પોતાની સમજમાં આવે એ રીતે અને પોતાની લાક્ષણિક રીતે જોવા, જાણવા, આકારવાનો યથાશક્તિ પ્રયત્ન હસતાં-હસતાં, વચમાં ગંભીર બનતા જઈને આવી લઘુનવલના નાનકડા પટમાં કરતો જણાશે. કથા આથી હાહાઠીઠીમાં સરી પડવાને બદલે જીવન પર ગંભીરતાભર્યાં ડોકિયાં પણ

કરાવતી સ-સાર કૃતિ, કર્તાએ લખતી વેળા સ્વીકારેલા મનોભાવો ‘(મૂડ’) અને પ્રયોજને તેને આપેલા અવકાશના પ્રમાણમાં બની છે.

કથામાં વાર્તાકારની રીતે કલાત્મક પડછાનો પ્રયોગ કરતાં લેખકને સારું આવડ્યું છે. ધૂર્જટિ-અર્વાચીનાના આત્મા એકમેકને નિત્યના સહચારના કોલ લેતા-દેતા હોય ત્યારે પૃ. 107 પર લેખકે મામિર્ક વાસ્તવદૃષ્ટિથી એક યુવાન યુગલની ચડભડનું દૃશ્ય ગોઠવી બેઉ દૃશ્યના સંનિકર્ષથી હાસ્ય નિષ્પન્ન કર્યું છે. +નાયક–નાયિકાની માતા-જોડી પણ ઠીક પડછો પૂરો પાડે છે. પણ વધુ તો ધૂર્જટિની અને અર્વાચીનાની સામે કે પડખે અતુલ-તરંગિણીની જોડી ગોઠવવામાં લેખકની કુશળતા છતી થાય છે. અર્વાચીના અને ધૂર્જટિની સગાઈ તો નક્કી થઈ, પણ તેમનું તરંગિણી-અતુલની જેવું તો નહિ થાય ને, લગ્ન જ ન થાય એવું?–એવી દહેશત મગજમાં કથાનો અંત ફરકાવી જાય એવો અનુભવ કેટલાક વાચકોને થાય તો થાય. એ દહેશત સાચી પડે તેવી ખરી કે સાવ ખોટી જ, એનો આધાર તો કથા પૂરી થયા પછી જે રીતે વાચકોના મગજમાં આગળ ચાલે તેના પર રહેવાનો. આપણા પૂરતી તો કથા, ‘વડીલો છો તોપણ વિરોધ નહિ કરો?’ અને ‘વડીલોના વિરોધ વિના તો લગ્ન કરવાનો જ શો અર્થ?’ જેવાં વાક્યો દ્વારા અને પ્ર. 22ની ઘટનાથી સરજાતા વ્યાજવીરના પ્રકારના હાસ્યરસની અને નાયક-નાયિકાને મળતાં આનંદ-અભિનંદનની હવામાં આટોપાય છે.

લેખકની વાસ્તવદૃષ્ટિએ એવું જ હાસ્ય નિપજાવ્યું છે પ. 84-85 પર, બૂચસાહેબના ચંદ્રાબા પરત્વેના ભ્રમના નિરાસ દ્વારા નાયકનાયિકાના પ્રણયના એમને ‘રોમાન્સ’ જેવા લાગતા અનુભવનેય લેખકની વાસ્તવદૃષ્ટિ હસી રહેલી જોશો, પૃ. 128-129માં.

પણ દરેક માનવીને એનું પોતાનું ન્યારું વ્યક્તિત્વ પણ હોય જ છે ને? ધૂર્જટિ અને અર્વાચીના અતુલ અને તરંગિણીની જ કાર્બન-કોપી શું કરવા બને? પણ ધારો કે પાછળથી અતુલ-તરંગિણીની પ્રણયકથાનું જ પુનરાવર્તન આ કિસ્સામાં થાય તો? તો, લેખક તો પોતાના એક કવિ વ્યવસાયબંધુ(અને હવે સાહિત્યબંધુ)ના જે કાવ્યના ત્રણ શબ્દો કથાના મૂર્ધસ્થાને મૂકી પોતે તેનું શીર્ષક બનાવ્યું છે તે કાવ્યની જ ‘આતમને તોય જનમોજનમ લાગી જશે એનો રંગ’ એ પંક્તિ અથવા It is better to have loved and lost than never to have loved at all જેવી અંગ્રેજી કાવ્યપંક્તિ એ અમંગળ સંભવની સામે ધરખમ આશ્વાસન તરીકે ધરી દેવાના, અને

'કાળની કેડીએ' થઈ ગયેલા એ 'ઘડીક સંગ'ને જ જીવનનું મહામૂલું સંભારણું ગણવા ચગળવાનું કહેવાના.

એમણે કથાના રાખેલા શીર્ષક પાછળ આવું રહસ્ય હો કે ન હો, પણ વાચકોને 130 પાનાંની આ લઘુનવલ કે લાંબી વાર્તાના વાચનપ્રવાસમાં એમના વિચક્ષણ કર્તાનો જે 'ઘડીક સંગ' થશે તે તો એમને એમના પ્રેમમાં પાડી દઈ એવો વધુ સંગ માગતા કરી મૂકી એવો છે. એની તૈયારી ભાઈશ્રી દિગીશ મહેતાએ રાખવી જોઈશે. આ કૃતિ પ્રગટ કરીને તો એ ફસાયા છે. વધુ લખાવ્યા વિના સાહિત્યરસિકો એમને છોડશે નહિ. પણ એમ શું કામ? જેણે એમની પાસે આટલું લખાવ્યું તે એમનો સર્જક જીવડો જ એમને જંપી બેસવા શાનો દેવાનો? અને એમ લખતા રહેવામાં એ પોતેય વિકસતા કેમ નહિ રહે? અત્યારે આ કૃતિમાં એમની છતનો જે છાક ક્યાંક ક્યાંક દેખાય છે તેને સંયમથી નિયમી તેની પાસેથી વધુ સારું કામ લઈ શકવા જેવા સાવધ એ છે ને વધુ બનશેય તે.

એમ એમની કલમને ચાલતી રખાવે અને આથી વધુ સ્વાદિષ્ટ વાનગીઓ સાથે ગુજરાત સમક્ષ એમને ઉપસ્થિત કરાવે એવું ઉષ્માભર્યું પ્રોત્સાહક સ્વાગતરૂઢ શૈલીના સાંપ્રત કથાપુંજમાં લખાવટની તાઝગીથી ભાત પાડી ધ્યાન ખેંચતી આ કૃતિને ગુજરાતના સાહિત્યરસિકો તરફથી મળી જ રહેશે, એની મને ખાતરી છે. હું કૃતિનું અને એના કર્તાનું એવા સાહિત્યરસિકોના અદના પ્રતિનિધિ તરીકે આપણા વાર્તાના તથા નવીન લેખન(new writing)ના ક્ષેત્રમાં સહર્ષ સ્વાગત કરું છું.

અમદાવાદ

**અનંતરાય મ. રાવળ**

20-10-'62

# આભાર

આ વાર્તામાંની રમૂજ કોઈને જરા પરદેશી લાગશે, એની શૈલી કોઈક જગ્યાએ લઢણવાળી, એનું અનુભવક્ષેત્ર વધુ પડતું વિશિષ્ટ.

...અને છતાં આપણા સાહિત્યના સંદર્ભમાં સાચવી રાખવા જેવું એકાદ તત્ત્વ એમાંથી મળી જ રહેશે, એ આશાએ એને આગળ કરી છે. જોઈએ.

કોઈ, ગામની શાળા-લાઇબ્રેરીના ખૂણે, તો કોઈ, કોલેજના કોમન રૂમની ખુરશીએ, તો કોઈ શહેરની એકાદ પોતાની કરી દીધેલી હોટેલની શીળી છાયામાં—એમ વિધવિધ રીતે, નવું સાહિત્ય આલેખતા મારા જેવા મારા અનેક મિત્રોને એટલું કહી શકું કે : ''આપણા ઇંગ્લાંડ-અમેરિકામાં તેમ અહીં પણ લખી-વાંચીને પોતપોતાની જાતને શોધી શકાય ખરી. શરૂઆતમાં ધારતા હતા એટલું બધું નિરાશાજનક વાતાવરણ નથી?''

સર્વશ્રી અનંતરાય રાવળ, ધીરુભાઈ ઠાકર, બાલાભાઈ, નટુભાઈ રાજપરા, વળી, યશવંતભાઈ શુક્લ—આ બધાની હૂંફે જ મને આવો આશાવાદી બનાવ્યો, આવી પ્રતીતિ કરાવી, એમનાં અનન્ય સમજ-સહકાર સિવાય આ પુસ્તક તો શું, આ દિશામાં કોઈ પણ પ્રગતિ અશક્ય જ બની હોત.

છેલ્લે, 'સંસ્કૃતિ'માં મારાં પહેલાં જ લખાણોને સ્થાન આપી મને આ ક્ષેત્રે અનિવાર્ય એવો આત્મવિશ્વાસ અપાવનાર, સાથેસાથે આત્મીયતાથી વખતોવખત સર્જનની શિસ્ત સમજાવનાર મુ. ઉમાશંકરભાઈ પ્રત્યેની મારી ઊંડી માનભરી લાગણી અહીં વ્યક્ત કરું તો ઉચિત જ લેખાશે.

શ્રી શંભુભાઈ અને 'ગૂર્જર'નો આભારી છું.

7, ગુજરાત સોસાયટી, અમદાવાદ-7
તા. 21-20-’62
**દિગીશ મહેતા**

# ૧

રેલવેસ્ટેશન શહેરનું હૃદય કહેવાય. તેમાંથી જ નવું લોહી આવે અને જૂનું લોહી જાય; નવા લોકો આવે, જૂના લોકો જાય... જોકે કેટલીક વાર એવું પણ બને કે જૂનું લોહી આવે અને નવું લોહી જાય. પણ આ આવ-જા તો રેલવેસ્ટેશન જ ચાલુ રાખે!

ઠીક ત્યારે...

સ્થળ : રેલવેસ્ટેશન

સમય : સાંજનાં પાંચ

પાત્રો : મુસાફરો અને બિન-મુસાફરો, જેમાં અર્વાચીના અને તેના બાપુજી એક બાંકડા ઉપર બેઠેલાં તરી આવે છે.

ટ્રેન પ્લૅટફૉર્મ પર આવતાં જ પિતાપુત્રી ઊભાં થઈ જઈ સ્વજનની શોધમાં નીકળી પડે છે, અને એ શોધ દરમ્યાન–

'બાપુજી! પ્રોફેસર!' અર્વાચીનાનો સાદ ઊઘડી ગયો.

'અરુ! હું હેડમાસ્તર છું, પ્રોફેસર નહિ!' — બાપુજી.

'...ના, તમે નહિ... પેલા!' અર્વાચીનાએ ભીડમાં પણ આગળ ચલાવ્યું. 'પેલા... ચોપડીઓની દુકાન પાસે!'

'એ તો પોર્ટર છે!' પિતાજીએ હવે ઝીણી નજરે જોતાં કહ્યું.

'એ અમારા પ્રોફેસર છે.'

'પણ... પોર્ટર જેવું કાંઈક પહેર્યું છે ને?'

'એ તો એવું બુશ-શર્ટ પહેર્યું છે. એ જ... એ જ.'

'પણ તારાં બાને આપણે તેડવા આવ્યાં છીએ, અને તે તો દેખાતાં નથી!'

'એય એ બાજુ જ મળી જશે, બાપુજી! ચાલોને, હું અમારા પ્રોફેસર સાથે તમારી ઓળખાણ કરાવું.' અને અર્વાચીના બાપુજીને ધૂર્જટિ પાસે ખેંચી જવા લાગી. બા નથી આવ્યાં એમ માની તેમની શોધ હવે બંને જણાંએ ઢીલી મૂકી.

'કેમ, સર!' અર્વાચીના પ્રોફેસરની નજીક આવતાં જ હવામાં શબ્દો ફોડવા મંડી.

'ઓ હો હો...' પ્રોફેસર ધૂર્જટિ બોલી ઊઠ્યા. 'પ્રથમ વર્ષ વિનયન કે?' તેમણે ચોકસાઈ કરતાં પૂછ્યું.

'જી... અર્વાચીના...!' અને આ મારા બાપુજી!' ઓળખાણ આપતાં તેણે ઉમેર્યું.

'જય! જય!' ધૂર્જટિએ હાથ જોડતાં કહ્યું.

'જય! જય!' બાપુજીએ વળતો હુમલો કર્યો.

'ક્યાંથી અત્યારે સ્ટેશન ઉપર, સાહેબ!' અર્વાચીનાએ ઔપચારિક રીતે પૂછ્યું.

'તમે ક્યાંથી?' પ્રોફેસરે સામો પ્રશ્ન કર્યો. 'બહારગામ જવાનાં?'

અર્વાચીનાએ ખુલાસો કરતાં કહેવા માંડ્યું, 'અમારે તો બહારગામ નથી જવું, પણ એક સ્વજન આવવાનાં છે, તેમને તેડવા આવ્યાં છીએ. લ્યોને, કહી જ દઉં. મારાં બા આવવાનાં છે!'

'એટલે કે મારાં પત્ની આવવાનાં છે!' બાપુજીનું એ સૂત્ર હતું કે વચનેષુ કિં દરિદ્રતા?

'ઓહો... એમ? આપનાં પત્ની... એટલે કે તમારાં બા... આવવાનાં છે?' ધૂર્જટિએ બાપુજી તરફ અર્વાચીના તરફ ફરતાં ઉમેર્યું, 'મારાં પણ માતુશ્રી આવવાનાં છે. એમને લેવા જ આવ્યો છું.'

...અને એટલામાં તો અર્વાચીના અને તેના બાપુજીની નજર સહેજ દૂરથી આવતાં આધેડ વયનાં એક સન્નારી પર સ્થિર થઈ ગઈ.

'આવી ગઈ!' અર્વાચીના આનંદથી નાચી ઊઠી.

'આવ્યાં!' બૂચસાહેબે પણ ડૂબતા અવાજે હકીકતને સ્વીકારી લીધી.

બંને જણાં સામેથી આવતાં 'બા' જેવાં જણાતાં બાનુ પર ધસી ગયાં, એટલું જ નહિ, પણ એક યા બીજી રીતે તેમને ભેટી રહ્યાં. ધૂર્જટિ અજાણતાં જ આ આનંદના પૂર સામે તણાયો. આમેય તે પણ 'બા'ને જ તેડવા આવ્યો હતો ને? પોતાનાં નહિ તો...

'બા!' અર્વાચીનાએ સ્વાગતનો ઉદ્ગાર કર્યો, જેના જવાબમાં તેનાં રેલવે-શ્રમિત બાએ નવાઈ નીતરતા અવાજે તેની બાજુમં શોભતા, અને પોતાની ઉપર ઘેરાતા એવા ધૂર્જટિ તરફ ફરી પૂછ્યું,

'અરુ! આ કોણ છે?'

ધૂર્જટિના હાથમં અર્વાચીનાનાં માતુશ્રીના હાથમાંથી હેતેથી લઈ લીધેલી પેલી થેલી હજુ તો હાલતી હતી. પહેલી નજરે તો તેને એમ જ લાગેલું કે આખીય ટ્રેન માતુશ્રીથી જ ભરેલી છે અને તેમાં તેનો વાંક પણ ન હતો. બધી માતુશ્રીઓ એવી તો એકસરખી હોય છે!

'આ કોણ છે, અરુ!' બાની આંખમાંથી હજુય આ પ્રશ્ન વરસતો હતો.

ધૂર્જટિ તેની ઝડી નીચે અકળાતો હતો. 'આ છોકરી હવે ઓળખાણ આપે તો સારું...' તેને થયું, 'પણ છોકરી એટલે જ છેતરામણી. ખરે વખતે છૂટી પડે તો? સારું છે કે શેક્સપિયરે મને ચેતવ્યો છે...'

આવા ધૂર્જટિના વિચારો તેના મોં પર વર્તાતા હશે કે કેમ, પણ હવે તો કોઈ પણ પળે આ અર્વાચીનાનાં બા પોલીસ જ બોલાવશે તેવી ભીતિ તેને થઈ ગઈ અને અરુના બાપુજી ઘણો વખત, જિંદગીનો મોટો ભાગ, 'શિસ્ત અને સંયમ'ના શોરબકોર વચ્ચે જ જીવ્યા હોવાથી તેમનો ચહેરો તો...

પણ તંગદિલી વધી જાય એ પહેલાં તો અર્વાચીના વચમાં પડી, અને બોલી :

'હું ઓળખાણ કરાવું, બા?' અર્વાચીનાએ ધૂર્જટિની મૂંઝવણ જોઈ, હસવાનું હોલવી નાખવા પ્રયત્ન કરતાં કહ્યું :

'કોની?'

'આમની!'

'પણ એને... એમને તું ઓળખે છે?'

'એ અમારા પ્રોફેસરસાહેબ છે!'

'જી... એ મારું કમનસીબ છે.' પ્રોફેસરે આછું હસી, હાથ જોડતાં કહ્યું.

'એ પણ એમનાં બાને લેવા આવ્યા છે.' અર્વાચીનાએ કહ્યું.

'અરે ગાંડી! પહેલેથી કહેવું'તું ને, તો... મક્ કરજો હો, પ્રોફેસરસાહેબ! ખ્યાલ નહિ.' અર્વાચીનાનાં બાએ પરિસ્થિતિ પલટવા માંડી, 'મને બા જ કહેશો-ગણશો તો પણ વાંધો નથી.'

'એમ તો એ બહુ ઉદાર છે!' બાપુજીએ પોર્ટર સાથે પ્રવેશ કરતાં, હસતાં હસતાં સ્પષ્ટ કર્યું.

'તમે આગળ ટિકિટ લઈને જતા થાઓ!' પત્નીએ તેમનો 'ચાર્જ' સંભાળી લેતાં તેમને જણાવ્યું.

ચારેય જણાં એક જ ટૅક્સી કરી સ્ટેશન છોડી જતાં હતાં. ધૂર્જટિસાહેબ પેઢીઓનાં પાટિયાં, સિનેમાનાં પોસ્ટરો વગેરે સાહિત્ય વાંચવામાં પરોવાયા, અને ટૅક્સી વહી જતી હતી...

'પણ સર! તમારાં બાનું શું થયું?' અર્વાચીનાએ એકદમ સવાલ કર્યો.

'કેમ? શું થવાનું હતું?' ધૂર્જટિએ ચમકી જઈને પૂછ્યું.

'કેમ? તેમને લેવા તો આપ સ્ટેશને આવ્યા હતા ને?' અર્વાચીનાએ યાદ કરાવ્યું.

'અરે! હાં... મારાં બા!... તમારાં બાની ધમાલમાં મારાં બાને તો ભૂલી જ ગયો!' ધૂર્જટિએ અફસોસ અને નિખાલસતાભર્યા ચહેરે અર્વાચીના તરફ ફરીને કહ્યું. અર્વાચીનાને એ ચહેરો ગમી ગયો. 'હજુ પાછા તપાસ કરવા જવું હોય તો ટૅક્સી ઊભી...' અર્વાચીનાએ કહ્યું.

'ના... ના... રહેવા જ દોને... કદાચ આવવાની જ નહિ હોય.' પ્રોફેસરે શંકા ઉઠાવી, 'ઘેર જઈને ફરીથી કાગળ વાંચી જોઈશ.'

અને ટૅક્સી આગળ ચાલી...

*

અમદાવાદ અજબ નગરી છે. તેની રગેરગમાં ડામર વ્યાપી રહ્યો છે, જાણે આકાશને અકળાવી નાખતા મિલોના ધુમાડાનો પડઘો ન હોય! શહેરના આ ડામરવર્ણા રક્તનું પૃથક્કરણ કરતાં તેમાં બે પ્રકારના કણો નજરે પડે છે — શ્વેતકણ અને પ્રેતકણ. અલંકાર ઉતારી નાખીને જોઈએ તો — પૈસાદારો અને નાદારો.

પણ નિષ્ણાતો એક ત્રીજા તત્ત્વને શહેરના સ્વાસ્થ્ય માટે અનિવાર્ય માને છે — તે છે એક શ્વેત-પ્રેત-તત્ત્વ જેને આપણે મધ્યમ વર્ગ કહીએ છીએ.

અર્વાચીનાના પિતાજીને આ વર્ગમાં મૂકી શકાય. સ્વભાવથી પણ બૂચસાહેબ એક નિવૃત્ત હેડમાસ્તર હતા. અર્વાચીના સિવાય તેમને બીજું કોઈ સંતાન ન હોવાથી સ્વાભાવિક હતું કે તેમને અર્વાચીના બહુ જ પ્રિય હોય; અને એ પણ એટલું જ સ્વાભાવિક ગણાય કે અર્વાચીનાનાં માતુશ્રી સિવાય...

પરંતુ અહીં આ સ્વાભાવિકતાની પરંપરાને બાજુ પર મૂકીએ, જોખમી બનતી જાય છે!

એક ગુલાબની પાંદડીઓની ગહેરાઈઓમાં ઊડા ઊતરીએ તો અંધારાં આવતાં હોય તેવું લાગે...

અમદાવાદ એ પણ એવું એક ગુલાબ છે. તેની એક એક શેરી તેની એક એક પાંદડી છે અને એ પ્રત્યેક શેરીમાં સમસમી રહેલા જીવનસૌંદર્યને જોતાં પણ અંધારાં આવે... આ ગહેરી શેરીઓમાંની એકમાં અર્વાચીનાનું ઘર હતું.

અમદાવાદની શેરીઓનાં આ ઘર જોવાનાં નથી હોતાં, અનુભવવાનાં હોય છે. એમ કહેવાય છે કે તેમાં રહેતા લોકોમાંના કેટલાક તો આકાશ જેવી કોઈ ચીજ છે — એ જાણ્યા વિના જ રહી જાય છે. રેડિયો, રિક્ષાઓ અને રમખાણો-એ તેમના જીવનના ચઢતા-ઊતરતા સૂરો છે. સિનેમા એ તેમની સમાધિ છે. તેમને મન સ્વર્ગ શહેરની સારી હોટેલોથી ફક્ત એક વેંચ જેટલું જ ઊંચું છે, અને એક એક બસસ્ટૅન્ડ એક એક મંદિર જેટલું મોક્ષદાયક છે.

અર્વાચીનાનો ઉછેર આ વાતાવરણમાં થતો હતો. અહીં વસ્તી એટલી બધી ગીચ રહે છે કે માનવમનની ઊંડી ભાવનાઓને સંતાડવા જેટલી પણ જગ્યા નથી રહેતી અને તેથી તે બહાર બહેકી રહેવા જ ટેવાયેલી હોય છે. આમેય અર્વાચીના પહેલેથી જ ભાષાનો ઉપયોગ પોતાના વિચારોને છુપાવવા નહિ, પણ પ્રદર્શિત કરવામાં કરતી અને પરિણામે તેના પિતાશ્રીના આનંદ તેમજ તેમની અકળામણનો વિષય થઈ પડતી.

'અર્વાચીના!' પિતાજીએ તેને આજે સવારે સાદ પાડ્યો. તે આગળની મેડીના હીંચકા પર બેઠા હતા.

બારીની બહાર આકાશનો એક સોનેરી ભૂરો કટકો જાણે સૂકવવા મટે કોઈકે લટકાવ્યો હતો. સામેના છાપરા ઉપર થોડાંક કબૂતરો શહેરના વકીલોની મફક ખૂબ પ્રવૃત્તિમાં હોવાનો દેખાવ કરતાં આંટા માર્યા કરતાં હતાં. બાજુના એક ઘરની બારી ઉઘાડી હતી, તેમાંથી એક છોકરો બેઠેલો દેખાતો હતો. આ છોકરા આગળ તેના ટેબલ પર, તેનાં એટલે કે બીજાનાં, થોડાં હાડકાં પડેલાં દેખાતાં હતાં. છોકરો તેમને ચોપડીનાં ચિત્રો સાથે સરખાવતો હતો. અને સમજવા નીચો નમ્યો હતો. બૂચસાહેબે થોડા દિવસ સુધી તો આ છોકરાને કોઈ મેલી વિદ્યાનો ઉપાસક માન્યો હતો. 'હોય!' પણ... પાછળથી ખબર પડી કે આ છોકરો શહેરની મેડિકલ કોલેજનો વિદ્યાર્થી જ હતો.

'અર્વાચીના!' હીંચકાને એક લાક્ષણિક, લગભગ નાગરી ઠેસ મારી તેમણે ફરીથી સાદ પાડ્યો. બાજુમાં પડેલો ચાનો પ્યાલો પણ તેમને આવા આનંદમાં જોઈ ખખડી ઊઠ્યો.

'આવી, પપ્પા!' અંદરથી અવાજ આવ્યો.

અર્વાચીનાનો અવાજ બાપુજીના હીંચકાના અવાજ જેવો જ બેફિકર, લયબદ્ધ અને હૂંફાળો હતો.

'આજે સાંજે પાંચેક વાગ્યે આપણે સ્ટેશન પર જવાનું છે!' બાપુજીએ કહ્યું.

હીંચકા ઉપરથી, સામાન્ય રીતે, વહેલી સવારે, થતી આવી જાહેરાતોથી અર્વાચીના અત્યાર સુધીમાં ટેવાઈ ગઈ હતી.

'સ્ટેશને?' અર્વાચીનાએ ખાતરી કરવા પૂછ્યું, કેમ કે તેના પિતાજીને જ્યારથી થિયોસોફીનો શોખ થયો હતો ત્યારથી, કે કેમ, પણ તે ઘણી વાર એકને બદલે બીજું બોલી નાખતા.

'સ્ટેશને જવાનું છે, બાપુજી?' માટે જ આજે અર્વાચીનાએ ફરીથી પૂછી જોયું.

'હા... સ્ટેશને! કેટલી વાર કહ્યું?' બાપુજી છેડાઈ પડ્યા, 'અને તે પણ સેન્ટ્રલ સ્ટેશને! બોલ, હવે છે કાંઈ?'

આ બાજુ અર્વાચીનાના હાથમાંનો ચાનો પ્યાલો પડતાં પડતાં રહી ગયો.

'સેન્ટ્રલ સ્ટેશને, બાપુજી? એ તો મુંબઈમાં, આપણે તો અમદાવાદમાં છીએ.'

'અરે!... ઓહો! ભૂલી ગયો... અરુ! સાવ ભૂલી ગયો! આપણા અમદાવાદી સ્ટેશને... બરાબર સાંજે પાંચ વાગ્યે!'

'કોણ આવવાનું છે?'

'તારાં બા!'

'બા આવવાની છે?' અર્વાચીના આનંદમાં આવી ગઈ, 'એટલામાં? કહેતી'તીને કે આ વખતે તો મામાને ત્યાં ખૂબ રહેવાની છું! એટલામાં આવતી રહે છે? બહુ સારું થયું. હવે મને ગમશે!'

'મને લાગે છે, તેમના ભાઈએ તેમને સારી રીતે રાખ્યાં નહિ હોય.' બાપુજીએ નિદાન કર્યું.

'મને લાગે છે, મારા મામાના છોકરાઓ ગઈ વખતની જેમ તેમની સાડી ક્રિકેટ રમવા મેટ તરીકે લઈ ગયા હશે.' અર્વાચીનાએ બીજી શક્યતા સૂચવી.

'અથવા તો ત્યાંનાં પેલાં સગાંની દીકરી આંતરરાષ્ટ્રીય લગ્ન...'

'બાપુજી!' અર્વાચીનાએ દયામણા અવાજે તેમને રોકવા પ્રયત્ન કર્યો.

'પણ એવું કાંઈક બન્યું હશે. નહિ તો તારાં બા આટલી ઝડપથી પાછાં ન ફરે!'

'હં...' અર્વાચીનાના વિચારે ચડી.

'ત્યારે આજે કોલેજથી વહેલી આવજે, હોં, અરુ! સાંજે સ્ટેશને જવાનું છે, ભૂલી ન જતી!' આમ કહેતાં બાપુજીએ હીંચકા ઉપરની આ સવારની સભા બરખાસ્ત કરી, અને તે દિવસે સાંજે... એ લોકો પ્રોફેસર ધૂર્જટિને સ્ટેશન પર મળી ગયાં.

*

'પરણેલો છે?' બાએ ટેક્સીમાંથી ઊતરી, સામાન સાથે, ઘરમાં પ્રવેશતાં જ અર્વાચીનાને પૂછ્યું.

'કોણ? ટેક્સીવાળો?' અર્વાચીનાએ દેખીતા આશ્ચર્ય સાથે પૂછ્યું.

'એને ત્યાં મોટર-બોટર છે?' બાએ મોટી આંખો કરી પૂછ્યું.

'કોને ત્યાં?'

'પેલા પ્રોફેસરને ત્યાં.'

'ઓહો! એની વાત કરો છો... મને શી ખબર, બા!'

'ન પરણ્યો હોય તો પરણી જવું જોઈએ.' બાપુજીની રમૂજવૃત્તિએ મા-દીકરીની વાતમાં ટેક્સીમાંથી તાજી જ ઉતારેલી ટ્રંક સાથે ઝંપલાવ્યું.

અર્વાચીનાએ અને બાએ બાપુજીની આ રમૂજ રસભેર ઝીલી લીધી. બાથી બાપુજી તરફ, અને બાપુજીથી બા તરફ આમતેમ ફર્યા કરતો અર્વાચીનાનો ચમકતો ચહેરો આમતેમ ફરતા રહેતા ટેબલફૅનના ચંદા જેવો તાપશામક લાગતો.

બાકી આગળ જોઈશું તેમ આવા સવાલો ઉઠાવવામાં તો બાજુના એક આનંદ નામના છોકરાએ બાને ક્યાંય પાછળ મૂકી દીધાં.

પપ્પા આ દરમ્યાન સામાનને ઓગાળી નાખવા ઘરના અગમ્ય ખૂણાઓમાં ખોવાઈ ગયા હતા. પોતાની રોજની બારી પાસેની ખુરશીમાં ગોઠવાતાં માતુશ્રીએ અર્વાચીનાને પ્રશ્ન કર્યો.

'તારા બાપુજીએ શું ધાર્યું છે?'

'કેમ?'

'આવી છું ત્યારની જોઉં છું કે એ કાંઈક ખૂબ રંગમાં લાગે છે!' અને હવે બાનો અવાજ વધુ ભારે બની રહ્યો, 'અને આ તેમના ટેબલ ઉપર કઈ મડમનો ફોટો રાખ્યો છે?'

'ઓ... હો!' અર્વાચીના ખડખડાટ હસી પડી. 'એ મડમ નથી, બા! એ તો એની બિસન્ટ છે!'

'એમ? એની શી જરૂર?' બાના અવાજમાં અમળાટ હતો.

'એ તો એક ધાર્મિક પંથનાં બાનુ છે, બા!' અર્વાચીનાના એની ઉમ્મરને છાજે તેવા રહસ્યમય અવાજે બોલી.

'પણ કોઈ જુએ તો શું કહે?' આ ઉમ્મરે આ તોફાન? તારા બાપુજી આ ઠીક કરે છે?' બાને આ બધું ગળે નહોતું ઊતરતું.

'આપણે એમને સમજાવશું કે આ ફોટો લઈ લે!' અર્વાચીનાએ સાન્ત્વન આપ્યું.

'તારી કોલેજનું કેમ ચાલે છે?'

'બહુ મજાનું, બા!'

'તે આ એની બિસન્ટનો ફોટો કેમ રાખ્યો હશે?' ફરી પાછો બાને વિચાર આવ્યો.

'મેં તમને કીધું ને, બા! કે એ એક ધાર્મિક પંથના ગુરુ જેવાં છે?' અર્વાચીનાએ ફરી સમજાવવા માંડ્યું.

'આ બધા અધ્યાત્મના અનુભવના પ્રદેશો છે, બા! આપણા દરેકના આત્મામાં તર્ક અને શ્રદ્ધા, વિજ્ઞાન અને વેદાંત વચ્ચે ઘર્ષણ ચાલી રહ્યું છે, અને આથી, આવી અથડામણોથી, અકળાયેલું માનવમન શાન્તિને શોધે છે, જે શાન્તિ તેનાં આવાં કેન્દ્રોમાંથી મળી રહે છે...'

અર્વાચીના બહુ બોલત, પણ બાએ તેને રોકી.

'ગુજરાતીમાં બોલ ને, અરુ! કોલેજમાં જઈ તારી ભાષા ભૂલી ગઈ તું તો. ટૂંકામાં, તારા બાપુજીને અમારા વિના અણગમો આવ્યો અને તેમણે આ એની બિસન્ટનો આશરો લીધો. હું તો એટલું સમજું!'

અને એમ કહેતાં કહેતાં એ ખુરશીમાંથી ઊભાં થયાં, અને ચર્ચા સમેટાઈ ગઈ.

રાત પડતી હતી. દિવસનું અંધારું રાતના વીજળીના અજવાળા આગળ ઓસરતું ગયું. મિલો, ઓફિસો, દુકાનો, દવાખાનાંઓ—બધેથી લોકો પાછા ફરી પોતપોતાના

'ઘર'ની નાનકડી અને નિર્મિત દુનિયામાં સમાઈ જતા હતા, અને એ ઘરોમાં ફરી પાછા પોતાનાં સ્વજનો સાથે ઉમળકા અથવા અણગમાના યંત્રવત્ સંબંધો શરૂ કરતા હતા.

ઊંઘમાં ધીમે ધીમે સરી જતું મન જેમ એક પછી એક જાગ્રત જગતના સંબંધો ખોતું જાય, તેમ ધીમે ધીમે એક પછી એક વાહનો, હોટેલો, અને છેવટે વાતચીતના અવાજો પણ આછા થઈ ગયા, અને અમદાવાદ સૂઈ ગયું.

...સાથે અર્વાચીના અને તેનું કુટુંબ પણ...

# ૨

અર્વાચીનાને કોલેજમાં જોડાયે બે-અઢી મહિના થઈ ગયા હતા. પહેલું સત્ર પૂરું થવા આવ્યું હતું. વિદ્યાર્થીઓ ગંભીર અને ઉદાસીન બની ગયાં હતાં. આ તરંગને કોઈ દેખીતું કારણ નથી હોતું, પણ પહેલી આનંદની ભરતીનો આ એક અનિવાર્ય પ્રત્યાઘાત હોય છે. એસ. એસ. સી.નું પરિણામ ફતેહ... અને કોલેજનાં પ્રથમ ચાર-પાંચ અઠવાડિયાં એટલે એક દિવાસ્વપ્ન. આ અવસ્થામાંથી પસાર થતા વિદ્યાર્થીને સહૃદયતાથી જોનાર માણસના મનમાં આનંદ, ક્ષોભ, સહાનુભૂતિ, અને તેથી પણ વધુ—એક અવ્યક્ત કરુણા જરૂર જાગે છે; કેમ કે એ જેને જુએ છે તે એક વિદ્યાર્થી નથી, એક છોકરો કે એક છોકરી નથી, પણ જોનાર માટે ઝાંખી થતી જિંદગીનો એક જોરદાર ઝબકારો હોય છે. આ વિદ્યાર્થીની મોહિની એ હોય છે કે તે 'કારકિર્દી', 'કવિતા', 'સત્ય', 'સૌંદર્ય' એ બધાં નામોને ખરાં માને છે. તે કુંવારો છે—તેનું મન કુંવારું છે...

આ તંદ્રા પહેલાં ચાર-પાંચ અઠવાડિયાં ચાલે છે. પછી અનેક સ્વરૂપે આવે છે જાગૃતિ. એક છેતરામણી થયાના ક્ષોભની છાયા વર્ગ પર છવાઈ રહે છે, અને અહીંથી કેટલાંક વિદ્યાર્થીઓ માનસિક રીતે ટોળામાંથી જુદાં પડી, પોતપોતાની સ્વયંકેન્દ્રિત દુનિયાઓમાં ખોવાઈ જાય છે, જ્યારે બાકીનાં પોતાને અનુકૂળ રીતે ટોળાના સમાન્ય જીવનને વળગી રહી અંદર વધતી જતી શૂન્યતા શમાવી દે છે, પણ તેય થોડા વખત માટે.

અર્વાચીનાની વિલક્ષણતા એ હતી કે તે આવી શૂન્યતાની પળો બહુ ઓછી અનુભવતી. રોજિંદી જિંદગીના નાના નાના બનાવો તેના કેલિડોસ્કોપ જેવા, કેન્દ્રમાં પડેલા રંગીન કાચના કટકાઓના શતગુણ પડઘા જગવતા દૂરબીન જેવા, મનને નાજુક

આઘાત આપી આપી, જુદી જુદી રંગરચનાઓમાં પલટાવ્યે જતા હતા, અને આમાંનો એક બનાવ...

ચંદ્રને ફ્રોક પહેરાવ્યું હોય તો છોકરી જેવો લાગે. એ અત્યારે બી.એ.ના બીજા વર્ષમાં હતો. પોતાને ગામડેથી પહેલે વર્ષે આવ્યો ત્યારે તેનું નામ ચંદનલાલ હતું. બીજે વર્ષે તે બદલી નાખી 'ચંદ્ર' રાખ્યું. એવું ચોક્કસપણે એનું માનવું હતું કે જો ગાંધીજીનું નામ મોહનદાસને બદલે છેવટે કાંઈ નહિ તો 'મનમોહનદાસ' હોત તોપણ તે આટલા બધા નિષ્ફળ ન જાત!

આ ચંદ્રના મનનો એક ખૂણો કાંઈક અંશે ટૅક્સી-સ્ટૅન્ડ જેવો હતો. કોઈ ને કોઈ છોકરીની માનસિક પ્રતિમા ત્યાં પડી જ રહેતી. એક દિવસ અર્વાચીનાનો વારો આવ્યો.

ચંદ્ર લાઇબ્રેરીની દુનિયા વિશે તદ્દન અજ્ઞાન હતો. તેણે પોતાની લાંબી એવી કારકિર્દીમાં કદી પણ તેમાં પગ દીધો નહોતો, પણ આજે અર્વાચીનાને તે મકાનમાં જતી જોઈને તે પણ પહોંચી ગયો.

'આ પુસ્તક તમે ક્યારે પાછું આપશો, બહેન?' તેણે અર્વાચીનાએ હાથમાં લીધેલ પુસ્તક વિશે તેને બારોબાર પૂછ્યું.

'શું કહ્યું?' અર્વાચીનાએ એ પુસ્તકનાં પાનાં ઉથલાવતાં પૂછ્યું. તેના અવાજમાંના અણગમાને ઓળંગીને ચંદ્રે આગળ ચલાવ્યું.

'આ પુસ્તક મરે પણ જોઈએ છે!'

'તમારે લાયક જ છે!' કહી અર્વાચીનાએ ચંદ્રના હાથમાં મૂક્યું. જોયું તો...

'અજાયબ દુનિયામાં એલિસ!'

જિતેન્દ્ર બી.એ.ના પહેલા વર્ષનો વિદ્યાર્થી હતો. નાનપણથી જ દરેક પરીક્ષામાં પ્રથમ આવવાની જવાબદારી તેને માથે જ છે તેમ તે માનતો, અને અત્યાર સુધી તેણે તે બરોબર અદા કરી હતી... અને આ તેને માટે એટલું બધું કુદરતી હતું કે કોઈ તેને અભિનંદન આપતું તો તેને નવાઈ લાગતી.

અનિવાર્ય રીતે જ અંદરથી તે કવિ હતો. અર્વાચીનાને જોયા પછીના પહેલે અઠવાડિયે પાંચ, બીજે અઠવાડિયે દસ, અને ત્રીજે અઠવાડિયે પંદર — એ ઝડપથી તેના ઉપર તેણે ખાનગીમાં કવિતાની પંક્તિઓ લખવા માંડી હતી. પણ કોઈ પણ છોકરી ઉપર જાહેરમાં આંખ ઉગામવાની હામ તેનામાં નહોતી, અને છતાં એક દિવસ તે કોલેજના દરવાજા ઉપર ઊભો હતો ત્યારે...

‘જિતેનભાઈ તમે જ ને?’ અર્વાચીનાએ અચાનક તેને પૂછ્યું.

‘હા...’ કહેતાં કહેતાં તો જિતેનભાઈનું મોં બાજુના કેનાના ફૂલ જેવું લાલ થઈ ગયું, અને હ્દય જોરથી ધબકવા માંડ્યું. તેમને ડૂમો ભરાઈ આવ્યો.

‘મને દોરવણી આપશો ને?’ અર્વાચીનાએ તેમને પૂછ્યું.

‘જરૂર... જરૂર.’ જિતેનભાઈએ જવાબ આપ્યો.

‘ક્યારે?’

‘કાલે.’ કહીને જિતેનભાઈ ‘કામ છે, માફ કરજો, કામ છે.’ કરતા કરતા જતા રહ્યા. શાની દોરવણી, કેમ, ક્યારે, કેવી રીતે–તે બધું પૂછવું જ ભૂલી ગયા. ઘેર આવી ચશ્મા લૂછી નાખ્યાં.

રમેશ નામના એક છોકરાએ અર્વાચીનાની પડી ગયેલી ચોપડીઓ ભેગી કરી આપી, તો મૂકેશ નામના એક બીજા વિદ્યાર્થીએ તેને લિફ્ટ આપવાની લાલચે પોતાને ઘેર જવાનો રસ્તો બદલી નાખ્યો. છોકરાઓમાં વાત થતી હતી તે સાચી હોય કે ખોટી, પણ વિમલ નામના એક ત્રીજા નબીરાએ તો અર્વાચીનાની પડોશમાં રહેવા જવા માટે પોતાનું ઘર જ બદલી નાખ્યું!

અર્વાચીનાના આવા જાદુથી પ્રોફેસરો અલિપ્ત ન રહ્યા. નવા જોડાયેલા યુવાન અધ્યાપકો તો તેને જ ઉદ્દેશીને પોતાનાં વ્યાખ્યાનો આપતા; જ્યારે જૂના વિદ્યાવૃદ્ધ પ્રાધ્યાપકો પણ પોતાની પાનખર ભૂલી જઈ ક્ષણભર વસંતમાં વસી રહ્યા.

*

બારણામાં ઊભેલી આ વ્યક્તિને એક ‘પરોણો’ કહેવાય કે ‘પ્રક્રિયા’ તે પ્રોફેસર ધૂર્જટિ માટે એક પ્રશ્ન હતો. શી ખબર કેમ, પણ તેમની સન્મુખ ઊભેલા આ શ્રી ભરતરામ પહેલી જ નજરે હમેશાં પોતે એક ‘પૅસેન્જર’ હોવાનો ખ્યાલ આપી જતા.

શ્રી ભરતરામ અમદાવાદના આધેડ વયના એક વિચક્ષણ વેપારી હતા.

‘આપ જ પ્રોફેસર ધૂર્જટિપ્રસાદ કે?’ તેમણે પૂછ્યું.

‘જી... જી હા!’ જાણે આ બાબત વિશે કાંઈક શક હોય તે રીતે પ્રો ધૂર્જટિએ જરા કચવાતે મને ‘હા’ કહી.

‘હું શ્રી ભરતરામ!’ સામેથી અત્યંત ભારપૂર્વક જાહેરાત થઈ.

ધૂર્જટિ સમજી ગયો કે આ બાબતમાં દલીલ કરવી નકામી છે, એટલે... 'ઘણં જ મજાનું,' એટલું જ એ બોલ્યો.

આમ જ સમી સાંજની આફતનું 'ભરતરામપણું' માન્ય રાખી, તેને અંદર આવવાનું એણે આમંત્રણ આપ્યું. શ્રી ભરતરામ જ્યારે ધૂર્જટિની સામેની નેતરની ખુરશીમાં ગોઠવાયા ત્યારે ખુરશી કકળી ઊઠી.

પ્રો. ધૂર્જટિ સાબરમતીની પેલે પાર આવેલી પેલી ઊમિર્કાવ્યો જેવી સુંદર સોસાયટીઓમાંની એકમાં રહેતા હતા. પોતાના નિવાસસ્થાનને તે જુદી જુદી રીતે ઓળખાવતા — કોઈ વાર ઘર તો કોઈ વાર ફ્લૅટ, કોઈ વાર બંગલો તો કોઈ વાર રૂમ. જ્યારે બહુ આનંદમાં હોય ત્યારે તેને 'ભવન' તરીકે નવાજતા. તેની આ 'ગુફા' માટેનું પ્રોફેસરનું માન પરાકાષ્ઠા પર તો ત્યારે પહોંચતું, જ્યારે તે પોતાના મિત્રોને 'મેઘદૂત'ના યક્ષની માફક 'મારું મકાન દૂરથી ચારુણા એરિયલેન લક્ષ્ય છે' એમ એંધાણી આપતા. અલબત્ત, તેમની આ રમૂજનો ઉપયોગ જ્યારે તેમના અશિક્ષક, અરસિક મિત્રો ઉપર કરાતો ત્યારે બંને પક્ષે આઘાત અનુભવવો પડતો.

ધૂર્જટિ અમદાવાદની જે કોલેજમાં કામ કરતો હતો તેને અમદાવાદની બધી કોલેજોની જેમ 'સાર્વજનિક કોલેજ' તરીકે ઓળખીશું તો ચાલશે, અને આમ તો એ નામ તે કોલેજે મન, વચન અને કર્મથી સ્વીકારી લીધું હતું. કહે છે કે આજથી એક-બે વર્ષ પર તે આ કોલેજના મકાનમાં ભૂલથી જ આવી ચડેલો, અને તેમાંથી બહાર નીકળવાનો રસ્તો ન જડવાથી તેમાં જ પ્રોફેસર તરીકે જોડાઈ ગયેલો. તેનાં વિદ્યાર્થીઓનો એવો આક્ષેપ હતો કે 'પ્રો. ધૂર્જટિ સાહિત્ય શીખવે છે.' ધૂર્જટિને પોતાને જોકે શ્રદ્ધા હતી કે સમય કે જેણે અનેક ઘા રુઝાવી નાખ્યા છે તે તેના વિષયનું જ્ઞાન પણ છેવટે રુઝાવી નાખશે.

...અને પ્રોફેસર ધૂર્જટિ વિદ્યાર્થીઓમાં માનભર્યા કુતૂહલના ભાવો જગાવી જતો. ચમકતાં ચશ્માં, ગુલાબી ચહેરો, આછા સરખા વાળ, સપ્રમાણ દેહ, જ્ઞાનગંભીર ઉઠાવ... વિદ્યાર્થીઓને સુરક્ષિત અંતરે રાખવા માટે આટલું પૂરતું હતું. વળી ધૂર્જટિની વય પણ સામાન્ય રીતે બુદ્ધિજીવીઓની હોય છે તેવી 'પંદરથી પચાસ' જેવી અચોક્કસ નહોતી લાગતી. તેની પચીસની આસપાસની અવસ્થા છતી થઈ જતી હતી અને ધૂર્જટિ તેની એકડીથી એમ.એ. સુધીની પ્રથમ વર્ગની કારકિર્દી માટે પણ નામચીન હતો. આમ પ્રો. ધૂર્જટિ કોલેજમાં ધ્યાન ખેંચતો હતો.

સત્રની શરૂઆત હોવાથી હજુ પ્રોફેસરસાહેબે ગૃહવ્યવસ્થાને રજાઓના રંગમાં જ રાખી હતી. અહીંનું ફર્નિચર સાહેબના મનના ફર્નિચર જેટલું જ અભિજાત હતું. આવનાર ઉપર અચાનક તૂટી પડવા સંતાઈને ઊભું હોય તેવું પુસ્તકોનું કબાટ, 'હમણાં બોલી ઊઠીશ' તેવી જાણે કે ધમકી આપતો હોય તેવો પ્રવેશતાં જ સામે દેખાતો રેડિયો, વાઘના ઉઘાડેલા મોંની માફક બેસવા બોલાવતો એક રક્તવર્ણો સોફા, ભૂલા પડેલા ભૂલકા જેવું એક મેજ અને અરબી ઘોડાના ઉઠાવવાળી લીલા રંગની નેતરની બે ખુરશીઓ.

શ્રી ભરતરામ આ બેમાંની એક નેતરની ખુરશીમાં બેઠા એટલે પ્રોફેસરે પોતાનાં ચશ્માં આ ચમત્કાર ઉપર ગોઠવ્યાં.

*

'બોલો, કેમ આવવું થયું?' ધૂર્જટિએ પૂછ્યું.

'મને મનહરે મોકલ્યો.' ભરતરામે ખુલાસો કર્યો.

'મનહર?' ધૂર્જટિ માટે મનહરનું તો શું, પણ કોઈ પણ વિદ્યાર્થીનું નામ નવું હતું.

'કોણ? પેલા ઊંચા, દૂબળા, ચશ્માંવાળા...' ધૂર્જટિએ તેનું વર્ણન કઢાવવા શેરલોક હોમ્સની રીત અજમાવી, અને તે સફળ થઈ.

'ના... ના... મારો મનહર દૂબળો-પાતળો કેવો વળી? એ તો આવડો હતો ને, ત્યારથી મજબૂત બાંધાનો...' શ્રી ભરતરામ ભભૂકી ઊઠ્યા : '...અને ચશ્માં શેનાં? શીર્ષાસન કરે છે!'

'આપનો જ પુત્ર કે?' પ્રોફેસરે બીજો રસ્તો લીધો.

'હા.' ભરતરામના અવાજમાં આત્મવિશ્વાસ હતો.

'કયા વર્ગમાં ભણે છે?'

'મને ખબર નથી.' પિતાજીને આ પ્રશ્ન અસ્થાને લાગ્યો.

'આપને કેમ તકલીફ આપી?'

'માફી માગવા!' શ્રી ભરતરામે ધમકીભર્યા અવાજે કહ્યું.

પ્રોફેસરે બારી બહાર જોયું. તેમને અત્યંત દુઃખ થયું... માફી માગવા? બહાર આસોપાલવનાં એકબે પાંદડાં પણ હાલી ઊઠ્યાં. આકાશ શરમાઈ ગયું... માફી માગવા?

'કેમ? શાની માફી?' તેમણે ખેદયુક્ત સ્વરે આ મનહર-પિતાને પૂછ્યું.

'તે કહે છે, તેણે એક બહુ મોટો ગુનો કર્યો છે!'

'કયો?'

'વર્ગમાં ફટાકડો ફોડવાનો.' દેખીતી રીતે જ ભરતરામને આ કાંઈ ગંભીર નહોતું લાગતું.

'ઓ... હો...!' ધૂર્જટિને ધડાકો યાદ આવ્યો.

'આપ માફી આપો છો?' ભરતરામે ઉઘરાણી કરી.

'પણ...' — પ્રોફેસર.

'એ તો મેં પણ મનહરને કીધું કે ન આપે તો તારું શું જાય? પણ કહે કે મારું અંતઃકરણ ડંખે છે!' ભરતરામે ફરિયાદ કરી, પ્રોફેસરને ફોડી નાખવા પ્રયત્ન કર્યો.

'હું તો મનહરને માફ કરી દઉં છું...' ધૂર્જટિએ જાહેર કર્યું.

'પત્યું ત્યારે!' કહી ભરતરામ તરત ઊભા થઈ ગયા અને પ્રોફેસર તેમની દ્વારા આ મનહરને બે શબ્દો કહેવરાવે તે પહેલાં તો 'જઉં છું' કહેતા એ અદશ્ય થઈ ગયા. અનેરા અમદાવાદે એમને જોતજોતામાં સમાવી લીધા.

બહાર સાંજ ઘેરી બનતી જતી હતી. વરસાદને હજુ વાર હતી, પણ આકાશ છેક જ મનહરના મગજ જેટલું કોરું હતું તેમ ન કહી શકાય. એકબે વાદળાં તો શરમ મૂકીને કાળાં જ થઈ ગયાં હતાં. તેમનાથી કંટાળીને આથમતો સૂર્ય બીજાં બેચાર ઉપર રંગ ચઢાવવા પ્રયત્ન કરી રહ્યો હતો. તેય હવે થાક્યો હતો.

'આ મનહરે માફી ન માગી હોત તો? પણ તેણે જ ફટાકડો ફોડ્યો છે તેની ખબર પણ શી રીતે પડત?' પ્રોફેસર જરા ગૂંચવણમાં પડ્યા. 'મનહરને અંતઃકરણ!?' પ્રોફેસર સમજી ન શક્યા. 'આ પરિવર્તન?...' આ પાંચપચીસ આશ્ચર્યચિહ્નો તેમના ગુલાબી ચહેરા ઉપર ચમકી રહ્યાં. હજુ હમણાં તો તે કોલેજમાંથી વિદ્યાર્થીઓમાં પ્રવર્તતી ગેરશિસ્ત ઉપર ઝનૂની ચર્ચા કરી ચાલ્યો આવે છે, અને ત્યાં આ મનહરે આમ બીજો ફટાડકો કેમ ફોડ્યો? ધૂર્જટિની આ અકળામણ હતી...

પ્રોફેસરે બાગમાં એક લટાર લગાવી આવવા નક્કી કર્યું...

ચમનમાંથી ગુજરનાર હરકોઈ આદમીને એ ખબર હશે કે પરદેશમાં સ્ત્રીઓને સન્માનવા જેમ 'હૅટ' ઉતારવાની હોય તેમ બાગમાં ફૂલોને સન્માનવા માથા પરનું દુઃખ ઉતારીને જ તેમની પાસે જવાનું હોય. પ્રો. ધૂર્જટિ આ નિયમ અક્ષરશઃ પાળતા, તેથી જ આજે સાંજે બાગના પ્રવેશદ્વાર આગળ જ ગોઠવાયેલા પેલા 'પેન્સી'ના ગુચ્છને જોઈને

તરત જ તેમણે તેમનું વધુમાં વધુ ખુશનુમા સ્મિત પહેરી લીધું. 'ગુડ ઇવનંગિ, પેન્સી!' તેમણે ધીમેથી કહ્યું.

ત્યાં તો…

'ગુડ ઇવનંગિ, સર!'

…પાંચ પડછંદ અવાજો પ્રોફેસરના કાનમાં પડઘા પાડી રહ્યા.

પ્રો. ધૂર્જટિએ જોયું, તો પોતાની કોલેજના પાંચ ચુનંદાઓ, આદરથી હાથ ઊંચો કરી તેમની પાસેથી પસાર થતા હતા.

આવું સન્માન આ વિદ્યાર્થીઓ પાસેથી ધૂર્જટિએ સ્વપ્નેય નહોતું કલ્પ્યું. સોક્રેટીસ એમ કહેતો કે જેમ ગાયને એક ઘાસના પૂળાના આધારે, તેમ સોક્રેટીસને પોતાને પણ એક ખુલ્લી ચોપડીના આધારે — તેની લાલચે, તમે દુનિયાના છેડા સુધી દોરી જઈ શકો. આ પાંચ વિદ્યાર્થીઓ માટે ધૂર્જટીને પણ એક વાર એવો વિચાર આવેલો કે કોલેજની કોઈ પણ છોકરી પોતાના પૂછડાને આધારે આ પાંચેય જણાને કાંકરિયાની પાળ સુધી તો શું, તેની અંદર પણ સહેલાઈથી દોરી જઈ શકે!

…અને આ પાંચ વિદ્યાર્થીઓ પાસેથી આવું માન? આ આદર?

બગીચાની લોનના એક-એક તણખલા માટે એક-એક તારો આકાશમાં ઊગી રહ્યો ત્યાં સુધી પ્રો. ધૂર્જટિ આ પ્રશ્ન જ વિચારી રહ્યા!

*

# ૩

અર્વાચીનાએ કોલેજના પ્રથમ વર્ષના વર્ગમાં જ્યારે જગ્યા લીધી, ત્યારે તેની પાસે એક જ મૂડી હતી — તેની બે માંજરી આંખો. તેની સામે જોનાર તેની આ બે આંખોમાં એટલો બધો અટવાઈ જતો કે પછી અર્વાચીનાને બાકીનો ચહેરો છે કે કેમ તે જોવું ભૂલી જતો. સત્રના પહેલા અઠવાડિયામાં જ અર્વાચીનાને આ બાબતની સંખ્યાબંધ સાબિતીઓ મળી ગયેલી. અનેક આંખોથી પળોટાઈ ગયેલા પેલા કારકુને પણ તેને કોલેજના પ્રવેશપત્રને બદલે, અલબત્ત, બેધ્યાનપણે, પોતાનો હાથ આપવા માંડેલો, અને દરેક પ્રાધ્યાપક તેને પહેલી જ વાર વર્ગમાં જોતાં જ એવો ઠરી જતો કે તેનું વ્યાખ્યાન થોડો વખત થંભી જતું. અર્વાચીના આ બનાવને, ‘અધ્યાપકની અક્કલના અવસાન બદલ બે મિનિટ મૌન’ એમ કહી હસી કાઢતી.

ગમે તેમ, પણ અર્વાચીનાના સૌંદર્યપ્રયોગો તેના કોલેજમાં પ્રવેશની સાથે જ શરૂ થયા.

સાબરમતી આશ્રમ એ અમદાવાદનું તીર્થસ્થાન કહેવાય છે. ગાંધીજીના સત્યના પ્રયોગો સાથે તેનું નામ સંકળાયેલું છે. અર્વાચીનાના સૌંદર્યપ્રયોગો પણ અમદાવાદમાં જ થાય છે અને તેનું કેન્દ્ર છે પ્રો. ધૂર્જટિ જેવા જેમાં પ્રાધ્યાપક છે તેવી જ સાર્વજનિક કોલેજ. આ કોલેજ પણ અમદાવાદના મધ્યમાં છે. દેખીતું જ છે કે સત્ય અમદાવાદથી સાતેક માઈલ દૂર છે, જ્યારે સૌંદર્ય તેના કેન્દ્રમાં છે — અલબત્ત, મિલના ધુમાડા જેવું ઘેરું અને ગર્ભશ્રીમંત સૌંદર્ય! અર્વાચીનાનું સૌંદર્ય આવું હતું.

અર્વાચીનાની આંખો નોંધમાત્ર લે તે માટે સંખ્યાબંધ વિદ્યાર્થીઓએ ઊઘડતી કોલેજે

અનેક રીતે શ્રમ ઉઠાવવા માંડેલો. તેનો પ્રશંસકવર્ગ વિશાળ હતો, અને આ પ્રચંડ પ્રશંસકવર્ગની પહેલી સમસ્યા હતી–અર્વાચીનાનું સરનામું.

કોલેજના આબાલવૃદ્ધ વિદ્યાર્થીઓએ તે પામવા અવનવા પ્રયોગો યોજેલા, પણ અર્વાચીનાના આવાસ પરનો અંચળો જેમનો તેમ રહેલો. વિનયનનો એક વિદ્યાર્થી તો એક વાર અસાધારણ હંમિત કરીને અર્વાચીનાની પાછળપાછળ લગભગ તેના ઘર સુધી પહોંચી ગયેલો.

પણ તેના પોતાના જ શબ્દોમાં કહીએ તો...

'એટલામાં તો અર્વાચીનાએ પાછું ફરી મારી સામે જોયું, અને ભાનમાં આવી મેં પૂછ્યું, તો હું મારી રૂમમાં જ હતો !!!'

ત્યારે શું અર્વાચીના, ફિલસૂફીનો વિદ્યાર્થી માનતો હતો તેમ, કોઈ એક અપ્સરાનો સરનામા વિનાનો સૂક્ષ્મ દેહ હતી કે ખરેખર પાર્થિવ, પ્રથમ વર્ષમાં ભણતી, જીવતીજાગતી, ઠામઠેકાણાવાળી છોકરી હતી? કહેવું મુશ્કેલ હતું. પણ પોતાની પાંપણના પલકારાના પણ પ્રત્યાઘાતો પડે છે, તેમ તો અર્વાચીનાને પોતાનેય લાગવા માંડ્યું હતું... અને પરિણામે તે એક એક પલકારા ઉપર ધ્યાન આપવા લાગી.

પહેલા સત્રના બીજા અઠવાડિયામાં જ અર્વાચીનાએ પોતાની એક સહાધ્યાયિનીને ઊંચે અવાજે કહેલું : 'મને વિદ્યાર્થીઓની આ ગેરશિસ્ત જરા પણ પસંદ નથી. આ ફટાકડા ફોડનાર વિદ્યાર્થીએ પ્રોફેસરની માફી માગવી જોઈએ!'

...અને પ્રો. ધૂર્જટિને વિચારોમાં ખોઈ નાખતા પેલા મનહરના આંતરપરિવર્તનના મોજાની શરૂઆત અહીંથી જ થયેલી તેવો તો ખ્યાલ પણ ક્યાંથી આવે?

આજે બીજે દિવસેય પ્રોફેસર જ્યારે કોલેજના પોર્ચમાં પ્રવેશ્યા ત્યારે તેમના મનમાં તો એ જ વિચાર ઘોળાતો હતો...

'મનહરે માફી કેમ માગી? વાચન? મનન? ચંતિન? અનુકરણ?'

*

'ભવભૂતિ!' પ્રોફેસરસાહેબે પોતાની કૅબિનમાં પ્રવેશતાં પટાવાળાને સાદ પાડ્યો.

'જી!' સાહેબથી ગમે તે વખતે ગમે તે નામે સંબોધવા ટેવાયેલો પટાવાળો સાક્ષાત્ થયો.

પટાવાળાની પાર્શ્વભૂ વિશિષ્ટ પ્રકારની હતી. તેનું મૂળ નામ હતું–શંભુ. અમદાવાદની

બાજુના જ કોઈ ગામના એક બહુશ્રુત બ્રાહ્મણનો એ દીકરો. હાઈસ્કૂલમાં ચાર-પાંચ ચોપડી સુધી પહોંચી આવેલો અને ચાલુ સમયના ચોપાનિયાનો તે શોખીન. ધૂર્જટિ જ્યારે આ શંભુમાં ભારતની લોકશાહીનું ભવિષ્ય જોતો ત્યારે તે શંભુને પોતાની ખુરશીમાં બેસવાનું કહેતો, પણ શંભુ રાજકીય બાબતોમાં અસામ્યવાદી હોવાથી એ બહુમાન સ્વીકારતો નહિ.

‘શું લાગે છે?’ પ્રોફેસરે રોજની માફક આજે પણ શંભુ ઉપર આ પ્રશ્ન ફેંક્યો.

‘પ્રત્યેક સામાજિક ક્રાન્તિની પ્રક્રિયામાં આધ્યાત્મિક પ્રેરણા અનિવાર્ય છે, અને સાધનશુદ્ધિ...’ પટાવાળો મોકળે મને બોલવા મંડ્યો. તેના હાથમાં સર્વોદયનું સાહિત્ય આવી પડ્યું હતું, હમણાં હમણાં.

‘મને માફ કરજે, વિનોબા!’ ધૂર્જટિએ કહ્યું : ‘પણ તું પૂરું કરે ત્યારે મને જરૂર જગાડતો જજે.’ ...અને એટલું કહી પ્રોફેસર ધૂર્જટિ સહસા તેમની ખુરશીમાં બેસતાવેંત સૂઈ ગયા... કૅબિન પર ફરીથી જ્ઞાનનાં ઘારણ ચડ્યાં, અને પટાવાળો વિખેરાઈ ગયો.

પ્રોફેસર જાગ્યા ત્યારે બપોરની છુટ્ટીનો સમય થઈ ગયો હતો, અને એટલામાં તો...

‘સાહેબ! આપને કોઈ વિદ્યાર્થિની બહેન મળવા માગે છે.’ અનેકનામી પટાવાળાએ કૅબિનમાં આવતાં એક ચિઠ્ઠી આગળ ધરી કહ્યું. ધૂર્જટિએ તે હાથમાં લઈ વાંચી.

‘મિસ અર્વાચીના બૂચ! અંદર છોડી મૂક!’ ધૂર્જટિએ કહ્યું.

પટાવાળાએ અર્વાચીનાને રૂમમાં વહેતી મૂકી, અને... શાહીચૂસ ઉપર શાહીના ડબકાની જેમ ધૂર્જટિના સંવેદનશીલ આંતરતંત્ર ઉપર એનું — અર્વાચીનાનું — શ્યામલ સૌંદર્ય છવાઈ રહ્યું. પ્રોફેસર શારીરિક ઊંઘમાંથી જાગીને હવે બૌદ્ધિક ઊંઘમાં પ્રવેશ્યા. એ તેમને માટે ઉચ્ચતમ સ્થિતિ હતી.

‘સાહેબ!...’ અર્વાચીનાએ બોલવા માંડ્યું.

‘એનો અવાજ... વિચારોની શાન્ત વાણીમાં વણાયેલા મારા પોતાના અવાજ જેવો તેનો અવાજ હતો!’ — ધૂર્જટિએ શેલીની પેલી પંક્તિ યાદ આવી ગઈ. આ એની ધંધાકીય બીમારી હતી.

‘સર!...’ અર્વાચીનાએ ફરી બોલવા માંડ્યું.

‘હેં... જી... હા... હં!’ પ્રોફેસર ધૂર્જટિ ચમકીને બોલી ઊઠ્યા.

‘અમારા વર્ગની ચર્ચાસભાની આવતી બેઠકમાં આપને પ્રમુખ તરીકે આવવાનું નિમંત્રણ છે!’ અર્વાચીનાએ પૂરી સ્વસ્થતા સાથે આગળ ચલાવ્યું.

ધૂર્જટિને તેના વ્યક્તિત્વમાં રસ પડ્યો.

'કયો વર્ગ?' તેણે ગંભીરતાથી પૂછ્યું.

'પ્રથમ વર્ષ વિનયન.'

'નક્કી?' આંખમાં રમૂજ સાથે પ્રોફેસરે પૂછ્યું.

'જી, કેમ?' અર્વાચીનાના અવાજમાં અક્કડાઈ હતી.

'સામાન્ય રીતે પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ ટેબલનો ટેકો લીધા સિવાય મારી સાથે વાત કરી શકતા નથી.' ધૂર્જટિએ ખુમારીથી કહ્યું : 'એટલે.'

'એ કદાચ આપના અહમ્માંથી આકાર લેતી ભ્રાન્તિ જ હશે.' અર્વાચીનાએ તેમને કાપી નાખ્યા.

...અને ધૂર્જટિને કળ વળે તે પહેલાં તો એકદમ કોમળ અવાજે અર્વાચીના પ્રોફેસરસાહેબને પૂછતી હતી :

'આપ જરૂર પ્રમુખપદ સ્વીકારશોને ત્યારે?'

'ક્યારે છે આ ચર્ચાસભાની બેઠક?' પ્રોફેસરે પૂછ્યું.

'આવતી કાલે સાંજે પાંચ વાગ્યે.'

'નિમંત્રણ બદલ આભાર. એ હું સ્વીકારું છું.' ધૂર્જટિએ મોટાઈ માણવા મથતા અવાજે કહ્યું, અને...

'આપનો આભાર!' કહી અર્વાચીના અંતર્ધાન થવા લાગી, ત્યાં તો...

'પણ... મિસ... પ્રાચીના!' ધૂર્જટિથી માનો કે જાણે ચીસ પડાઈ ગઈ.

'પ્રાચીના નહિ, અર્વાચીના.' અર્વાચીનાએ કૅબિનના બારણે પાછા ફરતાં સુધારો કર્યો.

'માફ કરજો, મિસ અર્વાચીના... પણ... આ ચર્ચાસભાના વિષય વિશે મારે પૂછવું હતું.' પ્રોફેસર હવે તદ્દન અર્વાચીનાને શરણે હતા. જોકે આ 'વિષય'ની વાત કરતાં તેમને થયું કે બહાર શંભુ ન સાંભળે તો સારું, નહિ તો તે કાંઈ બીજું જ સમજી બેસશે...'

'વિદ્યાર્થીજીવનમાં શિસ્તનું મહત્ત્વ.' અર્વાચીનાએ વિષય વિશે સ્પષ્ટતા કરી, અને એટલું કહી એ એક સરસ વિચારની માફક પ્રોફેસરના મનમાં આનંદનો એક લિસોટો મૂકી, ચાલી ગઈ.

'શિસ્ત!' પ્રોફેસરના મનમાં અંકોડા મળવા માંડ્યા...

'વિદ્યાર્થીજીવનમાં શિસ્ત... મનહરની માફી... સાંજની સભા... શિસ્ત... અને અર્વાચીના!'

ધૂર્જટિનો પ્રશ્ન ઊકલી ગયો. તેને સમજાઈ ગયું કે મનહરના હૃદયપરિવર્તન પાછળ આ છોકરીનો હાથ નહિ, તોપણ આંખો તો હશે જ.

અને...

'યુરેકા! યુરેકા! લાધ્યું! લાધ્યું! બોલતો બોલતો તે કૅબિનની બહાર નીકળતો હતો ત્યાં પટાવાળો શંભુ તેની નજરે પડ્યો, અને...'

'ઓ આર્કિમીડીસ!' ધૂર્જટિએ કહ્યું, 'ઓ આર્કિમીડીસ!'

શંભુ શાંત રહ્યો, સાહેબને ખુશ જોઈ ખુશ થયો.

આ રીતે અર્વાચીના ધૂર્જટિના લેન્સ પર પહેલી વાર ઝિલાઈ... તેથી તો તે દિવસે સ્ટેશન પર અચાનક ભટકાઈ જતાં તેણે તરત એમ જ પૂછ્યું : 'પ્રથમ વર્ષ વિનયન ને?'

*

# ૪

'એય... શ્રીયુત... આપ જરા...'

અધ્યાત્મવિદ્યાસભાની એક ધ્યાનની બેઠકમાંથી સાથે છૂટા પડતાં બૂચસાહેબે પ્રો. ધૂર્જટિને ઉપર મુજબના ઉદ્‌ગારોથી પડકાર્યા અને તેમની નજીક જઈ કડક નમ્રતાપૂર્વક તેમણે પૂછ્યું, 'માફ કરજો... પણ... આપને ક્યાંક જોયા છે!'

'મને?' પ્રોફેસરે ચમકીને પાછા ફરી જોયું, તો બૂચસાહેબની સહેજ પીળાશ પડતી આંખો પોતાની આરપાર ઊતરતી જતી હતી. ધૂર્જટિને આ સંવેદન જાણીતું લાગ્યું, 'મને?'

'જી, હા! તમને ક્યાંક જોયા છે!' બૂચસાહેબે ફરીથી કહ્યું.

'મને પણ લાગે છે કે મેં પણ તમને... નહિ તો તમારી આંખોને... ક્યાંક જોઈ છે.'

બૂચસાહેબ હેબતાઈ ગયા. 'મારી આંખોને? આપની વાત આ જન્મ પૂરતી જ મર્યાદિત છેને?...'

'સ્ટેશને!' ધૂર્જટિને યાદ આવ્યું : 'અરે હા! આપ અર્વાચીનાના પિતાજી તો નહિ?'

'જી હા! હું એ જ! આપે ક્યાંથી ઓળખ્યો?'

'તમારી આંખો પરથી. અર્વાચીનાની આંખો તમારા જેવી જ છે.'

'આપ ત્યારે સ્ટેશને મળેલા પેલા પ્રોફેસર તો નહિ?'

'જી હા... હું અર્વાચીનાનો પ્રોફેસર છું.'

'ઘણી ખુશી થઈ. આપને આ મંડળના કાર્યમાં રસ છે તે જાણી બહુ આનંદ થયો.' બૂચસાહેબે તે બન્ને જણા જે મંડળની — એટલે કે અધ્યાત્મવિદ્યાસભાની — બેઠકમાંથી પાછા ફરતા હતા તેનો નિર્દેશ કરતાં કહ્યું.

'જી, હમણાંથી આવવા માંડ્યું છે.'

'કોઈ વાર ઘેર આવો ને, પ્રોફેસર! અર્વાચીનાને પણ દોરવણી મળશે. તેનાં માતુશ્રી...'

'એટલે કે તમારાં પત્ની, નહિ?' પ્રોફેસરને યાદ આવ્યું, એટલે તેમણે આંખ મચકારી ચોખવટ કરી.

'જી હા!... એટલે કે મારાં પત્ની.' બૂચસાહેબને પ્રોફેસરનો આ સ્વભાવ બહુ જ ગમ્યો. 'તમને પણ આનંદ થશે.'

'આવીશ કોઈ વાર વળી.' ધૂર્જટિએ કહ્યું.

'એમ નહિ... આ રવિવારે જ આવો ને! જમવાનું આપણે ત્યાં જ રાખજો.'

'પણ...'

'પણ-બણ કાંઈ નહિ. ઠીક ત્યારે, આ રવિવારે...'

અને આમ કહી બૂચસાહેબ છૂટા પડ્યા.

*

રવિવારે સવારે અગિયારેક વાગ્યે પ્રોફેસર ધૂર્જટિ અર્વાચીનાને ત્યાં જમવા માટે આવી પહોંચ્યા. જમી-પરવારીને બધાં જ્યાં નિરાંતે બેઠાં કે તરત જ પોતાનાં માતુશ્રી મહેમાનને કોઈ પ્રશ્ન પૂછવાની અણી ઉપર છે એમ અર્વાચીનાને લાગ્યું, અને તેણે સમય સાચવી લીધો.

'બા, દૂધ સગડી ઉપર રહી ગયું છે.' તેણે અચાનક યાદ આવ્યું હોય તેમ કહ્યું.

'જાઓ... દોડો... દોડો?!' બાપુજી એકદમ તૂટી પડ્યા.

અર્વાચીના જાણતી હતી કે બાપુજીને કોઈ વાતનો વધુમાં વધુ વહેમ હોય તો તે ઊભરાતા દૂધનો.

અને અર્વાચીનાનાં માતુશ્રીની જીભને ટેરવે નાચતો પ્રશ્ન થીજી ગયો. તે રસોડામાં દોડી ગયાં. અર્વાચીનાએ ક્ષણભર નિરાંત અનુભવી. ત્યાં તો...

દાદરમાં એક સોનેરી વાળવાળું ઘાટીલું, મજાનું માથું દેખાયું, અને પછી તરત જ ઊગી આવ્યો તે વાળ નીચેનો એક રેશમી ચહેરો, જે પાડોશીના બાબા આનંદનો નીકળ્યો.

'છે?' તેણે અર્વાચીનાને સીધું જ પૂછ્યું.

'છે... જો, આ રહ્યા.' કહી અર્વાચીનાએ તેને પ્રોફેસર બતાવ્યા.

'અમારે ત્યાં મહેમાન આવવાના છે, તે મારા માસ્તર છે, અને તે આવે તે વખતે તું આવજે, હું તારી ઓળખાણ કરાવીશ.' એવું અર્વાચીનાએ આનંદને વચન આપેલું, તે પ્રમાણે તે આવ્યો હતો.

અર્વાચીનાએ ઓળખ આપી, એટલે પ્રોફેસર અને બાબો આનંદ બન્ને એકબીજાની સામે જોઈ રહ્યા, અને પછી બાબા આનંદે જ 'બરફ ભાંગ્યો'. અને સાથે સાથે પ્રોફેસર પણ...

'છોકરાં છે?' તેણે લીલું-સૂકું જોયા વિના જ પ્રોફેસરને પૂછ્યું.

પ્રોફેસરને શું બોલવું તે સૂઝ્યું નહિ. તે જાણતા હતા કે આ કટોકટીમાં અર્વાચીના તરફ ફરવાનો કોઈ અર્થ ન હતો. બાબાનું કુતૂહલ સ્વાભાવિક હતું, પણ તેથી આગળ આ બાબતમાં બાબો કાંઈ સમજી શકે તેમ ન હતું, એટલે તેમણે અર્વાચીનાનાં મા તરફ ફરી કહ્યું.

'બાબો સરસ છે, પણ...'

'બાબો છે? ક્યાં છે?' પ્રોફેસરના પેલા ભાંગ્યાતૂટ્યા શબ્દો સાંભળી દાદરમાં આનંદે નાચવા માંડ્યું. ધૂર્જટિને એ તાંડવ જેવું લાગ્યું. આનંદનો આ મૂળભૂત પ્રશ્ન પૂછવા પાછળનો હેતુ એટલો જ હતો કે મહેમાનની સાથે છોકરાં હોય, તો તેમની સાથે રમાય... અને તે સમજ્યો કે પ્રોફેસર પોતાને એમ કહે છે કે તેમને બાબો છે અને પાછો સરસ છે... એટલે તો...

આનંદની આ આનંદની ચિચિયારીઓની ઉપરવટ જઈ ધૂર્જટિએ અર્વાચીનાનાં માતુશ્રી માટે ચાલુ રાખ્યું : 'મારો બાબો નહિ, પણ આ બાબો... દાદરવાળો...'

'પણ તમારે બાબો છે કે નહિ?' અર્વાચીનાનાં માતુશ્રીના મનમાં ઘણા વખતથી ઘોળાતો પ્રશ્ન આવા વિલક્ષણ રૂપે બહાર આવી રહ્યો. તેમને એ જાણવું હતું કે પ્રોફેસર પરણેલો છે કે નહિ.

'જી... હું પરણ્યો જ નથી.' પ્રોફેસરે છેવટે શરમાતાં શરમાતાં એકરાર કર્યો.

'પણ બાબો તો છે ને? ક્યાં છે?' આનંદ તો તેની મીઠી ભાષામાં પૂછ્યે જ ગયો.

*

# ૫

પછી શરૂ થઈ વાતો. મહેમાન સાથે જમ્યા પહેલાંની વાતો અને જમ્યા પછીની વાતોમાં ફેર હોય છે. આ ભેદ તાત્ત્વિક, સૈદ્ધાંતિક, મૂળભૂત — એવો બધો હોય છે. જમ્યા પહેલાંની વાતો અસ્થિર, અર્થહીન, અસંબદ્ધ, અલ્પજીવી હોય છે. જેમ કે,

ધૂર્જટિએ અર્વાચીનાના દીવાનખાનામાં પ્રવેશીને જેવી એક ખુરશી ઉપર જગ્યા લીધી કે તરત જ અર્વાચીનાના પિતાજીએ તેને બદલે ઘડિયાળ સામે જોવા માંડ્યું.

‘અગિયાર થયા.’ તેમણે કહ્યું.

‘તાપ બહુ છે!’ ધૂર્જટિએ જવાબમાં કહ્યું.

અને પછી…

‘બસો બહુ અનિયમિત ચાલે છે!’

‘ત્રીજું વિશ્વયુદ્ધ થશે એમ લાગે છે!’

‘શહેરનો કોટ સમરાવવો જોઈએ!’

‘આ રાધાકૃષ્ણન્ અહીં ક્યાંથી?!’ આવી વાતો…

જે વ્યગ્ર ઝડપથી દિવાળીમાં ફટાકડાની સેર ફૂટે તે જાતની વાતો…

જ્યારે જમ્યા પછીની વાતોમાં એક તારામંડળમાંથી હૃદયંગમ રીતે ઝરતી તેજરેખાઓની જેમ આનંદપ્રકાશના સ્ફુલિંગો ઝરે છે.

અને આનંદનો અવતાર પૂરો થયા પછી અર્વાચીના, તેનાં બા-બાપુજી અને ધૂર્જટિ–એ બધાંય આવી જાતની જમ્યા પછીની વાતો કરવા ગોઠવાયાં.

બાપુજી એમ માનતા હતા કે પ્રોફેસર પ્રકારના માણસો સાથે અમુક પ્રકારની જ વાતો થાય. અને તેથી જ તેમણે પાન ખાતાં ખાતાં શાંતિથી, સામાન્ય ભાવે ધૂર્જટિને પૂછ્યું :

'તમે મૃત્યુ પછીની જિંદગીમાં માનો છો?'

'જી... ના...' પ્રોફેસરે વિચાર કરીને જવાબ દેતાં કહ્યું, 'હું મૃત્યુ પહેલાંની જિંદગીમાં માનું છું.'

આ જવાબ સાંભળી અર્વાચીનાની આંખો તાળી પાડી ઊઠી.

'બરોબર છે, સાહેબ!' તે બોલી ઊઠી.

'શું બરોબર છે?' ધૂર્જટિએ તેના પર મીટ માંડી.

'તમે કહ્યું તે! જિંદગી મૃત્યુ પહેલાં જ હોય.' અર્વાચીનાએ કહ્યું, 'મૃત્યુ પછી જિંદગી હોય કે ન હોય, તે સરખું જ કહેવાય.'

અર્વાચીના આ વાતને ચર્ચામાં પલટાવી નાખશે તેમ તેનાં બાને લાગ્યું. બા મૂળથી જ ચર્ચાઓથી વિરુદ્ધ. એમણે એક જ તડાકે વાતને ઊચા સ્તર પર લાવી મૂકી :

'સાહેબ! આપને મતે માણસે લગ્ન ક્યારે કરવાં જોઈએ?'

'પત્નીના મૃત્યુ પછી, અને પોતાના મૃત્યુ પહેલાં...' ધૂર્જટિને બદલે આ વખત બૂચસાહેબે તોડ કાઢ્યો.

'એટલે મારા મત્યુ પછી તમે બીજી વાર લગ્ન કરવાના, એમ ને?' અર્વાચીનાનાં માતુશ્રીએ પોતાનો ગુસ્સો મશ્કરીભર્યો છે તેવો દેખાવ કરતાં પૂછ્યું.

'જો તમે જીવતો મૂકશો તો!' બૂચસાહેબે સ્નેહભીની આંખે તેમનાં પત્ની સામે જોતાં કહ્યું.

ધૂર્જટિ ખડખડાટ હસી પડ્યો. બધાં તેની સાથે જોડાયાં. ઘર ગાજી ઊઠ્યું.

વાતચીત વધુ ફળદ્રુપ પ્રદેશોમાં વળી.

'પછી તે દિવસે તમારાં બા આવવાનાં હતાં તે આવ્યાં કે નહિ?' અર્વાચીનાનાં માતુશ્રી હજુ પેલી સ્ટેશન પરની પહેલી મુલાકાત ભૂલ્યાં ન હતાં.

'મારાં બા આવવાનાં હતાં ખરાં, પણ પછી એમણે વિચાર માંડી વાળેલો.' ધૂર્જટિએ કહ્યું.

'ક્યારે આવવાનાં છે?' અર્વાચીનાએ પૂછ્યું.

'એકબે અઠવાડિયાંમાં, આપણું સત્ર પૂરું થયે.'

'પછી અહીં જ રહેશે?' માતુશ્રીને આ બીજા માતુશ્રીમાં રસ પડ્યો.

'ના, થોડો વખત રજાઓ દરમ્યાન રહી પાછાં જશે.'

'કેમ એમ?'

'બસ... એમ જ... એમને એમના ભાઈને ત્યાં વધુ ફાવે છે.' ધૂર્જટિએ કહ્યું : 'અને હું અહીં સુખી છું!'

'એકલા છો એટલે!' હેડમાસ્તરે ચપળતાથી અનેક તાકિર્ક પરંપરાઓ પૂરી કરી નાખતાં આ સુખનું નિદાન કરી આપ્યું, જે તેમનાં પત્નીને ન રુચ્યું.

'મારાં બાને પણ તેમના ભાઈને ત્યાં બહુ ફાવે છે, કેમ બા?' અર્વાચીનાએ બાનું અનુમોદન માગ્યું.

બા પાસે તો 'મામાના ઘર' પર મહાનિબંધ લખાય તેટલી બધી સામગ્રી પડી હતી. તેમણે આ પ્રોફેસર પાસે ભાઈ-ભાભી વિશે ચિત્રવિચિત્ર રીતે વરાળ કાઢી અને અંતમાં નિષ્ણાતને પૂછતાં હોય તેવી ઢબે પૂછ્યું : 'આ બધાનું કારણ શું?'

'રેડિયો-એક્ટિવિટી... અગર...' ધૂર્જટિએ ગંભીરતાથી, રહસ્યમય નીચા સ્વાદે ઉમેર્યું, 'સામ્યવાદ, રશિયા...'

'અથવા એમનું લોહી જ એવું હશે.' બાપુજીએ ઠંડે કલેજે સૂચન કર્યું, જે સાંભળી બાનું લોહી ઊકળી ઊઠ્યું. 'તમારે વચમાં ન બોલવું...'

અને આમ વાતો ચાલ્યા કરી, જે પૂરી થાય તેમ તો હતી જ નહિ, પણ એટલામાં બેએક વાગ્યા અને ધૂર્જટિએ ઊભા થઈ, જવા માટે રજા માગી.

ઊઠતાં ઊઠતાં તેણે અર્વાચીનાનાં બા-બાપુજી તરફ ફરી કહ્યું : 'મારાં બા આવે એટલેતમે બધાં જરૂર મારે ઘેર આવજો.'

આ આમંત્રણ આપી એણે રજા લીધી. સાથે અર્વાચીના અને તેના કુટુંબની એક સુંદર મહેક પણ એ લેતો ગયો.

આ મહેક ધૂર્જટિના એકલવાયા આંતર-જીવનને અનુકૂળ આવે અને તેનાથી દોરાઈ આવેલા એવા તેને આપણે અથવા અર્વાચીનાનાં પાડોશીઓ અર્વાચીનાના દીવાનખાનામાં વારંવાર બેઠેલો જોઈએ તો તેમાં શી નવાઈ?

*

પ્રોફેસરશ્રીને આપણે અર્વાચીનાના દીવાનખાનાને રોશન કરતા જોયા, તે બનાવને તો પાંચ-છ મહિના વીતી ગયા છે. તે દરમ્યાન જો તેમનાં માતુશ્રી એકાદ અઠવાડિયા માટે પણ આવી ગયાં હોત, તો આ વાર્તા વધુ વેગથી આગળ ચાલત, પરંતુ વાસ્તવિકતા વાર્તાને અનુકૂળ રહી ચાલે તેવી અપેક્ષા આપણે ઓછી જ રાખીએ?

વાંધો નહિ, આ સમય ધૂર્જટિ માટે આંતરિક રીતે ખૂબ ખૂબ મહત્ત્વનો, રોમાંચક બની બેઠો. કોઈ વાર ધૂર્જટિને એમ થઈ આવતું કે જાણે અંદરથી તેને કોઈએ ચાકડે ચડાવ્યો છે, અને વહાલભર્યા હાથથી તેને ઘડ્યે જ જાય છે. જ્યારે બીજી કોઈ વાર તેને એવું થઈ આવતું કે તેનું મન જાણે એક ગૅસ ભરેલો ફુગ્ગો છે, જે ઊંચે ને ઊંચે ચડ્યા જ કરે છે. ઘણી વાર તેને એમ લાગ્યા કરતું કે જાણે તે પોતે પોલ-વોલ્ટ જ કર્યા કરતો હોય — અલબત્ત, આંતરિક પોલ-વોલ્ટ.

એક વાર સરસ સવારે બસમાં બેસી તે એલિસપુલ ઓળંગતો હતો. તેણે બારી બહાર જોયું. ઊગતા સૂર્યના કુમળા તેજમાં સાબરમતીની રેત ચમકતી-ચળકતી હતી. નીતરેલા પાણીના એક મુલાયમ પોતવાળા નીલા પારદર્શક પ્રવાહનાં નાજુક, નમણાં આવર્તનોને તે જોઈ રહ્યો. તેને એમ લાગ્યું કે તેના મનમાં આવું આવું જ થઈ રહ્યું છે, આવાં જ આંદોલનો...

આ દિવસો દરમ્યાન ધૂર્જટિને માણસો પણ વહાલાં લાગતાં. અરે! એક વાર રસ્તામાં એક કોફી કલરના અને મીઠા મોંના બાળકે તેને આંતર્યો : 'એય સેઠ! એય સેઠ! બે પૈસા આપો ને! સેઠ!...' અને એ છોકરાની નજરમાં રમતી મજાક અને ખુમારી, અને એનું ખંધું સ્વમાન જોઈને તો ધૂર્જટિને તે એટલો બધો મીઠો લાગ્યો કે તેની આંખ ભીંજાઈ ગઈ. 'દિલનો ભિખારી નથી! કો'ક વાર ઊંચો આવશે!' તેણે વિચાર્યું.

આવાં ઉમદા આંદોલનો અનુભવતાં તેને એક નવો જ આનંદ થતો. તેની બુદ્ધિ કોઈક વાર આ આનંદનું વિશ્લેષણ કરવા બેસી જતી. શરૂઆતમાં તો તેણે એમ માની લીધું કે પોતે 'ભણેલો' છે, એટલે તેને આમ થાય છે. આ બધું તેની વિદ્યા, તેના વાચનને આભારી છે.

પણ એક બીજી સુંદર વહેલી સવારે તે જ્યારે એ જ એલિસપુલ પરથી પસાર થતો હતો ત્યારે તેનો ભ્રમ ભાંગી ગયો. એક મિલમાં જતાં મજૂર-દંપતીમાંનો પુરુષ તેની સ્ત્રીને એમ કહેતો'તો કે : 'જડી! પરોઢિયે આ પલ પરથી આ નદી બહુ હારી લાગે સે!'

પ્રોફેસરની ગૂંચવણ વધી પડી.

આથી તો તે અધ્યાત્મવિદ્યાસભામાં જોડાયો, તે તેને સાર્થક થયું લાગ્યું. તેને એમ નક્કી વહેમ ગયો કે પોતાનો આત્મા અતિ ઉત્કૃષ્ટ પ્રકારનો છે, અને વહેલુમોડું પણ અતિમાનસ ચેતનાના અવતરણ માટે તેણે તૈયાર રહેવું પડશે! અલબત્ત, આવી બધી

વાસના અથવા મહાકાંક્ષા તેના અંતઃસ્તરોના છાયાપ્રદેશમાં રહીને જ છૂપી રીતે કામ કરતી, પણ તે અત્યંત પ્રબળ તો હતી જ.

આ દિવસો દરમ્યાન તે બહુ વિલક્ષણ એવી મનઃસ્થિતિમાં રહેતો. તેની વિચારોની અને લાગણીની રેખાઓ કોઈ વાર ખૂબ ઊંચે ચડતી, તો કોઈ વાર ખૂબ નીચે પણ પટકાઈ પડતી.

ઘણી વાર ધૂર્જટિને એમ થઈ આવતું કે આ બધો આધ્યાત્મિક કહેવાતો અનુભવ અંતે તો એક નશો જ હશે. માણસ માટે કોઈક પ્રકારનો નશો અનિવાર્ય છે.

આવા દિવસોમાં પુસ્તકો તેને એક છટકબારી અને દ્રોહ જેવાં લાગતાં. પોતાનાં પહેલાંનાં પ્રિય રેસ્ટોરાં અને તેની અંદર વહેતું સંગીત તેના જ્ઞાનતંતુઓને અકળાવી નાખતા. કોઈ પણ પરિસ્થિતિમાં પ્રવેશ્યા પછી બીજી જ પળે તેને તેમાંથી છટકી જવાનું મન થઈ આવતું. સાંજ પડતી તો આકાશ સળગી જતું હોય તેવું થઈ આવતું. ફૂલો તેને આકર્ષતાં, તો તેમાંનું એકાદ હાથમાં લઈ તેની પાંદડીઓનું પોત તે નિર્દય રીતે જોઈ રહેતો. તેને આનંદ થતો કે પોતે પહેલાં જે સૂક્ષ્મ સૌંદર્યથી અંજાઈ ઊભો રહી જતો, સ્તબ્ધ બની બેસતો, તે બધું એક મોટી ભ્રાન્તિ હતી, અને આ પાંદડીઓથી સ્થૂળ, ઠંડી, ક્રૂર કારીગરી એ જ સત્ય છે.

આવાં વિષ-વમળોમાં ઘેરાયેલો તે ઘણી સાંજો પોતાના નિવાસસ્થાને એકલો બેસીને જ ગુજારી નાખતો...

અથવા, ઊભો થઈ ચાર-પાંચ માઈલ ચાલી નાખતો.

અથવા, અર્વાચીનાના ઘર ભણી વળતો.

અર્વાચીનાના શારીરિક અસ્તિત્વના વર્તુળમાં આવતાં જ ધૂર્જટિના વિક્ષિપ્ત શરીરતંત્રમાં ક્ષણભર એક નિર્વિચાર, સઘન, હૂંફાળી લીલી — એવી લાગણીની લહેર નોંધાઈ રહેતી.

*

સપ્ટેમ્બરની એક સમી સાંજે બૂચસાહેબે પ્રોફેસર ધૂર્જટિ અને તેના મિત્ર વિનાયકને સાથે ચાપાણી માટે નોતર્યા હતા. પ્રસંગ બહુ સમયસૂચક હતો : બૂચસાહેબની વર્ષગાંઠ.

'કેટલામી, સાહેબ?' વિનાયકે મીઠાઈ માણતાં માણતાં પૂછી જોયું. બૂચસાહેબની ઉમ્મર પૂછવામાં શો વાંધો?

'અઠ્ઠાવનમી...' બૂચસાહેબ ચોક્કસ ન હતા, 'કે પછી... ઓગણસાઠમી!'

ધૂર્જટિ અત્યાર સુધી શાંત બેસી રહ્યો હતો. હવે તે વિચારે ચઢ્યો : 'અઠ્ઠાવનમી! મુસલમાનમાં ચાર જ વાર થાય, વધુમાં વધુ!' તેને છેલ્લું ઝોકું આવ્યું ત્યારે ઈરાનના શાહની વાત ચાલતી હતી. તેમાં આ વર્ષગાંઠની વાત ભેગી થઈ ગઈ.

આવી કટોકટી વટાવતી આ પાર્ટી આખરે પૂરી થઈ.

ધૂર્જટિ અને વિનાયક પાછા ફરતા'તા ત્યારે બૂચસાહેબે થોડે સુધી વળાવવા આવવાનો શિષ્ટાચાર કર્યો.

'નકામી તકલીફ!' ધૂર્જટિ કહેતો હતો.

'તકલીફ શાની? ફરતો આવીશ!' કહી બૂચસાહેબ તેની સાથે થયા.

'કેટલી ગલીકૂંચીઓ છે?' ધૂર્જટિએ શહેર વટાવતાં કહ્યું : 'શી રીતે રહેવું ગમે છે, સાહેબ?'

'આપણી અંદર પણ ક્યાં ઓછી ગલીકૂંચીઓ છે, ભાઈ! તોપણ રહેવું ગમે છે ને?' બૂચસાહેબે ચાલતાં ચાલતાં કહ્યું, અને એક ક્ષણ રહી ઉમેર્યું : 'અને તે પણ કેટકેટલું?'

આજે રાત્રે રોજના પેલા રમતિયાળ, રમૂજી બૂચસાહેબ ધૂર્જટિને જડતા ન હતા. આજે તેમની આંખોમાં કોઈ જુદી જ ભીનાશ હતી, અવાજમાં કાંઈક આર્દ્રતા.

ત્રણેય જણા આગળ ચાલ્યા. રસ્તાની રાંગે આવેલી પેઢીઓમાંથી બેય બાજુ ફૂટપાથ પર ફેલાતી, અને તેથીય આગળ તણાઈ, આછી થતી જઈ, સડકની બરાબર વચમાં એકબીજીમાં એકરૂપ થઈ જતી, પેલી રોજ રાતની પ્રકાશની સોનેરી-રૂપેરી ચાદરો પણ હવે એક પછી એક સમેટાતી જતી હતી. થોડી જ વારમાં, વચ્ચે વચ્ચે સુધરાઈના દીવાની ધોળી ભાતથી ભરેલી, આછા અંધારાની બિછાત પર એક નવી જ મહેફિલ મંડાશે.

બૂચસાહેબ અત્યારે ધૂર્જટિ અને વિનાયકની વચમાં ચાલતા હતા. શહેરનાં કેન્દ્રનાં ગૂંચળાંને તેમણે હવે પાછળ પાડી દીધાં હતાં. રસ્તો ફૂલતો જતો હતો. એક ખુલ્લું ચોગાન આવ્યું. બૂચસાહેબ અટક્યા.

'બસ ત્યારે, રજા લઉં?'

'ચાલો ને, જરા બેસીએ.' ધૂર્જટિએ સૂચવ્યું... અને ત્રણેય જણ સહેજ આગળ ચાલી, રાત જ્યાં વધુ ઘૂંટાયેલી હતી તેવો ચોગાનનો એક કાળો કટકો પસંદ કરી ગોઠવાયા. ઉપર ઘટ્ટ, ભૂરું આકાશ ઘેરાઈને પડ્યું હતું. તેમાં ઝબકતા અને ઝળકતા તારાઓનાં ટોળેટોળાં પળેપળે ઊમટતાં જતાં હતાં. ઊંચે જોયું તો ત્રણેયને એમ લાગ્યું

કે પોતપોતાની નાજુક, નાનકડી દુનિયાના ચૂરેચૂરા થઈ જતા હતા. સમય તો રાતના આકાશની આ છીની પર છિનાઈ છિનાઈને કણ કણ થઈ જતો હતો.

'હક્સલી આને પૂરી એક સો — અને — ઍંસી અંશની કાળી કરામત કહે છે!' ધૂર્જટિની જીભ છૂટી થઈ.

ચોગાનની આજુબાજુ પથરાયેલા શહેર પર વીજળીના અજવાળાનાં મજાનાં વાદળ ઊપસી આવતાં હતાં. ધૂર્જટિના શબ્દોએ વિનાયકના અને બૂચસાહેબના મનમાં જે વિશાળ આવર્તનો ઉપજાવ્યાં તે આ વાદળાં સાથે ધીમેથી અથડાઈ, તેમાં જ વિલીન થઈ રહ્યાં.

'સાહેબ! વર્ષગાંઠ છે એટલે જ પૂછું છું; પણ… એમ નથી લાગતું કે જરા મોડા જન્મ્યા હોત તો વધુ સારું હતું?' વિનાયકનો પ્રશ્ન સમયસરનો હતો.

'તોપણ સરવાળે તો સાઠેક વર્ષ જ ને!' બૂચસાહેબે ટોપી ઉતારી ખોળામાં મૂકતાં કહ્યું. તેમનાં ચશ્માંમાં એકબે તારા ચમકતા હતા.

'એ ખરું… છતાં પણ…' વિનાયકનું કહેવું હતું : 'જીવવાની ખરી મજા તો હવે જ આવવાની ને!' આમ જૂની ચીજોનો અઠંગ ઉપાસક એવો વિનાયક વિચારો હમેશાં નવા માગતો.

'વાત તો ખરી!' બૂચસાહેબે જમીન પરથી એક-બે કાંકરા ઉપાડતાં કહ્યું : 'અત્યારે મને બુઢ્ઢાને પણ એમ થાય છે તો ખરું કે હું અત્યારે–આ અરસામાં જ જો જન્મ્યો હોત તો કેવું સારું!?' અને પછી ઊંચે જોઈ ધૂર્જટિ સામે આંખ મચકારી ઉમેર્યું, 'નવા રમકડે રમવા મળત, કેમ પ્રોફેસરસાહેબ! ખરું ને?'

'ખરે જ, સાહેબ! ભવિષ્યની પેઢીને માત્ર નવાં રમકડાં જ રમવા મળશે, એટલું જ!'

રમકડાં! વિનાયકથી આ ન ખમાયું, 'આ નવી સમૃદ્ધિ, નવું સાહિત્ય, નવા સિદ્ધાંતો — રમકડાં લાગે છે આ બધાં?'

બૂચસાહેબ કે ધૂર્જટિ બેમાંથી કોઈ કાંઈ બોલ્યું નહિ.

'અને રમકડાં બદલાશે એટલે રમત પણ બદલાશે જ ને!' વિનાયક ઊકળી ઊઠ્યો હતો.

'પણ એ બદલાશે એટલે સારી જ થશે એમ ઓછું જ કહેવાય?' બૂચસાહેબે કહ્યું.

'સારી કે ખોટી! રમત જોશીલી, જોમવાળી બને એટલે અમારે બસ!' વિનાયકે કહ્યું.

'જોખમી પણ એટલી જ બનશે!' ધૂર્જટિનો સૂર તત્પર હતો.

'જોખમની અમને બીક નથી. ઘણો વખત સુરક્ષિત રહ્યા!' વિનાયકને પેલી ગુલામી હજુય ખૂંચતી હતી. 'એટલું તો નક્કી કે અત્યારનો માણસ પહેલાંના કરતાં તેટલા જ સમયમાં વધુ જીવી નાખી શકશે.'

'અત્યારનો માણસ!' આ 'માણસ' શબ્દને તિરસ્કારથી તરબોળ કરી દેતાં બૂચસાહેબે જવાબ વાળ્યો : 'આ આમતેમ ભટકતા, વાસના અને વિકારી ઝાળથી ઝટ સળગી મરતા, શૂન્ય, અસ્વસ્થ, અસ્થિર પ્રાણીને હું 'માણસ' તરીકે ભાગ્યે જ સ્વીકારી શકું!'

'કદાચ પ્રાણીઓ પણ તેને પોતાની હરોળમાં ન ઊભો રહેવા દે!' ધૂર્જટિએ શક્યતા સૂચવી. તે રસેલનો ઉપાસક હતો.

'આ નવા ઊભરાને નહીં રોકી શકો, સાહેબો!' વિનાયક દૃઢ હતો. 'સારું થશે! જરૂર હતી! જીવનથી જ બિવરાવી દીધા હતા!'

'ત્યારે શું અપનાવશો? આ પશ્ચિમનાં અજવાળાં કેમ જીરવશો?' બૂચસાહેબ વિનાયકને ઉથલાવતા હતા.

'પણ તેની અંદર પણ સાચું સોનું તો પડ્યું જ છે, હોં સાહેબ!' ધૂર્જટિએ બૂચસાહેબ તરફ ફરી કહ્યું : 'પણ એ માટે ખોદવું પડે.'

'કોઈ નહિ ખોદે, પ્રોફેસરસાહેબ! આપણા લોકોમાં એ વૃત્તિ જ નથી. માટે જ કહું છું, છે એને વળગી રહો!' બૂચસાહેબ અંતરથી બોલતા હતા.

ધૂર્જટિ કાંઈક કહેવા જતો હતો પણ એટલામાં એને યાદ આવ્યું કે આજે તો બૂચસાહેબની વર્ષગાંઠ છે, એટલે તે કાંઈ બોલ્યો નહિ. બધા શાંત બેસી રહ્યા.

'બપોરના બારેક વાગ્યે આકાશમાં ખૂબ ઊંચે ઊંચે ઊડતી સમળીઓ જોઈ છે?' બૂચસાહેબે અચાનક પૂછ્યું.

વિનાયક–ધૂર્જટિ ચૂપ જ રહ્યા.

'કેવી ધીમે ધીમે છટાથી ચકરાવા લેતી ઘૂમે છે એ!' બૂચસાહેબ ભાવપૂર્વક બોલતા હતા... તૂટક તૂટક... 'માણસમાં પણ એવી આંખ હોય છે, એ પણ ફર્યા જ કરે છે — શોધમાં!'

થોડો વખત બેઠા પછી, આડીઅવળી વાતો પૂરી થવા આવી.

'બસ ત્યારે, ઊઠશું?' બૂચસાહેબે કહ્યું.

'બસ... ચાલો!' અને ત્રણે જણા ઊભા થયા.

'બહુ બેઠા... આનંદ આવ્યો.' બૂચસાહેબ છૂટા પડ્યા.

'ખરો છે ડોસો!'

બંને જણા બૂચસાહેબને જતા જોઈ રહ્યા.

*

# ૬

'અરુને કોલેજમાં મૂક્યે એક વર્ષ તો પૂરું પણ થવા આવ્યું અને આવતે વર્ષે તો તે ઇન્ટરમાં આવશે.' અર્વાચીનાનાં માતુશ્રી એક સવારે ચા પીતાં પીતાં બારી પાસેની પેલી ખુરશી ઉપરથી મોટેથી વિચાર કરતાં હોય તેવી રીતે બોલી ઊઠ્યાં... જેના જવાબમાં બાપુજીએ એટલું જ કહ્યું : 'હા... બરાબર.'

'બરાબર! શું?'

'હેં?'

'કહું છું, અરુ મોટી થઈ છે.'

'એ તો થયા જ કરશે, એનો એ સ્વભાવ જ છે.'

'પેલા અરુણ સાથે કરી દઈશું?'

'આ બારી પાસેની ખુરશી જ લઈ લેવાની છું. જ્યારે આ બારી પાસે બેસે છે ત્યારે તરત જ તેમને પેલી, સામે ઘેર રહેતી, સગાઈ કરેલી રજની નજરે પડે છે, અને તેથી તેમનું મન બહેકે છે.' અર્ચાવીનાએ માતુશ્રીને 'ચલો–સગાઈ–કરો' મિજાજમાં જોતાં જ નક્કી કરી, તે મુજબ જાહેરાત કરી.

'અરુ!' હવે માતુશ્રી ખુરશી જેટલાં જ ગંભીર હતાં.

'જી!'

'આમ આવ!'

'આવી!'

'બેસ!'

'બોલો!'

'હું તો તને પૂછવા માગું છું...'

'કે?'

અને અહીં મા-દીકરીના સંવાદમાં બાપુજીએ વિધિસર ઈંટ રેડવી : 'કે મારે અરુની સગાઈની જરા પણ ઉતાવળ નથી.'

'હું પણ એ જ કહેવાની હતી, બા!' અરુએ પણ ઉમેર્યું.

'પણ આમ બધાંને ના ક્યાં સુધી પાડ્યે રાખવી છે?' અર્વાચીનાનાં બાની મુશ્કેલી વાજબી હતી.

'એ ગમે તેમ, પણ મારે અર્વાચીનાને ખૂબ ભણાવવી છે.' બાપુજીએ એમની જૂની મહત્ત્વાકાંક્ષાને તાજી કરી.

'પણ લગનની ક્યાં વાત કરું છું? સગાઈ ભણવામાં શું આડી આવશે?'

'મારે પણ ભણવું જ છે, બા!' અર્વાચીના નરમ બની ગઈ|

'તું ગભરાઈશ નહિ! હું તારી બાને પહોંચીશ.' બાપુજીએ તેને સાન્ત્વન આપ્યું.

'પછી આ મોડું કરવાથી જે થાય તે સહન કરજો, બાપદીકરી!' બાએ પરિસ્થિતિ સ્પષ્ટ કરી.

'થવાનું શું હતું? મારી અરુ કાંઈ બીજી રખડેલ છોકરીઓ જેવી ઓછી જ છે?'

'તેમાં હું અરુમાં ક્યાં અવિશ્વાસ કરું છું?'

'ના, તમારા ભાઈની છોકરી જેવી હોય; આંતર...'

'પપ્પા!'

'હા... આંતરજ્ઞાતીય લગ્ન કરનારી, માથાની...'

'મારા ભાઈની છોકરીની વાત નથી કરતી... પણ ત્યારે આપણી અરુની જવાબદારી તો ધ્યાનમાં રાખવી પડે ને?' અને આટલું કહી, બાએ અર્વાચીનાને ચાનો પ્યાલો પાછો મૂકવા મોકલી, અને એ પછી કબાટ વગેરે સાફ કરવા કહ્યું.

પોતાના વિશે 'લગ્ન' શબ્દ સાંભળતાં જ અર્વાચીનાના અંતરપટ ઉપર એક અથવા બીજી રીતે ગૃહજીવન શબ્દશ: ઊપસી આવતું. '...પોતાના, બાપુજીના દીવાનખાનાને મળતો એક સરસ રૂમ, તેમાં પુસ્તકો, વાજિંત્રો, રેડિયો... કોઈ વાર ચાના પ્યાલા... છૂટા કાગળો... કોઈ વાર તે લખતા હોય.' ...આવા બધા આકારો રમી રહેતા. તે બધાય ઉપર એક નૈસર્ગિક, નિર્ભય ઇચ્છાની શીતળ છાયા રમતી રહેતી. આ અવસ્થામાં વિચારને અવકાશ જ ન હતો. તેના લોહીનો માત્ર લય બસ હતો. બહુ ઊંડેથી સઢ

ચઢાવીને એકાદ મીઠું નિ:શબ્દ સ્મિત મોં અને આંખો સુધી આવી, ત્યાં લાંગરી રહેતું. જે કોઈ પ્રવૃત્તિમાં હોય તેમાં તે એક વધુ ઉમળકા સાથે જોડાઈ રહેતી.

પણ આજે અચાનક જ તે ‘લગ્ન’ શબ્દે તેનામાં આવાં સ્વૈરવિહારી આવર્તનો રમતાં કરવાને બદલે તેને ક્ષણભર થંભાવી દીધી. તેણે આ અંદરનાં રોજનાં ચિત્રો ચેકી નાખવા એકદમ પ્રયત્ન કરવા માંડ્યો. તેનું મન વિક્ષિપ્ત થઈ રહ્યું. બીજી જ પળે તેણે પાછી પોતાની નૈસર્ગિક પ્રફુલ્લતા મેળવી લીધી, પણ કબાટ સાફ કરતાં તેનો હાથ સહેજ ધીમો ફરવા માંડ્યો...

કબાટમાંની શીશીઓ સાથે ‘લગ્ન’ શબ્દે વહેતી કરેલી, પ્રસારેલી પેલી મનની પ્રતિમાઓને પણ તેણે ખસેડી નાખી... ‘મારે ભણવું છે! અત્યારથી શું? બા પણ ખરી છે!...’

આવા અનેક તરંગો તેના જાગ્રત મનમાં ઊછળી રહ્યા... અને છતાંય ઊંડે, પહેલી જ વાર, તેણે લગ્નની સાથે જ એક અવરોધ, વિરોધ, ઘર્ષણની લાગણી અનુભવી...

આ લાગણી કોને ઉદ્દેશીને હતી, તેનો તો તેને ખ્યાલ પણ ન આવે — જ્યારે એ લાગણી પોતે જ એક ઝીણા, વિસંવાદી સૂર રૂપે જ સંભળાતી હોય ત્યારે...

અને છતાંય અર્વાચીનાએ તેના ‘અહમ્’ને આજે પહેલી જ વાર અનુભવ્યું. આ ભાન તેને એટલું બધું કઠોર, નિષ્ઠુર, નવું લાગ્યું કે તેના ડંખને રૂઝવવા તે કબાટ સાફ કરવાનું બાકી જ રાખી બહારના ખંડમાં પાછી દોડી આવી.

આ બાજુ બા-બાપુજીની વાત ચાલુ જ હતી...

‘મને આ બહુ નથી ગમતું!’ સહેજ ગભરામણ સાથે બા બાપુજીને કહેતાં હતાં. બાની લાગણીઓ ખરેખર પ્રબળ બનતી ત્યારે, હવે તો ક્રમે ક્રમે કરમાતો, તેમનો ચહેરો ઘડીભર પાછો તેની જૂની છટા સાથે સમય સામે ટક્કર લઈ રહેતો. તેમની અણીશુદ્ધ આંખોનો આકાર હજુ એવો ને એવો હતો, જોકે તેમાંની ઉષ્મા સહેજ થીજેલી જણાતી. તેમના પ્રભાવપૂર્ણ કપાળની જમણી રેખા પર રમી રહેતી પેલી પહેલાંની તેજસ્વી લટો અત્યારે આથમતી જતી હતી. હવે તો આ બધી કળાઓ નમ્ર બનતી જતી હતી. તોપણ અર્વાચીનાનાં બાના અવાજમાં, તેમના આખાય અસ્તિત્વમાં અત્યારે પણ એક સ્વસ્થ, આકર્ષક શક્તિ હતી... આથી જ બૂચસાહેબ ચમક્યા.

‘શું નથી ગમતું?’ તેમણે પૂછ્યું.

'બીજું તો કાંઈ નહિ...' બા અચકાતાં'તાં : 'પણ આ જુઓને...' અને એમને અચકાતાં જોઈ બૂચસાહેબે મદદ કરી :

'શું?'

'આપણા પેલા અરુના સાહેબનો જ દાખલો લઈએ. ઘણી વાર આવે છે ને આપણે ત્યાં, એ.'

'હં!' બાપુજી વિચારમાં તો પડ્યા.

'આમ તો બહુ નિખાલસ માણસ છે, સારા માણસ છે. હું તો આ એક દાખલો જ આપું છું કે હવે આમાં, આવામાં જ, અરુ કે પછી એ પોતે — બેમાંથી એકાદ પણ... કાંઈ ગેરસમજ થાય...' બા ચિંતિત હતાં.

'ના! ના! ના! તેવું કાંઈ નથી... બહુ સારા માણસ છે. ધૂર્જટિ માટે એવું હોય જ નહિ...' બૂચસાહેબે કહ્યું.

'એટલે મારું તો એ જ કહેવું છે કે બધું સમેસમું ઊતરે તો તો... એમાંય કાંઈ ખોટું નથી, લ્યો!... આ તો અરુનો મને વિચાર આવે છે.' બાએ આ કહ્યું ત્યારે તેમના મોં ઉપરના ભાવ જોઈ બૂચસાહેબની એ માન્યતા દૃઢ થઈ કે કોઈ સામાન્ય સ્ત્રીને તો હજુય સમજાય, પણ એક વાર એની એ સ્ત્રી દીકરીની મા થઈ એટલે...

એટલામાં તો અર્વાચીના બહારના ખંડમાં, જ્યાં બા-બાપુજી બેઠાં હતાં, ત્યાં તો દોડી આવી, અને ખુરશીમાંથી ઊભાં થતાં બાના હાથમાં હાથ પરોવી એ ઊભી રહી ત્યારે જ તેને 'હાશ' થઈ. બધું પહેલાં જેવું લાગવા માંડ્યું.

*

# ૭

'જટિ, તું સંન્યાસ ક્યારે લેવાનો છે?' વિનાયકે પૂછ્યું.

'કેમ આમ પૂછે છે, વિનાયક!'

'ના... અમસ્તો... પણ તું જ્યારે પણ સંન્યાસ લે ત્યારે વિધિસર લેજે અને અમને — તારા મિત્રોને, જરૂર હાજર રાખજે.'

વિનાયક ધૂર્જટિની અતિ અંગત ગણાય એવી મિત્રમંડળીની મોખરે હતો. અને મંડળીની એક જ વિમાસણ હતી — ધૂર્જટિ-જટિનું અલગ્ન જીવન; અને તેથી જ આજે વિનાયકે ધૂર્જટિને સંન્યાસ લેવાને, અને તે પણ વિધિસર લેવાને, આગ્રહ કર્યો.

'તારાં ભગવાંનું ખર્ચ અમે ઉપાડી લેવા નક્કી કર્યું છે.' વિનાયકે વધુ સમર્થન કરતાં મંડળી તરફથી ઉમેર્યું.

'આભાર!' ધૂર્જટિએ એટલું જ કહ્યું, અને પછી મૌન પકડ્યું.

'જટિ!'

'હં!'

'બહાર આવવું છે?'

'ક્યાં?'

'બજારમાં.'

અને ધૂર્જટિએ વિનાયકની આ 'ઓફર'નો નિર્ણયાત્મક રીતે જવાબ આપ્યો : 'ના.'

...કેમ કે તેમના મિત્રોમાં એ એક ખૂબ પ્રચલિત માન્યતા હતી કે વિનાયક સાથે બજારમાં ફરવા જવું એ એક કાવતરામાં જોડાવા બરાબર હતું.

જૂની ચીજો વિનાયક માટે વિષકન્યાઓ હતી. એક વાર બજારમાં ગયા પછી વિનાયક

આવી જૂની ચીજોની દુકાનોમાં એવો અટવાઈ જતો કે તેમાંથી બહાર ખેંચી કાઢવા મોટાં, મજબૂત દોરડાંનો ઉપયોગ કરવાના ઝનૂની નિર્ણય પર એક વાર તો તેના મિત્રો આવી ગયેલા!

વિનાયકના આવા જીવલેણ શોખની શરૂઆત થઈ એક પૂતળીથી, જેને વિનાયકના મિત્રો હજુ પણ 'પ્રાણઘાતક પૂતળી' તરીકે યાદ કરે છે. વિનાયક પોતે તેને 'રોમન સમયની પૂતળી' ગણતો અને ગણાવતો.

તે દિવસોમાં તે એમ.એ. માટે વાંચતો હતો. ઇતિહાસ તેનો વિષય હતો, અને તે એક ટેબલ-લૅમ્પની શોધમાં હતો.

બજારમાં ફરતાં ફરતાં તેની નજર એક જૂની ચીજો વેચનારની દુકાને પડેલી આ પૂતળી સાથે મળેલી. તે તેનાથી આકર્ષાયો. જે હકીકતને વિનાયકના મિત્રો ખૂબ જ સૂચક અને સમજાય એવી ગણતા. વિનાયકે તે પૂતળી ઉપાડી, જોઈ. બહારથી કોઈ અનિશ્ચિત ધાતુની બનેલી આ પૂતળી અંદરથી પોલી હતી.

'આને માથે પહેલાં એક ઘડો હતો.' દુકાનદારે વિનાયકને પૂતળીમાં રસ લેતો જોઈ સહજભાવે સૂચવ્યું... અને વિનાયકને એ કમનસીબ પળે સૂઝ્યું કે 'તો હવે આ પૂતળીને માથે વીજળીનો દીવો કેમ ન રહી શકે?'

તેણે પૂતળી ખરીદી લીધી અને પરીક્ષા માટેના બાકી રહેલા પાંચ-છ મહિનાનો મોટો ભાગ તેણે આ પૂતળીમાંથી ટેબલ-લૅમ્પ બનાવવાના પ્રયોગમાં પસાર કરી નાખ્યો, અને કર્મના નિયમ મુજબ એ જ પૂતળીને અજવાળે છેલ્લા બે-ચાર દિવસ વાંચી તે એમ.એ.માં નાપાસ થયો.

છતાંય વિનાયક પૂતળીને છેવટ સુધી વફાદાર રહેલો. પોતાની એમ.એ.ની નિષ્ફળતા માટે આ પૂતળી જવાબદાર હતી, તેવો ઇશારો પણ જો તેના મિત્રોની વાતમાં આવતો, તો એ છેડાઈ પડતો.

એટલે આ પૂતળીની નંદિ વિનાયકના મિત્રોથી ખાનગીમાં જ થતી.

એમ.એ.માં એ વર્ષે નાપાસ થયા પછી વિનાયક પાસે કોઈ ચોક્કસ પ્રવૃત્તિ તો તરત આવી પડી નહિ, અને ધીમે ધીમે વિનાયક જૂની ચીજોનો એવો અઠંગ ખરીદદાર થઈ પડ્યો કે તેના ઘરે એકાદ સંગ્રહસ્થાન જેવું સ્વરૂપ પકડવા માંડ્યું. અને તે પોતે પણ એક આજન્મ જૂની ચીજ જેવો દેખાવા મંડ્યો.

વિનાયકના મિત્રો ચોંકી ઊઠ્યા. વિનાયકને પરણાવી દીધો. ત્યારે પણ વિનાયકનો

આગ્રહ તો 'જૂની ચીજ'–જૂના જમાનાની–માટે જ હતો, પણ આ વખતે તેના મિત્રો તેને ગાંઠ્યા નહિ.

પરિણામે પોતાના પરમ મિત્ર ધૂર્જટિને સંન્યાસ લેવાનું જ્યારે તેણે સૂચન કર્યું, ત્યારે તો પોતે પણ ત્રણ વ્યક્તિઓના બનેલા એક કુટુંબનું શિરછત્ર બની બેઠો હતો. તેનાં શ્રીમતીઓ હમણાં જ તેમનાં એક અંગત મિત્રાણીને કહ્યું હતું તેમ : 'મારે તો બંનેય લગભગ સરખી ઉંમરના મળ્યા છે.' કહેવાની જરૂર નથી કે આ 'બંનેય' એટલે અનુક્રમે વિનાયક અને વિનાયકનો બાબો.

આવાં બધાં ઐતિહાસિક કારણોને લીધે ધૂર્જટિએ મિત્ર વિનાયકના બજારમાં ફરવા આવવાના આમંત્રણને નકારી કાઢ્યું, અને વિનાયકે રજા લીધી...

પણ પેલું સંન્યાસ લેવાનું સૂચન ધૂર્જટિને બીજી વાર પણ સાંભળવું પડ્યું.

*

'અને છેલ્લે, દીકરા ધૂર્જટિ! તારો વિચાર શો છે? સંન્યાસ-બંન્યાસ લેવાનું ધાર્યું છે કે શું? મારે પેલા રણધીરરાયને જવાબ શો દેવો? જે હોય તે લખજે.'

લિ. ચંદ્રાના આશિષ.'

–માતુશ્રી ચંદ્રાએ તેમના પુત્ર ધૂર્જટિ ઉપરનો છેલ્લો કાગળ આ રીતે સમેટ્યો. વિનાયકનું સંન્યાસ-સૂચન તો હજુ એક-બે દિવસ પર જ થયું હતું, ત્યાં આ વળી બીજું! ધૂર્જટિના મનમાં અચાનક જ એ ભય જાગી ગયો કે જો આવું જ સૂચન ત્રીજી વાર થશે તો તે છેવટનું ગણાશે...

ચંદ્રાબાએ વળી રણધીરરાયનો ઉલ્લેખ કર્યો હતો. પરિસ્થિતિ વણસતી જતી હતી.

રણધીરરાય ધૂર્જટિની જ્ઞાતિના જૂના રિવાજોની હાલતી-ચાલતી રક્ષિત ઇમારત જેવા હતા. દેખાવે તે આરસમાંથી કોતરી કાઢ્યા હોય તેવા લાગતા. સ્વભાવે તે આક્રમક રીતે મળતાવડા હતા. અને તેમને મન જીવનનું સાર્થક્ય જો કોઈ પણ બાબતમાં સિદ્ધ થતું હોય તો તે પ્રસંગોમાં... સામાજિક પ્રસંગોમાં!

તેમના હાથ પર કોઈ સામાજિક પ્રસંગ ન હોય તો રણધીરરાય બેચેન બની જતા. પોતાના જીવનમાં આવા પ્રસંગોની અછતથી અકળાઈને કેટલીક વાર તો તે પોતાના અંગત પ્રસંગોને પણ સામાજિક બનાવી દેતા! દાખલા તરીકે, તેમનું ઘર સમરાવવાનો પ્રસંગ.

તેમને રહેવાનું એક ઘર હતું, જોકે તેમને પોતાને ઘણી વાર એમ લાગી આવતું કે દરેક માણસ પોતપોતાના કુટુંબની સાથે પોતાના જ ઘરમાં જીવ્યા કરે, તેના કરતાં આવી દીવાલોમાંથી નીકળી, રોજ રોજ નવાં નવાં કુટુંબોમાં વારાફરતી જીવતો ફરે તો જીવન વળી વધુ સામાજિક બને. તેમની બાજુમાં જ રહેતાં કુટુંબોમાંના એકને જ્યાં રણધીરરાયના આ છેલ્લા 'વિચાર'ની ખબર મળી કે તરત તે આખું ને આખું કુટુંબ રણધીરરાયનો પાડોશ છોડી બીજે રહેવા ચાલી નીકળ્યું! કદાચ રણધીરરાય પાડોશથી જ પહેલ કરીને રહેવા આવી ચડે તો? ના તો પડાય નહિ!

...અને રણધીરરાયને આ તો ખૂબ જ ગમ્યું. માણસો કુટુંબો બદલ્યા કરે એના કરતાં કુટુંબોનાં કુટુંબો લત્તાઓ બદલ્યા કરે એથી તો 'સામાજિક જીવન' વળી ઓર ખીલી ઊઠે. રણધીરરાયે ખાસ જઈને પેલા પાડોશના કુટુંબને અભિનંદન આપવા નક્કી કર્યું. તેમને જોઈને એક વાર તો પેલા લોકોના થડકારા વધી ગયા! પણ સારે નસીબે રણધીરરાય થોડુંક જ, નજીવું નુકસાન કરી પસાર થઈ ગયા.

પણ ઘર સમરાવવા જેવા કંટાળાસ્પદ પ્રસંગને પણ સામાજિક ધોરણ પર મૂકી દઈ કેટલી હદ સુધી માણી શકાય તે રણધીરરાયે લાજવાબ રીતે પુરવાર કરી આપેલું.

આમ જોઈએ તો ગરીબ બિચારું તેમનું ઘર તદ્દન તંદુરસ્ત હતું. તેને દુરસ્ત કરાવવાની કોઈ જરૂર ન હતી. પણ રણધીરરાયને એમ લાગ્યું–એક દિવસ જમીને આરામખુરશીમાં પડ્યાં પડ્યાં કે ઉપરના જડતરનું એક પાટિયું સડી ગયું છે. તે ઊભા થયા; એક લાકડી લીધી; પાટિયાને એક-બે ટકોરા માર્યા; ત્યાં તો તે ઈશ્વરની કૃપાની માફક પડ્યું.

...અને જડતર સમરાવવું, તો ઉપરના માળમાં ભેગાભેગી લાદી કેમ ન નખાવી દેવી? અને લાદી નખાવીએ તો આ કબાટોની ફ્રેમ પણ કેમ ન બદલવી?

અને કબારની ફ્રેમ બદલાવતાં, ખસેડતાં, ખસ્યું આખું ચણતર, ઉપરનો માળ નીચે આવ્યો...

તો આમે ને તેમે છાપરાં કઢાવી બોક્સંગિ કેમ ન કરાવવું? પણ એની સાથે ઘરની આગળનો દેખાવ પણ બદલવો જોઈએ. તેમ ન કરવા જતાં સુધરાઈ સાથે રણધીરરાયને કોર્ટે ચડવું પડ્યું. કાંઈ નહિ. રણધીરરાયે કમર કસી. સુપ્રીમ કોર્ટ સુધી લડી લેવા તેમની ઇચ્છા હતી, પણ જ્યારે પહેલી જ કોર્ટમાં કેસ જીતી ગયા, અને સુધરાઈએ મુંબઈથી

આગળ જવાની આતુરતા ન બતાવી ત્યારે રણધીરરાયે પોતે સુધરાઈને પોતાની સામે લડવા પૈસા આપવાની 'ચેલેન્જ' આપી...

અને આપે તો નવાઈ પણ નહિ. કોર્ટમાં કેસ હોય, અને તે પણ સુપ્રીમ કોર્ટમાં, એથી વધુ વૈભવશાળી સામાજિક પ્રસંગ કયો?

અને આ આખોયે કેસ તે પોતાના ઘરની બહાર રહીને જ લડેલા, કેમ કે તેનું તો સમારકામ ચાલતું હતું. તે પણ એક પ્રસંગ હતો ને?

આવા શ્રી રણધીરરાય...

ઈશ્વર પણ ખરો છે! તેણે તેમને પાઠવી દીધી એક-બે પુત્રીઓ જેમને શ્રી રણધીરરાય ખૂબ જ ચાહતા, કેમ કે પુત્રી એટલે તો સામાજિક પ્રસંગોથી સભર પૅન્ડોરાની પેટી...

આ રણધીરરાયની એક પુત્રીની ઓગણીસ-વીસ વર્ષની વયમાં અનેક વાર તેને ધૂર્જટિનાં બા આગળ ધરવામાં આવેલી.

નવાઈની વાત છે કે તેમનું નામ પડતાવેંત ધૂર્જટિ પરેશાન થઈ ગયો?! ચંદ્રાબાના કાગળની ધારી ચોટ વાગી.

*

'અર્વાચીના...'

'હં...'

'અર્વાચીના!'

'અર્વાચીના?'

'અર્વા...'

માતુશ્રીનો કાગળ વાંચી રહેતાં જ ધૂર્જટિના મનમાં જાગેલાં આંદોલનોને ઉપર મુજબ આલેખી શકાય. અત્યાર સુધીના તેમના અર્વાચીના સાથેના, તેના કુટુંબ સાથેના પરિચયના પરિપાક રૂપે કોઈ પણ ચોટદાર પ્રસંગે પરોક્ષ અથવા અપરોક્ષ રીતે અર્વાચીના સાથે સંવાદમાં ઊતરી પડવાની સહજ ટેવ પ્રો. ધૂર્જટિને પ્રાપ્ત થઈ પડી હતી.

પરિણામે તે જ સાંજે અર્વાચીનાના દીવાનખાનામાં પ્રવેશતાં પણ તેના મનમાં સવારનો માતુશ્રીનો પત્ર, તેમાં ઉપસાવવામાં આવેલો લગ્ન અગર — સંન્યસ્તનો વિપરીત વિકલ્પ, અને સૌથી વધુ તો રણધીરરાયજી — એ બધાં જ રમતાં હતાં.

બીજું સત્ર પૂરું થવા આવતું હતું. અર્વાચીના આવતી પરીક્ષાની તૈયારીમાં વાંચવા

બેઠી હતી, જે કટોકટીમાં નૈતિક ટેકા તરીકે તેનાં બા તેની બાજુમાં જ એમની ખુરશી ગોઠવી કંઈક સીવવા-સાંધવાનું કરતાં હતાં. સહેજ દૂર હીંચકા પર બેસી બાપુજી સાંજનો 'વધારો' વાંચવામાં ઊંડા ઊતરી ગયા હતા. રાજકારણમાં બાપુજી અંગત રસ લેતા હતા અને તેથી જ ધૂર્જટિને આવેલા જોઈને તરત જ તે બોલી ઊઠ્યા : 'છેવટે આખરીનામું આપી દીધું.'

'તેમને...' ધૂર્જટિએ આંખ ચમકાવી પૂછ્યું : 'આપને શી રીતે ખબર પડી ગઈ?'

'કેમ? આ વધારામાં છે, વાંચો ને! રશિયાએ આપેલું આખરીનામું!'

'ઓહો! હું તો બીજા આખરીનામાનું સમજ્યો.'

'કેમ? બીજા કોઈએ કોઈને આપ્યું છે?'

'જી...' ધૂર્જટિએ ઠાવકાઈથી ચલાવ્યું : 'હમણાં જ વાંચીને આવું છું.'

બાપુજી ઉશ્કેરાઈ ગયા. ચારે બાજુ આખરીનામાં અપાતાં હોય અને પોતે આમ હીંચકા પર બેસી રહે? આ જુવાન પણ કેવા ઠંડા લોહીનો છે!

'કોણે કોને આપ્યું?' તેમણે ઉશ્કેરાટ સાથે પૂછ્યું.

'મારાં બાએ મને આપ્યું.' ધૂર્જટિએ સમાચાર આપ્યા.

અર્વાચીના અને તેનાં બા બંને હસી પડ્યાં. જોકે રાજકારણ જેવા જીવસટોસટના વિષયમાં આવી રમૂજ બાપુજીને અક્ષમ્ય લાગી. એ ગંભીર રહ્યા.

'એ વળી ક્યારે બન્યું?' બાએ પૂછ્યું. ધૂર્જટિને તેનાં બાએ આપેલા આખરીનામામાં તેમને રસ પડ્યો. હમણાં હમણાં ધૂર્જટિમાં અર્વાચીનાનાં બા નવી રીતે રસ લેતાં હતાં — અર્વાચીનાનાં 'બા' તરીકે!

'આજે તેમનો કાગળ છે.' ધૂર્જટિ પણ હવે કુટુંબમાં ખૂલતો અને ખીલતો જતો હતો.

'શું લખે છે? મજામાં છે ને?'

'મજામાં છે.'

'બીજા કાંઈ નવીન? આ બાજુ ક્યારે આવવાનાં?'

'એક-બે દિવસમાં.' ધૂર્જટિએ કહ્યું અને ચોપડીમાં મોં રાખી બેઠેલી અર્વાચીનાથી પુછાઈ ગયું : 'એમ?'

'કાલ સાંજે જ આવે છે.' ધૂર્જટિએ તેના તરફ ફરી કહ્યું.

'તમારાં બાને તમે કઈ નિશાનીથી ઓળખી કાઢો?'

બાપુજીને પેલી પહેલી સાંજ, સ્ટેશન પરની, યાદ આવી જતાં તેમણે ધૂર્જટિને

નિખાલસ રીતે પૂછ્યું. પણ ત્યાં તો બાએ તેમની રાબેતા મુજબની કળ વાપરીને સમય સાચવી લીધો.

'એમને તો એવું બોલવાની ટેવ છે હોં, સાહેબ! તમારાં બા આવશે તો તો આનંદ આવશે. અને આ આખરીનામું શેનું આપ્યું છે?'

'તમને મળે એટલે રૂબરૂમાં જ પૂછી જોજો ને!' ધૂર્જટિએ કહ્યું અને ઉમેર્યું :

'આવે એટલે આવશોને એકાદ વાર, તમે બધાંય?'

આ 'તમે બધાંય'માં અર્વાચીનાને એણે આંખથી આવરી લીધી.

આ તબક્કે બાપુજીએ પેપરમાંથી ઊંચું જોયું. 'જરૂર આવશું.' તેમણે કહ્યું.

*

# ૮

'એક ભમતા ભમરડાની સ્થિરતા શેમાં છે?' પ્રોફેસર ધૂર્જટિએ પોતાનું વહેલી સવારનું વક્તવ્ય ચાલુ રાખતાં પૂછ્યું. તેમના આ ભમાવી નાખે એવા પ્રશ્નના ભોગ થઈ પડેલા તેમની મંડળીના બે મિત્રો — એક તો વિનાયક અને એક બીજા ભાઈ — તેમની સામે જ ખુરશીમાં ટાંકણીથી ભરાવીને જાણે બેસાડ્યા હોય તેમ બેઠા હતા. એ બેને એમ કે રવિવારની સવાર છે, તો ચાલો, જટિને મળીએ. પણ અહીં પરિસ્થિતિ જરા જુદી હતી.

આખુંય અમદાવાદ આરામખુરશીમાં પડ્યું હોય તેવી હવા હતી. તેમાંય એકાદ મિલના ભૂંગળામાંથી નીકળતી આછીપાતળી ધૂમ્રસેર કોઈની નજરે પડે તો તેને એમ જ લાગે કે આ ખુશનુમા રવિવારની સવારે શહેર પોતે પણ જાણે શોખથી સિગારેટ પીતું પડ્યું છે. માર્ચ અધો પૂરો થવા આવ્યો હતો. શિયાળાની ઠંડી વચમાં વચમાં, મોડી રાતે હવાની લહેરની સાથે સાથે ખેંચાઈ આવતા દૂરના કોઈ સંગીતના સૂરની જેમ, ચમકી જતી હતી... તો વળી કોઈક બપોર આવતા ઉનાળાની ધમકી આપી જતો... અને આવા મીઠા દિવસોના એક મીઠા રવિવારની સવારે ખુરશીની પીઠ પર બંને હાથ ટેકવી, ઊભે ઊભે જ આવો મૂળભૂત પ્રશ્ન પૂછી પ્રો. ધૂર્જટિએ પોતાના રવિવારિયા મિત્રોને મૂંઝવી દીધા.

'એક ભમતા ભમરડાની સ્થિરતા શેમાં હોય છે?... તેની ગતિમાં...' તેમણે જ જવાબ પૂરો પાડ્યો.

'અમારી અવગતિમાં!' વિનાયકે ધીમે રહીને કહ્યું. જોકે ધૂર્જટિએ તે સાંભળ્યા વિના જ આગળ ચલાવ્યે રાખ્યું.

'તેની ગતિમાં. જે ક્ષણે તેની ગતિ અટકે તે ક્ષણે તે નીચે પડે.'

'ચક્કર ખાઈને નીચે પડે!' વિનાયક સાથેના પેલા બીજા મિત્રે જુસ્સાભેર ઉમેર્યું. ધૂર્જટિને તે ખૂબ જ ગમ્યું.

'ચક્કર ખાઈને નીચે પડે... હવે કલ્પના કરો કે ભમરડાને પોતાની ગતિ દરમ્યાન, એટલે કે પોતે ભમતો હોય ત્યારે, બહારથી જોનારને તે વધુમાં વધુ સ્થિર લાગતો હોય ત્યારે, અચાનક જ ભાન થાય કે પોતે ભમે છે, પોતાને ભમાવનાર હાથ કોઈ બીજો છે, પોતાની ગતિનું અવલંબન એક જાળ છે... શું થાય?'

અહીં ધૂર્જટિ અટકી પડ્યો. પોતાના મનનો ભમરડો પણ જાણે કે જાગી ગયો હોય તેવું તેને લાગ્યું. 'શું થાય?...' મિત્રોને મજા પડી હતી... 'ભમરડાને ભાન આવે તો શું થાય?'

'હું માનું છું કે જો ભમરડાને આવું ભાન થાય તો તે પણ ચક્કર ખાઈને નીચે પડે.' ધૂર્જટિએ ખૂબ જ આત્મવિશ્વાસપૂર્વક કહ્યું. '(આ પણ ભમરડા જેવો જ છે.' — વિનાયકને વિચાર આવ્યો.)

'અલબત્ત.' ધૂર્જટિએ આગળ ચલાવ્યું : 'આ બાબતમાં છેવટનો નિર્ણય પ્રયોગો દ્વારા જ મેળવી શકાય.'

'અથવા ભમરડાનો પોતાનો જ મત લઈએ તો?' પેલા બીજા મિત્રની કલ્પનાએ ફાળ મારી.

'એવો ભમરડો જૂની ચીજોની દુકાનેથી મળી શકે.' વિનાયકે પોતાના વિચારોમાંથી બહા છલાંગ મારી : 'જૂની ચીજો!'

સામાન્ય સંજોગોમાં ધૂર્જટિએ આ તબક્કે વિનાયકને ખુલ્લે દિલે ખીલવા દીધો હોત, પણ અત્યારના સંજોગોમાં તેને અવકાશ નહોતો. ધૂર્જટિને ભમરડા કરતાં કાંઈક વધુ મોટી બાબત વિશે બોલવું હતું.

'આપણી જિંદગીનું પણ આવું જ છે.' તેણે આગળ ચલાવ્યું : 'જ્યાં સુધી આપણે આપણી ગતિમાં હોઈએ છીએ ત્યાં સુધી જ સ્થિર હોઈએ છીએ... વળી જે ક્ષણે, આપણે આપણી ગતિથી જુદા છીએ, આપણને ગતિમાં મૂકનાર કોઈક જુદું જ છે, આપણી ગતિનો મૂળ સ્રોત એક જાળમાં છે — એ બધું આપણને ભાન થાય છે, તે ક્ષણે જ...'

તે ક્ષણે જ વિનાયકે બગાસું ખાધું, જે તેની સાથેના પેલા મિત્રે ઝીલ્યું, અને...

'જટિ! ખોટું લાગે તો માફ કરજે, પણ આ બધુંય તેં કોઈક ચોપડીમાંથી ચોર્યાનો મને શક છે. અમે રજા લઈએ.' કહી વિનાયકે અને તેની સાથેના પેલા બીજા મિત્રે ચાલવા માંડ્યું. 'અશ્લીલ જેવું બોલે છે…' પેલા બીજા મિત્રે તો રસ્તામાં વિનાયકને ધૂર્જટિ વિશે કહ્યું…

આ બાજુ ધૂર્જટિને પોતાને પણ એમ લાગવા તો માંડ્યું કે ભમરડો અને જિંદગીની સરખામણીનું સૂચન સાવ મૌલિક તો નહિ જ હોય. હોય તો ગજબ થઈ જાય! પોતાને ક્યાંક વાચનમાંથી જ મળ્યું હશે…

એટલું તો નક્કી કે પોતાની આંતરિક કારકિર્દીમાં પહેલી જ વાર તેને ગતિભંગ જેવો ક્યાંક અનુભવ થયો.

આજે ચંદ્રાબા આવવાનાં હતાં!

*

'બા! આજ સાંજે તું ઘેર જ હોઈશને?'

'કેમ? તું મને ક્યાંય લઈ જવાનો છે?'

'ના… કદાચ આપણને મળવા પેલા બૂચસાહેબનું કુટુંબ આવે. તમે ઘેર હો તો સારું.' ધૂર્જટિએ કહ્યું.

'ઘેર જ છું, ભલે આવે.'

…અને આ રીતે ચંદ્રાબાના અમદાવાદમાં અવતરણ પછીના પહેલા રવિવારની સાંજે તેમની અર્વાચીના અને તેના કુટુંબ સાથેની મુલાકાત યોજાઈ.

ચંદ્રાબાની ચઢાઈની સાથે જ ધૂર્જટિના નિવાસસ્થાનની રોજિંદી શાંતિએ રાજીખુશીથી રજા લીધી. રેડિયો રણકી ઊઠ્યો, બંધ રહેતી બારીએ હસી ઊઠી. રસોડું મહેકી ઊઠ્યું. સૂનાં પડેલાં ટેબલ, ટિપાઈ વગેરે પર પણ ચાના પ્યાલા, ચોપડીઓ, પાનની પેટી, ચશ્માંઘર જેવી જીવંત ચીજો જાગી ઊઠી. જોકે આ બધા ફેરફારોને લીધે ધૂર્જટિને પોતાને બધું અજાણ્યું અજાણ્યું લાગવા માંડ્યું — જાણે પોતે જ પોતાનો મહેમાન ન હોય તેવું!

અવ્યવસ્થામાં જ રાચતા એવા તેને આ નવી વ્યવસ્થાને અનુકૂળ થતાં અઠવાડિયું સહજ જ નીકળી ગયું, જે પછી જ ચંદ્રાબાની બહારનાં વર્તુળો સાથેની મુલાકાતો યોજવાનું તેને સૂઝ્યું. તેણે બૂચસાહેબથી શરૂઆત કરી.

બૂચસાહેબ... તેમનાં પત્ની અને કોલેજમાં ભણતી તેમની પુત્રી.... જુનવાણી, બંધિયાર, એક સ્થગિત જેવા જીવનની સાથે મુલાકાત માટે કાંઈ વિશિષ્ટ તૈયારીની ચંદ્રાબાને જરૂર ન લાગી... ‘આવશે... મળશે... જશે... આવજો!... આવજો!... જરૂર!... મળતાં રહેજો!’ આવતી સાંજનો આવો ઝાંખો, વ્યક્તિત્વવિહીન ખ્યાલ ચંદ્રાબાએ આંકી લીધો. કોઈ લેખક કે કાર્યકર કે એવું કાંઈક હોત તો જુદી વાત, પણ આ તો...

ખરું પુછાવો તો ચંદ્રાબાને પોતાના પુત્રની આ પસંદગી બહુ નહોતી રુચી, અને તેથી જ ધૂર્જટિએ બૂચસાહેબ, તેમનાં પત્ની અને અર્વાચીના — એમ ત્રણેયની સાક્ષાત્ ઓળખાણ તે સાંજે આપી, ત્યારે ચંદ્રાબાએ તેમને સહેજ શહીદીના ભાવ સાથે સ્વીકાર્યાં. તેમના મુખ ઉપર આવકારને બદલે સહિષ્ણુતાના અંશો વધારે હતા અને કદાચ તેથી જ ધૂર્જટિએ ઉત્સાહપૂર્વક યોજેલી આ મુલાકાતની શરૂઆતની ઔપચારિક વાતચીત જરા અણધારી થઈ પડી.

‘આપને જોઈને... મહારાણી વિક્ટોરિયાનો ફોટો યાદ આવે છે.’ બૂચસાહેબે ચંદ્રાબાના ચહેરા પર વર્તાઈ રહેલા ભાવોને એક ક્ષણમાં ઝડપી લીધા. ચંદ્રાબા ચમકી ગયાં. તે આવી બૌદ્ધિક ચપળતાથી ટેવાયેલાં ન હતાં. તે ધૂર્જટિ તરફ ફર્યાં.

‘આ તેમનાં પત્ની, અર્વાચીનાનાં બા!’ ધૂર્જટિએ મક્કમ મન રાખી ઓળખાણો ચાલુ રાખી. ચંદ્રાબા નવા નવા ધડાકાઓની રાહ જોતાં હાલી રહ્યાં હતાં, પણ ત્યાં તો...

‘તમારી કે’દિવસની રાહ જોવાતી હતી.’ અર્વાચીનાનાં બાએ રૂઝવતા અવાજે કહ્યું, જેથી ચંદ્રાબાને શાંતિ થઈ.

‘આજ નીકળું, કાલ નીકળું, કરતાં રહી જતું હતું.’ તેમણે સ્વસ્થ થતાં કહ્યું, અને અર્વાચીના તરફ ફરી ઉમેર્યું : ‘તું અર્વાચીનાને, બહેન? ધૂર્જટિની શિષ્યા, નહિ?’

‘જી...’ અર્વાચીનાએ કહ્યું.

ધૂર્જટિના પત્રોમાં હમણાં હમણાં અવારનવાર અર્વાચીનાનો ઉલ્લેખ આવતો હતો. ચંદ્રાબાને આ છોકરી એથી જાણીતી લાગી.

‘આવતે વર્ષે તો બીજા વર્ષમાં આવીશ, કેમ?’ ચંદ્રાબાએ પૂછ્યું.

‘જી.... પાસ થઈશ તો.’ અર્વાચીના આછકલી ન હતી.

‘બીજા વર્ષમાં શું શું ભણવાનું? સંસ્કૃત ભણવાનું ખરું?’ ચંદ્રાબા તેની સાથે વાતે વળ્યાં.

'ખરુંને! શાકુંતલ!' અર્વાચીનાએ ઉત્સાહથી કહ્યું.

'એમ કે? ત્યારે ''વિક્રમોર્વશીયમ્'' તો...' ચંદ્રાબાએ આગળ પૂછ્યું.

'આ સાલ બહુ મજા આવે છે.'

અર્વાચીનાને ચંદ્રાબાએ જીતી લીધી. અર્વાચીનાનાં આ બા એકલાં પડી ગયાં.

'તમે વાંચ્યું છે?' અર્વાચીનાએ ચંદ્રાબાને પૂછ્યું.

'ભાષાંતરમાં.' ચંદ્રાબાએ સરળતાથી ખુલાસો કર્યો. યુનિવર્સિટીના પદ્ધતિસરના અભ્યાસથી બચી ગયેલાં ચંદ્રાબાનું વાચન ઠીક ઠીક હતું.

'બા! બૂચસાહેબને ત્યાં તત્ત્વજ્ઞાનની ચોપડીઓ સારી એવી છે.' ધૂર્જટિએ વાતચીત દરમ્યાન કહ્યું.

'કોને તેમાં રસ છે? અર્વાચીના, તું તો બહુ નાની છે આવા વાચન માટે.'

'બાપુજી એવું બધું બહુ વાંચે છે.' અર્વાચીનાએ ખુલાસો કર્યો. અને તેનાં બા પણ ફરિયાદ કરતા અવાજે જોડાયાં : 'હા... બહુ વાંચે છે!'

'મારે એ ચોપડીઓ જોવી પડશે.' ચંદ્રાબા હવે ઉમળકાભેર આ બધાં સાથે વાતો કરતાં હતાં.

'જરૂર જોવા આવજો... ક્યારે આવશો?'

'આવીશું... એકાદ રવિવારે, કેમ જટિ?' ચંદ્રાબાએ કહ્યું.

...અને એમ આ મુલાકાત પૂરી થઈ... 'સારું કુટુંબ હતું, હોં, જટિ! બાકી શરૂઆતમાં મને એમ થયેલું કે જટિનું મિત્રતાનું ધોરણ બગડી ગયું.' ચંદ્રાબાએ ખેલદિલીપૂર્વક કહ્યું, 'આપણે જઈશું કોઈ કોઈ વાર તેમને ત્યાં. પેલા બૂચસાહેબ મને બહુ ગમ્યા.'

ધૂર્જટિને સંતોષ થયો.

*

# ૯

વાતચીત–શબ્દે શબ્દે અર્થો-અનર્થોના ફુવારા ફૂટતા હોય, વ્યંજનાઓની વણજાર ચાલતી હોય, અલંકારોની આતશબાજી આંખોને આંજી નાખતી હોય ત્યારે તે આકર્ષક બને.

ધૂર્જટિ અને અર્વાચીના વચ્ચે અત્યાર સુધી થયેલી શબ્દોની આપ-લે સ્થૂલ રીતે જોતાં તો છેક જ સામાન્ય હતી.

‘આ ચોપડી વાંચવા જેવી છે, સાહેબ?’

‘ના... આના કરતાં બીજી એક છે તે વધારે સારી છે.’

‘આ ફ્રેમ કોણે ભરેલી?’ ધૂર્જટિએ એક વાર પૂછ્યું.

‘મેં.’ અર્વાચીનાએ કહ્યું.

‘સરસ છે!’

‘ગઈ કાલે તો બહુ મોડી રાતે ઘેર પાછો ફરેલો.’ ધૂર્જટિએ સહજ કહ્યું હોય.

‘કેમ એમ?’ અર્વાચીના પણ એટલી જ સાહજિકતાથી પૂછે.

‘ચાંદની બહુ સરસ હતી, એટલે સમય ગયાની ખબર ન રહી, અને ક્યાંય સુધી ફરતો જ રહ્યો...’ ધૂર્જટિનો ખુલાસો આવો હોય.

‘એકલા જ હતા?’ અર્વાચીનાનો પ્રશ્ન. એ જ સાહજિકતા...

...ને એમ પેલા પાવલોવના કૂતરાને, રોજ રોટલી નાખનાર નોકરને જોઈને જ રોટલીનો રાસાયણિક સાક્ષાત્કાર થયો, જેમ ધૂર્જટિ-અર્વાચીનાને પણ આ એકલા-બેકલા, રાત-ચાંદની જેવા શબ્દોના પ્રયોગમાત્રથી આછી અકળામણ થઈ આવતી.

અરે! ચંદ્રાબાના આવ્યા પછી, એટલે કે એક-બે દિવસ ઉપર જ, ધૂર્જટિ અચાનક

અર્વાચીનાના ઘર બાજુથી સાંજના પહોરનો નીકળ્યો, અને તેને એમ થયું કે, ચાલો બૂચસા'બને મળતો જઉં, તે ઘરમાં દાખલ થયો. દીવાનખાનામાં જોયું તો અર્વાચીના એકલી બેઠી બેઠી વાંચતી હતી... એક કવિતામાંની કોઈ મુશ્કેલી તેણે પૂછી. તેમાં અનિવાર્ય રીતે જ પ્રેમ વિશે કાંઈક હતું, કેમ કે તે કવિતા હતી. અર્વાચીનાને પોતાને તે કવિતા 'આવતી પરીક્ષામાં પુછાય તેવી કવિતા છે' તે સિવાય વધારે રસ ન હતો અને છતાં, 'બધું મર્ત્ય છે, એક આપણો પ્રેમ જ...' આ પંક્તિ શીખવતાં શિક્ષક ધૂર્જટિએ ઊંચું જોયું, શિષ્યા અર્વાચીનાએ નીચું જોયું... અને ફનિર્ચરે આંખો મીંચી દીધી એમ કહીએ તો ચાલે... બીજી જ ક્ષણે ધૂર્જટિએ ખોંખારો ખાઈ, પીંછાં પ્રસારી, અંગત લાગણી ખંખેરી નાખી, પ્રેમ પરની પેલી કવિતાની આસપાસ બોલવા માંડ્યું...

આવું થતું... એકાદ શબ્દને કે અર્થને પોતે એકાએક કૂદીને, એકાદ માછલી કૂદે તેમ કૂદીને, બટકું ભરી દેતો અને પછી તે જ શબ્દાર્થના ટુકડા સાથે તણાઈ તે પોતાના રોજના મનોજીવનનાં શાંત, જાણીતાં પાણીમાંથી બહારની ગૂંગળાવી નાખતી પ્રાણવાયુવાળી હવાઓમાંથી ફેંકાઈ જતો ત્યારે ધૂર્જટિ અકળાઈ ઊઠતો. તેને તે કોઈ ત્રીજી જ શક્તિનો ગુલામ હોય એવું થઈ આવતું. તેનું આખું અહમ્ બહારના આવા આક્રમણ સામે ઝઝૂમી ઊઠતું. ધૂર્જટિને પોતાનું જ્ઞાન, પોતાની સભ્યતા, પોતાની ઇચ્છાશક્તિ, પોતાની સંસ્કૃતિ — એક જ શબ્દમાં કહીએ તો પોતાની સારીય 'સ્વતંત્રતા'–કોઈ વિચિત્ર વીજળીના ઝબકારામાત્રમાં તેણે પહેરેલા પોશાકની જેમ સરી પડતી લાગતી અને એ વીજળી તેને વીંટાઈ વળતા દેહના કણેકણમાં વસી રહી હતી. ધૂર્જટિ તેનાથી દૂર જવા પ્રયત્ન કરતો, પણ તે અસહાય હતો...

આવી વિક્ષિપ્ત લાગણીઓ સાથે તે અર્વાચીના તરફ ફરતો ત્યારે તેની રોજની સોહામણી, સ્વસ્થ, સુગંધિત અર્વાચીનાની મૂતિર્ તરડાઈ, તૂટી-ફૂટી જતી. 'પ્રેમ' શબ્દથી જ આમ પરતંત્ર થઈ રહેતી આ નવીન અર્વાચીના તેને હવે માત્ર નિષ્ઠુર અવકાશમાં વહેતું મુકાયેલું અર્થહીન, અભાન એવું, કોઈ અતિમાનુષ મશ્કરાએ યોજેલું, એકાદ જીવનયંત્ર જ હોય તેવું લાગી આવતું.

ફરી પાછી શબ્દ-રૂપ-ગંધથી બનેલી અર્વાચીના ધૂર્જટિના મનમાં સ્વસ્થ થઈ રહેતી ત્યારે જ તે શાંત થતો... તેની સાથે કરેલી વાતચીતનો એકાદ શબ્દ ચંદ્રકિરણોના જેવા તેજપુંજની જેમ ગબડી આવી તેના મનની સમતુલાને મીઠો આઘાત પહોંચાડી જતો. તેના વાળની કે આંખની કે ચહેરાની એકાદ છટા આખાય વિશ્વ પર છાઈ જતી.

અણધારી રીતે જ, બારી બહાર દેખાતા આસોપાલવના એકાદ પાંદડામાં કે ઉઘાડા પડેલા પુસ્તકના એકાદ પૅરૅગ્રાફમાં કે છેવટે કાંઈ નહિ તો સામે દેખાતા બંગલાની બાલ્કનીના પેલા લહેરી વળાંકમાં પણ અર્વાચીના છલકાઈ જતી.

*

'ચંદ્રાબા!' વિનાયકે ગંભીર ચહેરે વાત ઉપાડી. ચંદ્રાબા અને પેલી 'રોમન સમયની પૂતળી'વાળો વિનાયક મિત્રો હતાં. બંને ધૂર્જટિનાં સ્વજનો હતાં.

'ચંદ્રાબા!'

'હં...' ચંદ્રાબાએ કહ્યું.

'એક ચેતવણી આપું?'

'આપ.' ચંદ્રાબાએ નિરાંત-જીવે કહ્યું : 'કોના વિશે?'

'ધૂર્જટિ વિશે!' વિનાયકની ગંભીરતા ઘેરી બનતી જતી હતી.

'જટિ વિશે?' ચંદ્રાબાનો ચહેરો ક્ષણભર ચંતિાતુર બની ગયો, પણ બીજી જ ક્ષણે એક ચમકારામાં ચંતિાને હટાવી નાખતાં તેમણે વિનાયકને ખંખેરવા માંડ્યો : 'એમાં આમ જટાયુ જેવું મોં લઈને શું બેઠો છે? જટિ વિશે ચેતવણી શી હોય વળી? બહુ ગુસ્સે થઈ જશે તો યોગસાધના કરશે. તેનાથી વધુ કરવાનો શું હતો એ?'

'મને એના માટે ચંતિા થાય છે, એને સાચવો.' વિનાયકે સ્નિગ્ધગંભીર અવાજે કહ્યું. આથી તો ચંદ્રાબા છેડાઈ પડ્યાં.

'તારે સાચવવો હોય તો સાચવ, બાકી હું તો અર્વાચીન મા છું, વિનાયક! છોકરાને છૂટો મૂકવામાં માનું છું.'

'એની ઉમ્મરના અને પ્રતિભાવાળા છોકરાઓને સમાજમાં છૂટા મૂકવા એટલે સમાજ પર તેમને છોડી મૂકવા બરાબર છે. પછી તેનું ને સમાજનું ભલે ગમે તે થાય. કેમ?' વિનાયકને લાગી આવ્યું.

'પણ... જટિ માટે ચેતવણી આપવા જેવું છે શું? અને કોઈ નહિ ને જટિ સમાજની શાંતિને ભયરૂપ હોય?' ચંદ્રાબાને આ બધું જરાય સમજાતું ન હતું. તેમણે આગળ ચલાવ્યું :

'આપણે જાણીએ છીએ ને કે જટિ કેટલા વિશુદ્ધ ચારિત્ર્યનો છે? તેના વિચારો કેટલા ઊંચા છે? પહેલાં તો, તે જ્યારે બી.એ.માં હતો ત્યારે, યાદ હોય તો ''ચિરકુમાર સભા''

વાંચતો અને તેના ટેબલ ઉપર મોટા અક્ષરમાં પાટિયું રાખતો ''પરસ્ત્રી માત સમાન.'' એ કેમ ભૂલી જાય છે, વિનાયક?'

'પણ ત્યારે...' વિનાયકને અહીં ડૂમો ભરાઈ આવ્યો. 'આજે... મેં... જોયું... સાંભળ્યું...' અને કડવો ઘૂંટડો ગળતાં તેણે પૂછ્યું, 'તે શું, ખોટું?' આ સવાલ તેણે ધૂર્જટિનાં માતુશ્રીને, ચંદ્રાબાને ઉદ્દેશીને પૂછ્યો, એટલું જ નહિ, પણ પોતાની જાતનેય પૂછ્યો. ધૂર્જટિને વિનાયક ક્યાં નહોતો ઓળખતો? હજુ પેલો પ્રસંગ તો તેના મનમાં તાજો જ હતો...

બેએક વર્ષ પરની વાત, કદાચ ત્રણ-ચાર વર્ષ પહેલાંની હશે. વિનાયક અને ધૂર્જટિ તો નાનપણના દોસ્તો. ધૂર્જટિ તરતનો બી.એ. થયેલો. એમ.એ.ના પહેલા વર્ષમાં ત્યારે હતો. કોલેજનો 'ફેલો'. આખી કોલેજમાં પંકાયેલો. એ પાસેથી પસાર થાય તોપણ વિદ્યાર્થીઓ વાત કરતા અટકી જઈ તેની સામે જોઈ રહેતા અને આ ધૂર્જટિ એક સમી સાંજે વિનાયકને ત્યાં ગભરાતો ગભરાતો આવેલો...

'વિનુ!'

'અરે, જટિ! તું ક્યાંથી, યાર!' વિનાયક રોજની માફક બરાડી ઊઠ્યો.

'વિનુ!' જટિનો અવાજ ગૂંગળાતો જતો હતો.

'શું થયું છે, દોસ્ત! આમ ગભરાયેલો શું છે!'

'વિનુ!!!'

'શું છે તને!? ''વિનુ, વિનુ'' કરે છે, પણ તને શું થાય છે તે તો કહે. તો તને કાંઈક મદદ...'

અહીં વિનાયકને એમ લાગ્યું કે આ તબક્કે વાણીથી વધુ જોરદાર સારવારની જરૂર જટિને માટે ઊભી થઈ છે. તેથી તેણે જટિને બે ખભાથી પકડી, હલાવી, હચમચાવી, તેની આંખમાં આંખ પરોવી, તેને નજરબંધી કરતા અવાજે પૂછ્યું :

'શું છે, બોલ? ''વિનુ, વિનુ'' કેમ કરે છે? શું છે?'

'પે... લી...' જટિએ ખૂબ પ્રયત્ન કરી બોલવા માંડ્યું.

'પેલી... કઈ?' વિનાયકે તેના શબ્દો ઝડપી લીધા : 'જટિ! જાગી જા! પેલી... કઈ? શું?'

જટિ ફરી ખોટકાયો,

'પેલી... પણ કઈ?' વિનાયકે ફરીથી પૂછ્યું, અને પછી જટિને મદદ કરવાના

ઇરાદાથી પેલી, બધીય પેલીઓનાં નામ બોલવા માંડ્યો : 'પેલી... તારિકા? સારિકા? તરલા? સરલા? યશોધરા?'

...અને યશોધરા નામ આગળ જટિએ જોરથી માથું હલાવ્યું.

'પેલી યશોધરા?' વિનાયકે જટિને ઉત્સાહથી પૂછ્યું.

'હા.' જટિએ એકરાર કર્યો.

'તે શું છે? યશોધરાને શું છે? તેનાથી આમ ગભરાયેલો કેમ છે? તેને...' પણ વિનાયક યશોધરા પરના વેરને અક્ષરદેહ આપે તે પહેલાં તો ધૂર્જટિને ખિસ્સામાંથી કાંઈક કાઢતાં તેણે જોયો.

ફૂલ... ગુલાબ... ધૂર્જટિ બતાવતો હતો.

ગુલાબને હાવભાવથી જ ઓળખાવાય અને બહુમાં બહુ બે શબ્દો બોલાય તો તે પણ ઉર્દૂમાં જ — એવું માનનારાઓમાંનો એક વિનાયક ન હતો. તેણે તો ગુજરાતીમાં જ...

'આ... તેનું–યશોધરાનું છે?' વિનાયકે ધૂર્જટિને ખુરશીમાં પાછો સ્થાપિત કર્યો. પરિસ્થિતિ કાબૂમાં છે એમ માની પોતે પણ સામે સ્ટૂલ પર ગોઠવાયો.

'આ ફૂલ, આ ગુલાબ યશોધરાનું છે?' તેણે ઊલટતપાસ કરતાં પૂછ્યું.

'હા!' ધૂર્જટિએ કબૂલ્યું.

'યશોધરાએ તને આપ્યું?' વિનાયકે આગળ ચાલતાં પૂછ્યું.

'હં...' ધૂર્જટિએ સંદિગ્ધ અવાજ કરી મોં ફેરવી લીધું.

'કે પછી તેં એના માથામાંથી લઈ લીધું?' વિનાયકે આ સવાલ જરા તીખાશથી પૂછ્યો.

'શી ખબર!' ધૂર્જટિએ કહ્યું.

'ત્યારે તું ગભરાય છે શાનો?'

'એટલે જ ગભરાઉં છું.' ધૂર્જટિને પોતાને પણ હવે જરા હાશ થઈ, કેમ કે પોતાની મૂંઝવણનું ખરું સ્વરૂપ જ હવે તેને સમજાયું. 'કદાચ આ ગુલાબ યશોધરાએ તેને એમ પણ આપ્યું હોય.' તેને મોડો મોડો પણ વિચાર આવ્યો.

અત્યાર સુધી તો તેનો જીવ એમ જ પડીકે બંધાયો હતો કે આ ગુલાબ યશોધરાનું છે ને હવે શું થશે...

અને ધૂર્જટિ આવું કરે?

'ચંદ્રાબા!' વિનાયકે તો તેની ફરજ બજાવી. 'મારે તમને જટિ વિશે જે ચેતવણી આપવાની છે તે આ છે. તેને પેલી અર્વાચીના સાથેનો સત્સંગ છોડાવી દ્યો!'

'કેમ? તે કાંઈ ઊંડો ઊતર્યો છે?'

'ઊંડો તો એટલો બધો કે...' અને પછી વિનાયકને જે બનાવે ચોંકાવી મૂક્યો હતો તે તેણે ચંદ્રાબાને કહ્યો : 'ગઈ કાલે ''અર્વાચીના કવિતા''ને બદલે તે બોલી ગયો, અર્વાચીના કવિતા!!!'

'આ બાબત ગંભીર ન કહેવાય?' વિનાયકે છેવટે ચંદ્રાબાને જ પૂછ્યું.

'કહેવાય તો ખરી!' ચંદ્રાબાએ મોં મલકાવી વિચારમાં પડી જતાં કહ્યું.

'આવું બને તો નહિ હોં!' બૂચસાહેબ હજુ પણ માનવા તૈયાર નહોતા.

'પણ ત્યારે વિમળાબહેન કહે તે વાત ખોટી હોય?' તેમનાં પત્નીએ, અર્વાચીનાનાં બાએ, તેમના સામે મીટ માંડીને પૂછ્યું.

બૂચસાહેબને એક વાર તો એમ થઈ ગયું કે કહી દઉં કે, 'હોય! હા, હોય! વિમળાબહેન કરે તે વાત ખોટી પણ હોય!'

પણ બીજી જ પળે તેમણે આ શૂરાતન સંકેલી લીધું, કેમ કે તે જાણતા હતા કે આમ કહી દેવું અત્યંત જોખમભરેલું છે. વિમળાબહેન સામે પોતાની પત્ની સમક્ષ બોલવામાં જાનમાલનું જોખમ હતું.

બૂચસાહેબે આ ઘરમાં રહેવા આવ્યાનાં આરંભનાં અઠવાડિયાંઓ દરમ્યાન જ મને-કમને પણ આ વાત સ્વીકારી લીધી હતી કે હવે પછી આત્મા-પરમાત્માથી માંડીને 'એટમ' સુધીની, અને ચાનાં પ્યાલા-રકાબીના ઘાટથી માંડીને ચાંદીનાં વાસણો સુધીની બધી જ વાતોમાં વિમળાબહેનનો મત છેવટનો ગણાશે.

વિમળાબહેન, બીજાં અનેક વિમળાબહેનોની માફક, પાડોશમાં જ રહેતાં હતાં. અર્વાચીનાનાં બાનાં તે મિત્ર હતાં. જીભનાં તો તે જાદુગર હતાં. કૌલીનનાં તે કારીગર હતાં. નરી કલ્પનાને જોરે તે પોતાના સંપર્કમાં આવતા લોકોનાં અનેક રહસ્યોને આકાર આપી શકતાં, અને ધારે ત્યારે તે રડી શકતાં, રડાવી પણ શકતાં, તેમની સહાનુભૂતિને સીમા ન હતી. અન્ય જનોનાં જીવન વિશે જાણવાની તેમની જિજ્ઞાસાની જોડ ન હતી.

અર્વાચીનાનાં બાની સાથે એમની ઓળખાણ પણ વિલક્ષણ સંયોગોમાં થઈ હતી...

આજથી એક-બે વર્ષ પર જ બૂચસાહેબ તેમના અત્યારના ઘરમાં અમદાવાદમાં રહેવા આવેલા. દક્ષિણ ગુજરાતના એક ગામમાં લાંબો વખત સેવા કરી હવે નિવૃત્તિનો સમય અહીં અમદાવાદમાં વિતાવવા એ ધારતા હતા. અહીં તેમને કાંઈ કામ મળી રહે તેમ હતું. વળી અર્વાચીના એક-બે વર્ષમાં કોલેજમાં આવે ત્યારે તે ખર્ચ પણ...

રહેવા આવ્યા પછી પહેલા એક-બે દિવસ તો બહુ શાંતિથી પસાર થયા. પણ ત્રીજે દિવસે બૂચસાહેબે બારી બહાર જોઈ જાહેર કર્યું કે :

‘આ મારાથી નહિ સહન થાય!’

‘શું?’ તેમનાં પત્નીએ પૂછ્યું.

‘આ પાટિયું!’

‘કયું? આપણા ઘર પર છે?’

‘ના!’ બૂચસાહેબે રોષભર્યા અવાજે કહ્યું : ‘બાજુના ઘર પર!’

‘પણ તેમાં આપણે શું?’

‘તમે જાણો છો કે દરેક પ્રકારની સ્ત્રીપ્રવૃત્તિથી હું વિરુદ્ધ છું. તેમાં હું સમકાલીન સમાજનો વિનાશ જોઉં છું અને મને એ જાણીને દુ:ખ થાય છે કે આ બાજુના પાડોશના ઘર પર જ, આવી પ્રવૃત્તિનું તે એક કેન્દ્ર હોવાની સ્પષ્ટ ચેતવણી ચીતરેલી છે. વાંચો તે પાટિયું! આમ આવો!’

અને અર્વાચીનાનાં બાએ તે પાટિયું વાંચ્યું તો — ‘માનાર્હ મંત્રી, મહિલા સહાયક મંડળ.’

‘હું આ પાટિયું તો તોડી જ નાખીશ!’ અને ખરેખર એક-બે દિવસ પછી અર્વાચીનાનાં બાની અચાનક નજર પડી તો તે પાટિયું ત્યાં નહોતું!

વળી ચાર-પાંચ દિવસ થયા હશે, ત્યાં એ જ બારી પાસેથી બૂચસાહેબે સાંજના પહોરે સંતોષ વ્યક્ત કર્યો :

‘બહુ જ સારું થયું! આ જ પરિણામ આવવું જોઈએ!’

‘શાની વાત કરો છો?’

‘શેની તે આ સ્ત્રીપ્રવૃત્તિની. જુઓ, આમની દશા થઈ છે તે. આમ આવો આ બારીએ.’

...અને અર્વાચીનાનાં બાએ બહાર જોયું તો માનાર્હ મંત્રી વિમળાબહેનને એક સ્ટ્રેચરમાંથી ઉતારવામાં આવતાં હતાં. એમ્બ્યુલન્સની પાછળ એક જીપગાડી આવી, જેમાંથી બે-ચાર બીજી સન્નારીઓએ એક ગામડિયણ બાઈને ઉતારી, જે બાઈ બધાંને રોતી દેખાતી હતી, પણ બૂચસાહેબની ઝીણી નજરથી કાંઈ છૂપું નહોતું.

‘બધાં આડું જુએ ત્યારે એ હસે છે, જોયું કે?’ સાહેબે અર્વાચીનાનાં બાને બતાવ્યું.

'તેમાં તમારે શું? તમે વિમળાબહેન સામે જુઓ છો કે પેલી ગામડિયણ સામે?' તેમનાં પત્નીએ ઊલટાં ગુસ્સે થઈને પૂછ્યું.

...અને આ બનાવ પછી એકાદ અઠવાડિયા બાદ, વિમળાબહેનને સાજાં થઈ જવા માટે પૂરતો સમય પસાર થયો હતો, ત્યારે પાછો બૂચસાહેબે પેલી બારી પાસેથી નિર્ણય કર્યો :

'હવે તો પોલીસમાં ખબર આપવી જ પડશે.'

'કેમ?' તેમનાં પત્નીએ ચમકીને પૂછ્યું.

'કેમ શું? આ વિમળાબહેન માથાભારે થતાં જાય છે!' બૂચસાહેબ છેડાઈ પડ્યા.

'પણ કેમ?'

'રિવોલ્વર રાખે છે. મને તો કોઈ ફાસિસ્ટ લાગે છે.' તેમણે ધીમે સાદે કહ્યું.

અને બૂચસાહેબે ટોપી પહેરી, બૂટ પહેરવા માંડ્યા. એ પોલીસસ્ટેશને જતા હશે? એમણે હાથમાં લાકડી લીધી.

પણ ત્યાં તો વિમળાબહેન જ ઉપર આવ્યાં.

કોઈ પણ પુરુષના હાથમાં આ વિમળાબહેન લાકડી જોતાં તો તે આમેય દોડી આવતાં.

...અને એમનો આ રીતે ગૃહપ્રવેશ થયો ત્યારની એમણે અર્વાચીનાનાં બા ઉપર આણ વર્તાવી હતી...

અને આ વિમળાબહેને સૂચવ્યું હતું કે ધૂર્જટિ-અર્વાચીના જેવી મૈત્રી આગળ જતાં લગ્નમાં પણ પરિણમે!

'મારું ચાલે તો તો હું કરાવી જ દઉં!' એમણે અર્વાચીનાનાં બાને તાળી આપતાં કહ્યું હતું.

આથી જ અર્વાચીનાનાં બા-બાપુજી વિચારમાં પડ્યાં હતાં. વિમળાબહેન શું ન કરી શકે?

'એવું બને તો નહિ હો!'

'પણ ત્યારે વિમળાબહેન...'

*

# ૧૦

તે દિવસે ભૂલથી પણ પોતાના મિત્ર વિનાયક પાસે 'અર્વાચીના'નું નામ બોલાઈ ગયું ત્યારથી જ પ્રો. ધૂર્જટિ જરા બેચેન તો રહેવા લાગ્યા. 'આમ કેમ થયું?' તેમણે પોતાની જાતને પ્રશ્ન કર્યો. 'એમ ને એમ જ!' તેમણે પોતે જ પાછો જવાબ દીધો, અને બધું શાંત થઈ ગયું. ત્યાં તો...

'પણ અર્વાચીનાનું જ નામ કેમ? બીજી કોઈનું કેમ નહિ, હેં જટિ?' વળી પાછો એને વિચાર આવ્યો.

'હશે, હોરેશિયો! આ જગતમાં...' એમ જ, ધૂર્જટિસાહેબ અડધું ઇંગ્લિશમાં મન વાળતા હતા એમની મેળે, પણ આજે તે કાંઈક પોતાની જાત સામે યુદ્ધે ચડ્યો હતો, તેથી કે પછી તેની કારકિર્દીમાં કોઈક કટોકટી આવવાની હોય તેથી, ગમે તેમ, પણ તેણે પોતાની જાતને ચોખ્ખું કહી દીધું, 'જટિ, આવો ગોટાળો લાંબો વખત નહિ ચાલે!'

અને આ અવાજ એણે કાનોકાન સાંભળ્યો અને તે પણ એટલી સચોટતાથી સાંભળ્યો કે પેલી નેતરની ખુરશીમાંથી તે ખરેખર ઊભો થઈ ગયો.

ઊતરતા માર્ચનો ઊતરતો દિવસ હતો. બારી બહાર ઝાડ સ્તબ્ધ બની ગયાં હતાં. સુકાઈ ગયેલાં પાંદડાં જેવો તડકો રસ્તા પર ઊડી રહ્યો હતો. અચાનક જ એક નાનકડી ઘૂમરી ચડી અને પાંદડાં, કાગળો, તણખલાંઓ બધાંને પળભર ચકરાવે ચઢાવી ચીમળાઈ ગઈ. ધૂર્જટિના આંતરપ્રદેશમાં પણ તેવી જ ઘૂમરી ઊપસી આવી.

'જટિ! તું પ્રેમમાં તો નથી પડ્યો ને?' ધૂર્જટિએ છેવટે હંમિત કરીને પૂછી નાખ્યું.

'પ્રેમમાં?' ધૂર્જટિને એક મીઠી છાલક વાગી. જાણે સદીઓથી તેનામાં ગૂંચવાતો, અકળાતો તેજતરંગ અચાનક ઊછળી જઈ કોઈ અસીમ અજવાળાંઓમાં સમાઈ ગયો.

ઊગતા ઉનાળાના આછા સોનેરી — રાખોડી તડકાઓમાં જાણે કોઈ અનેરો રસ રેડાયો. તેના મનમાં જામેલાં સૂકા વિચારોનાં જાળાં એકદમ ભેદાઈ ગયાં. તે અંદરથી હસી ઊઠ્યો. તે અંદરથી આર્દ્ર થઈ ગયો...

અને એક ક્ષણ પછી જોયું તો બારી બહારનું જગત ફરી પાછું સ્વસ્થ બની ઊભું રહી ગયું હતું. એની એ સડક, એનાં એ ઝાડ, એનાં એ પાંદડાં, કાગળ, તણખલાં, ફક્ત પેલી ઘૂમરી સંતાઈ ગઈ હતી. બધાંય ઠાવકાં બની નિર્દોષ બાળકોની જેમ ધૂર્જટિની સામે જોઈ રહ્યાં હતાં, જાણે કાંઈ બન્યું જ ન હોય...

પણ ધૂર્જટિ માટે ઘણું બધું બની ગયું હતું, બની રહ્યું હતું.

'જટિ! મજામાં છે ને?' વિનાયક કે જેને આમ અવકાશમાંથી ઊતરી આવ્યો હોય તેમ પોતાના મિત્રો પર તૂટી પડવાની ટેવ હતી, તે વિનાયકે બારણામાં પ્રવેશતાં ધૂર્જટિને પૂછ્યું.

'મજામાં!' ધૂર્જટિએ ઔપચારિક રીતે કહ્યું.

'શું મજામાં?' વિનાયકે આંકડા ભિડાવ્યા.

'મારે તારી સાથે બહાર નથી આવવું. હું તદ્દન ખુશીમજામાં છું. મારાં દિલ-દિમાગ તદ્દન તંદુરસ્ત છે. માટે તું તારે...' ધૂર્જટિએ પાણી પહેલાં પાળ બાંધવા માંડી. તેને એમ કે આ વિનાયક વળી તેને બહાર ફરવા લઈ જશે. પરંતુ...

'ધૂર્જટિ! તું ક્યાં જઈ રહ્યો છે તેની તને ખબર છે?' વિનાયકે તેના આશ્ચર્ય વચ્ચે પૂછ્યું.

'હું ક્યાંય જતો નથી.' ધૂર્જટિએ દૃઢતાથી જવાબ આપ્યો. અને વાત તદ્દન સાચી હતી. એ ક્યાંય જતો નહોતો, એટલું જ નહિ, પણ ક્યાંય જવાની તો તેણે હમણાં જ ના પાડી હતી. એમ સૂક્ષ્મ રીતે તો તે બહુ મોટી સફરને આરે ઊભો હતો, પણ તેને અને વિનાયકના પ્રશ્નને કોઈ સીધો સંબંધ હોય તો તે કલ્પી જ ન શક્યો અને આથી જ આટલું બોલી એ અટક્યો.

'તું મોટા મહાભારત તરફ જઈ રહ્યો છે!' જૂની ચીજોના શોખીન વિનાયકે જૂનામાં જૂના ઉપમાનનો આશ્રય લેતાં કહ્યું.

'શા ઉપરથી?' જટિએ તટસ્થતાથી પૂછ્યું.

'ઉપરથી નહિ, પણ નીચેથી.' વિનાયકે અકળાઈને કહ્યું. 'અક્કલનાં સામાન્યમાં સામાન્ય ધોરણોની પણ નીચેથી.'

ધૂર્જટિ શાન્ત જ રહ્યો.

'વિમળાબહેનનું નામ સાંભળ્યું છે?' વિનાયકે પૂછ્યું.

'ના.'

'તો સાંભળ!'

'સાંભળ્યું.'

'તેમણે તારો પ્રશ્ન હાથમાં લીધો છે.'

'કયો પ્રશ્ન?'

'તારા લગ્નનો.'

'પણ...'

'પણ-બણ નહિ ચાલે. તું તેમને ઓળખતો નથી. એ એક ખતરનાક બાનુ છે. મહિલા સહાયક મંડળનાં માનાર્હ મંત્રી છે.'

'પણ...' ધૂર્જટિ ધ્રૂજી ઊઠ્યો. તેણે આ મંડળનું નામ સાંભળ્યું હતું. 'પણ મારે તેમની સાથે ન પરણવું હોય તોપણ...' તેણે દયામણે ચહેરે વિનાયકને પૂછ્યું.

'તું છેક જ અજ્ઞાન, બાલિશ અને અણસમજુ છે.' વિનાયક તાડૂકી ઊઠ્યો.

'છેવટે મારે તેમને...' ધૂર્જટિનો શ્વાસ રૂંધાતો હતો. 'ઠીક ત્યારે, જો તેમણે ધાર્યું જ હશે તો... મારે હા પાડવી જ પડશે.' એમ બોલતો બોલતો તે બારી પાસે જઈ ઊભો રહ્યો.

'અરે જટિ!' અને અહીં વિનાયક કોઈ તીવ્ર વિશેષણ શોધતો આમતેમ જોવા લાગ્યો, અને પછી બોલ્યો : 'તું પણ... આ... આસોપાલવ જેટલો મૂર્ખ છે. તે પોતે તો, વિમળાબહેન તો, પરણેલાં છે!'

'એમ?' ધૂર્જટિના આનંદનો પાર ન રહ્યો.

'ત્યારે?' વિનાયકે કહ્યું.

'ત્યારે?' ધૂર્જટિએ સામે પૂછ્યું.

'એ તો તારાં લગ્ન કરાવવાનાં છે.' વિનાયકે ખબર આપ્યા.

'કોઈ બીજા સાથે ને?'

'હા!'

'તો વાંધો નહિ, વિનાયક!' ધૂર્જટિએ સ્વસ્થતાથી કહ્યું, અને ઉમેર્યું : 'પણ

વિનાયક!...' તે કાંઈક કહેવા જતો હતો, પણ અત્યારે તો તેણે એટલું જ કહ્યું : 'બેસ ને...'

વિનાયક પેલી બીજી નેતરની ખુરશીમાં બેઠો. બંને મૂંગા થઈ ગયા હતા. એકબીજા સામું જોતા હતા.

'બિચારો મારો જટિ!... તેને વિમળાબહેન પરણાવી દેશે... એનું કશું જ નહિ ચાલે... પછી શી ખબર... જટિનું શું થશે!' આમ વિચારતા વિનાયકની આંખમાં કરુણા તરી આવતી હતી. તે જોઈને ધૂર્જટિ પળભર પોતાની પરિસ્થિતિ છેક જ ભૂલી ગયો અને બોલી ઊઠ્યો : 'બુદ્ધનાં ચક્ષુ.'

પણ ધૂર્જટિ જરા જુઠ્ઠો પડ્યો. પેલા બુક-કેસની બાજુમાં ગોઠવાયેલા બુદ્ધને પણ ધૂર્જટિના મામલામાં રસ તો જરૂર પડ્યો હતો. આ બુદ્ધના હાવભાવને ઝીણી નજરે જોનારે એ બાબત નોંધી જ હશે કે જ્યારે વિનાયકે ધૂર્જટિને પેલી 'તેનાં, જટિનાં લગ્ન થઈ જશે' તેવી ધમકી આપી ત્યારે બુદ્ધ પોતાના આસન પરથી નીચે ઊતરી આવી ધૂર્જટિનો હાથ ઝાલવાની અણી પર આવી ગયા હતા. પણ અત્યારે જ્યારે ધૂર્જટિ–વિનાયક એકબીજા સામે જોઈ રહ્યા હતા ત્યારે તો બુદ્ધ માત્ર તેમના મનથી મલકાઈ રહ્યા હતા...

તેનું કારણ કદાચ એ પણ હોય કે પેલા આદ્ય બુદ્ધની માફક આ ધૂર્જટિના દીવાનખાનાના બુદ્ધ પણ માટીના જ હતા, અને એટલે પોતે એક ફિરસ્તા છે તે વાત કોઈ કોઈ વાર તે ભૂલી જતા.

'તેમને પોતાના યશોધરા સાથેનાં લગ્ન યાદ આવ્યાં હશે.' ધૂર્જટિએ એમને મલકાતા જોઈ નક્કી કર્યું...

અને બીજી જ પળે બુદ્ધ પાછા સ્થિર, ગંભીર થઈ ગયા. આ પ્રોફેસર પોતાની સામે હસે છે તે તેમનાથી છાનું ન રહ્યું.

'પણ, વિનાયક!...' ધૂર્જટિએ વિનાયકને બરોબર બેઠેલો જોઈ ફરી પાછું કહ્યું. તે કાંઈક મહત્ત્વનું કહેવા માગતો હતો, પણ આજે પ્રસંગોએ કોઈ વિચિત્ર ગતિ પકડી હતી.

'વિમળાબહેન જ આવતાં લાગે છે.' વિનાયકે જાહેર કર્યું. તેની નજર બારણામાં જડાઈ ગઈ હતી. તેનો અણિયાળો ચહેરો પળેપળે સુકાતો ચાલ્યો હતો, અને પ્રોફેસર ધૂર્જટિ!

'ઓ બા! ચંદ્રાબા!' એણે તો પોતાનાં પચીસેય વર્ષ અને સર્વે ઉપાધિઓ બાજુ પર મૂકી દીધાં : 'ઓ બા!!'

બીજું કોણ બચાવે?

અંદરના ખંડમાંથી ચંદ્રાબા પ્રવેશ્યાં, અને બારણામાંની વિમળાબહેન...

*

વિમળાબહેન વિરુદ્ધ ચંદ્રાબા, ધૂર્જટિ, વિનાયક...

છ આક્રમક આંખોની મીટ વિમળાબહેન પર મંડાઈ. વિમળાબહેન હસતે મોંએ આ આક્રમણને ઝીલી રહ્યાં.

'આમ વિના આમંત્રણે આવી ચડવા બદલ માફ કરશો ને, બહેન?' વિમળાબહેને ચંદ્રાબાને ઉદ્દેશ્યાં.

'આ વિમળાબહેન છે!' વિનાયકે વચમાં પડતું મૂક્યું. તેના અવાજમાં ઓળખ કરતાં ચેતવણીના સૂર વધુ ઊંચા હતા. ચંદ્રાબાના ચહેરા પરની ગૂંચવણ તેનાથી સહન ન થઈ, અને ધૂર્જટિના ઘાટીલા, ગોળમટોળ ચહેરા પરની ગુલાબી સુરખી સુકાતી જોઈ તેણે માથું કોરાણે મૂક્યું.

'હા... હું વિમળાબહેન છું!' વિમળાબહેને પણ બીડું ઝડપ્યું.

'બેસોને, બહેન! આનંદ થયો.' ચંદ્રાબાના ઔપચારિક શબ્દો તો આ વિમળાબહેન અને વિનાયકની વચ્ચેની સાઠમારીમાં સમાઈ જ ગયા.

'આપ જ પ્રોફેસર ધૂર્જટિ કે?' વિમળાબહેને સોફા પર ઊતરતાં વિનાયકને ઉદ્દેશીને પૂછ્યું, જાણે કે પોતાની ધારણા ખરી પડ્યાનો સંતોષ સૂચવતાં હોય તેવા અવાજે.

આ દરમ્યાન ચંદ્રાબા પણ સોફા પર સમતુલા રાખવા બેસી ગયાં હતાં. બંને, વિમળાબહેન તથા ચંદ્રાબા બંને, જાજરમાન હતાં. છતાં બંનેને જોતાં જાણે એમ થતું કે હમણાં જ તેમનામાં છુપાઈ ગયેલી પેલી વીસ-પચીસ વર્ષ પહેલાંની છોકરીઓ છતી થઈ જશે...

અને કદાચ તેથી જ ધૂર્જટિ અને વિનાયક બંને છોકરડાઓમાં તેમને આમ બેઠેલાં જોઈ બાળકની નિઃસહાયતા અને તેની સાથે જ જુવાનીનાં ઝેર નીતરી રહ્યાં.

'આ ધૂર્જટિ, હું તેનો મિત્ર વિનાયક.' વિનાયકે વિમળાબહેનને જવાબ વાળ્યો.

વિમળાબહેને હવે ધૂર્જટિને જોઈ હાથ જોડ્યા. ધૂર્જટિએ પણ વળતા હાથ જોડ્યા. તે ઉપચાર-માત્રમાં ધૂર્જટિથી ઘણું બધું કહેવાઈ ગયું.

'આ ધૂર્જટિનાં બા, ચંદ્રાબા...' વિનાયકની ઓળખવિધિનો આમ સુખદ અંત આવ્યો અને ચંદ્રાબાને નિરાંત થઈ. બાકી કોઈ પણ નવી ઓળખાણ જેવા નાજુક પ્રસંગે વિનાયકની હાજરીને ચંદ્રાબા 'સ્ફોટક' તત્ત્વ તરીકે લેખતાં...

આજથી ચાર-પાંચ વર્ષ પર પોતાનાં અગ્રણી બહેનપણી પ્રસન્નબહેન સાથે વિનાયકનો ધૂર્જટિના અનન્ય મિત્ર તરીકે પરિચય કરાવવા પ્રયત્ન કરેલો ચંદ્રાબાએ, ત્યારે વિનાયકે પ્રસન્નબહેનને હસતાં હસતાં કહ્યું, 'ઘણો આનંદ થયો આપને મળીને, પણ...' અને ચંદ્રાબાનો જીવ તાળવે ટંગાયો... 'પણ માફ કરજો, મારાં લગ્ન હમણાં જ થઈ ગયાં છે, છેવટનાં છે.' પાછળથી ચંદ્રાબાએ વિનાયકને પૂછ્યું કે આ પહેલા જ પરિચયે પ્રસન્નબહેનને આમ કહેવું કેમ પડ્યું? તો વિનાયક કહે કે પ્રસન્નબહેનને જોડાં ગોઠવી કાઢવામાં મજા આવે છે એ વાત જગજાહેર છે, અને તેથીજ પ્રસન્નબહેન આ બાબતમાં ખોટી આશાઓ બાંધી, નાહક પાછળથી નિરાશ ન થાય એ હિસાબે એણે...

અત્યારે વિમળાબહેન વખતે પણ ચંદ્રાબાને એ પ્રસંગ જ યાદ આવી ગયો. પેલાં પ્રસન્ન હતાં, અને આ તો વળી વિમળાબહેન! શુંનું શું થાય!

વાતચીતમાં વૅક્યુમ આવી પડ્યું હતું. વિમળાબહેનની આવી સૌમ્ય રીતભાત જોતો હોવાથી વિનાયક તેમના તરફ જરા નરમ પડતો જતો હતો. જોકે સોફા પર સ્વસ્થતાથી છલકાઈ ગયેલાં આ વિમળાબહેનની એક સમયબોમ્બ તરીકેની છાપ તેની આંખમાંથી હજુ સાવ ગઈ નહોતી. ધૂર્જટિ આ બાજુ અંતરમાં બુદ્ધં શરણં ગચ્છામિ|નું રટણ કરતો હતો. વિમળાબહેન સામે એ જ છેલ્લું રક્ષણ હતું; બીજો રસ્તો ન હતો. ચંદ્રાબા અને વિમળાબહેન એકબીજાનું માપ કાઢતાં હતાં.

'આપનો પરિચય પામવાની ખરેખર ખૂબ ઇચ્છા હતી.' ચંદ્રાબાએ શરૂઆત કરી.

'મનોમન સાક્ષી છે ને!' જુઓ, આવી પહોંચી ને!' વિમળાબહેને સામે ઉમળકાભેર આરંભ્યું.

'મહિલા સહાયક મંડળ વિશે સહેજ જિજ્ઞાસા હતી. તેને વિષે રોજ સમાચાર વાંચું છું.' ચંદ્રાબાએ વાત ચલાવી : 'જોડવાની પણ ઇચ્છા થયેલી.'

'ઘણી ખુશીની વાત! તમારા જેવાં સન્નારી માટે એ સારું જ કહેવાય પણ...' અને

અહીં એમણે ખૂબ અંગત આંખે ચંદ્રાબા સામે જોઈ ઉમેર્યું, '...અત્યારે તો હું બીજા જ કામે આવી છું હો, ચંદ્રાબહેન!'

'જોજે હો, જટિ! જાળવજે!' વિનાયકે ધૂર્જટિને આંખથી કહી દીધું. જ્યારે જ્યારે વિમળાબહેન મંડળના કામે કોઈને મળવા જતાં ત્યારે ત્યારે એમ જ કહેતાં કે, 'હું તે કામે આવી જ નથી. અંગત કામે...' વિનાયક જાણતો હતો.

'આપના દીકરા...' વિમળાબહેન મુદ્દા પર આવતાં જતાં હતાં, અને કદાચ એટલે જ...

'ચંદ્રાબા!' ધૂર્જટિએ એકાએક ચિત્કાર કર્યો. તેનાથી ન રહેવાયું.

વિનાયકના સંકેત પછી તેનું મન વંટોળે ચડ્યું હતું. વિમળાબહેનને વિખેરવાં શી રીતે? પોતે બહાર ચાલ્યા જવું? તો વિનાયક બજારમાં ઉપાડી જાય!... ત્યાં જ બેસી રહેવું? તો વિમળાબહેન વકરી જાય, વાત વણસી જાય!... અને પછી ધૂર્જટિને, પ્રો. ધૂર્જટિને અવનવા રસ્તા સૂઝવા મંડ્યા... ફટાકડા ફોડવા?... પોલીસ બોલાવવા?... કે પછી... લીમડાનો ધુમાડો કરવો...

એટલે જ ધૂર્જટિ અકળાઈ ગયો અને તેનાથી મોટેથી બોલી જવાયું : 'ચંદ્રાબા!'

ચંદ્રાબા અને વિમળાબહેન તેની સામે હવે જોઈ રહ્યાં છે તે જાણી તે વધુ તંગ થયો.

'ચા મુકાવું?' ધૂર્જટિએ અંધારામાં માર્ગ કરતો હોય તે રીતે કહ્યું. ચંદ્રાબાને થયું કે ધૂર્જટિને આરામની જરૂર છે. એણે વાંચવાનું ઓછું કરી નાખવું જોઈએ. વિમળાબહેન વિવેક કરવા ના પાડવા જતાં હતાં, ત્યાં તો...

'રામા...!' ધૂર્જટિએ બૂમ મારી. બેઠેલા બાંધાનો, ગૌર વર્ણ, સુદઢ શરીર, ઊડતાં ઝુલ્ફાં — આવો આ રામો રજૂ થયો, અને...

ચંદ્રાબા ચેતે તે પહેલાં વિનાયક વળી બે પગલાં આગળ વધ્યો...

'વિમળાબહેન, આ રામપ્રસાદ છે. રામપ્રસાદ, આ વિમળાબહેન.' વિનાયકે મહેમાન-નોકરને અરસપરસ પરિચય આપ્યો.

બાકીનાને એમ કે આ કટોકટીનું તાકિર્ક પરિણામ તો એ જ આવે કે હવે વિમળાબહેન વિવેકમાં હાથ જોડશે, અને રામાને કાંઈ સૂઝ નહિ પડે તો મુક્કો ઉગામશે તો! ચંદ્રાબાને ફાળ પડી...

પણ બધાંને ઓળંગીને...

'રામલા... તું?' કહેતાં વિમળાબહેન સોફામાંથી ઊભાં થઈ ગયાં! વિમળાબહેનના વાળમાંથી વીજળી, આંખમાંથી અંગારા ઝરતાં હતાં...

ધૂર્જટિ અને વિનાયકે આંખો બંધ કરી દીધી. ઉઘાડી ત્યારે વિમળાબહેન નહોતાં...

અને રામો પણ નહોતો!

પાછળથી ચંદ્રાબા પાસેથી જાણવા મળ્યું કે રામાનો લગભગ કાન પકડીને બહાર લઈ જતાં જતાં વિમળાબહેન કહેતાં ગયાં હતાં કે, 'આને તો હું ક્યારની શોધતી'તી! હવે હાથમાં આવ્યો...'

ધૂર્જટિ અને વિનાયક વિમાસણમાં પડી ગયા.

રામલાનું દામ્પત્યજીવન જોખમમાં હતું?

'મારો રામો!' ધૂર્જટિએ વિલાપ આરંભ્યો હોત, પણ વિનાયકે વાર્યો....

*

# ૧૧

બીજા દિવસની સાંજ. રોજના શિરસ્તા મુજબ અર્વાચીનાનાં બા અને બાપુજી બેઠાં છે. બા આરામખુરશીમાં, બાપુજી હીંચકા પર. આવી રીતે સાડા છ-સાતના સુમારે થોડી વાર સામસામાં કે પછી પાસેપાસે બેસીને પછી જ બહાર જવાનો આ રિવાજ તેમણે ક્યારે શરૂ કર્યો તે તો એ બંને ભૂલી ગયાં હતાં. સમજુ ઘરોમાં આ રિવાજ બંને જણાં પિસ્તાળીસ વર્ષ વિતાવી જાય તે પછી જ શરૂ થાય છે... એ પ્રમાણે અહીં પણ બન્યું હતું.

બી.એ. થયા પછી સમાજશાસ્ત્ર શીખ્યા સિવાય જેનો છૂટકો જ નહોતો તેવા એક બાજુમાં રહેતા તરુણને તો અર્વાચીનાનાં બા-બાપુજીની આ સાયંવિધિએ એટલો બધો વિચારે ચડાવી દીધો હતો કે તેણે આ વિષય પર મહાનિબંધ લખવાનો મનસૂબો કર્યો હતો. તેના માનવા પ્રમાણે સાંજ પડ્યે પાસે પાસે બેસવાની આ રીત મા-બાપોને એક રીતે કબૂતર વગેરેના જેવા પક્ષીજીવન સાથે જોડે છે, તો બીજી રીતે વેદકાળની સહ નાવવતુ | વગેરેવાળી વિચારધારામાં તેમને વહેતાં મૂકે છે.

જોકે પાછળથી આ જ વિદ્યાર્થીને પક્ષીજીવનમાં એટલો બધો રસ પડેલો કે તેના વધુ અભ્યાસાર્થે તે પરદેશ પહોંચી ગયેલો. આ પછી જ તે અહીં માનવજીવનનો અભ્યાસ કરવાની લાયકાત મેળવી શકશે તેવું તેના એક પ્રખર પ્રાધ્યાપકને લાગેલું. આગળ ઉપર આ છોકરાનું શું થયું તે કહેવું મુશ્કેલ છે, પણ છેલ્લો તેને કોઈએ એક મ્યૂઝિયમના પક્ષીવિભાગમાં એક શાહમૃગના જોડા સામે જોઈ બેસી રહેલો જોયેલો.

અર્વાચીનાનાં બા-બાપુજીના વિચારોને સાંજ પડ્યે ટહેલવા નીકળવાની ટેવ હતી. આજની સાંજ જરા વધુ શાંત, શીતળ અને રંગીન લાગવાથી તે આજે વળી ઓર રંગમાં

હતાં. બાલમંદિરમાં ઘંટ વાગતાં એકીસાથે છૂટી જતાં ભૂલકાંઓ જેવા, જોનારને વહાલા લાગે એવા, હતા આ વિચારો. એકએકને માથે રંગબેરંગી ફૂમતાં ફરકતાં હતાં. એકે-એકે ભાતભાતનાં, જાતજાતનાં ઝબલાં પહેર્યાં હતાં. એકના વાળ સોનેરી, તો બીજાના ગાલ ગુલાબી. એકનો સૂટ કાબરચીતરો, તો બીજાનું દફતર.

અને અર્વાચીનાનાં બા-બાપુજીના મનને બાગબાગ બનાવી દેતા, આનંદથી મહેકતા વિચારોના આ ટોળામાંથી ઊડતું કોઈ અસ્પષ્ટ પણ અતિ સુંદર સંગીત તેમનાં બંનેનાં મોં પર નિઃશંક નીતરી રહ્યું હતું. તે સાંભળવા માટે બાલમંદિરમાંથી છૂટતાં છોકરાં પર કાન માંડવો પડે...

આ વિચારોના મોં પર આખાય દિવસનો — પિસ્તાળીસ ઉપર વર્ષોનો — થાક વરસતો હતો, અને કદાચ તેથી જ તે વધુ સુંદર લાગતા હતા. અર્વાચીનાનાં બા-બાપુજીના મનમાં સાંજ પડ્યે ટહેલવા નીકળી પડતા આ બધાય વિચારોનું મોં એક જ સરખું હતું — અર્વાચીના જેવું... અર્વાચીના જુએ તો બા-બાપુજીનાં પણ અત્યારે તેને બાળક જેવાં જ લાગે...

'આવું કે?' નીચેથી ચંદ્રાબાનો અવાજ આવ્યો.

'ઓહોહો! ચંદ્રાબા! આવો.' અર્વાચીનાનાં બાએ દાદરના કઠેડા ઉપર ઝૂમી ઝૂમી તેમને આવકાર્યાં. ચંદ્રાબા ઉપર આવ્યાં, બીજે માળે. જિંદગીને મકાનનું રૂપક જો હજુ સુધી ન અપાયું હોય તો — આપણાં અત્યારનાં ત્રણેય પાત્રો — આ ત્રણે જણાં, જિંદગીના ઉપલા માળ સુધી આવી ગયાં હતાં. હવે આગળ જતાં આવતી હતી ખુલ્લી અગાસી અને તેથી ઉપર તો... આકાશ પોતે.

'ચંદ્રાબાની અત્યારની ગતિ માફક બધાય આત્માઓની ગતિ પણ ઊર્ધ્વ જ છે.' ચંદ્રાબાને દાદર ચડતાં જોઈ બાપુજીને આવો આધ્યાત્મિક વિચાર આવ્યો... અંતે તેમણે મનોમન કહ્યું :

'ઈશ્વર ચંદ્રાબાના આત્માને શાંતિ આપે!' સારે નસીબે તેમણે આ સ્વગત જ ઉચ્ચાર્યું.

'ગઈ કાલે સાંજે જ તમારી રાહ જોઈ'તી.' અર્વાચીનાનાં બાએ ચંદ્રાબાને કહ્યું.

'આવવું જ હતું, પણ એક...' ચંદ્રાબા ખુલાસો આપવો શરૂ કરે ત્યાં તો...

'પણ એક આફત આવી પડી, એમ ને?' બાપુજી મદદે આવ્યા. ચંદ્રાબા હવે બૂચસાહેબની ચપળતાથી ટેવાતાં જતાં હતાં, છતાં આ ચમકારો તેમને અજોડ લાગ્યો. વિમળાબહેનને 'આફત' સિવાય બીજું શું કહેવાય?... છતાં દેખાવ ખાતર...

'આફત તો શી રીતે કહું... અતિથિ કહીશ.' ચંદ્રાબાએ ખુલાસો પૂરો કર્યો.

'કોણ અતિથિ હતાં?' બાએ ચંદ્રાબાને પૂછ્યું.

'અરે! હતાં કોઈ વિમળાબહેન કરીને!' છેવટે ચંદ્રાબાએ મર્યાદા બાજુ પર મૂકી... અને તેમના આશ્ચર્ય વચ્ચે બૂચસાહેબ હીંચકા પરથી ઊભા થઈ ગયા હતા.

'વિમળા...!' એ એટલું જ બોલી શક્યા.

'...બહેન.' બાએ બાપુજીનું વક્તવ્ય ઉચિત રીતે પૂરું કર્યું.

'ઓળખો છો?' ચંદ્રાબાએ બંનેને એકસામટું પૂછ્યું.

'પૂરેપૂરી રીતે!' બૂચસાહેબનો જવાબ હતો.

'બાજુમાં જ રહે છે!' બાનું કહેવું હતું.

'ધૂર્જટિને કહેશો નહિ.' ચંદ્રાબાએ અધીરાઈથી કહ્યું.

'ધૂર્જટિ એમને ક્યાંથી ઓળખે?' અર્વાચીનાનાં બાએ મુત્સદ્દીગીરીથી પૂછ્યું. અર્વાચીના અને ધૂર્જટિ લગ્ન કરવાનાં છે તેવી પેલી વિમળાબહેનની આણેલી વાત તેમના મનમાં વસી રહી.

'તેમને ઓળખવા કરતાં તેમનાથી બીએ છે બહુ!' ચંદ્રાબાએ હસતાં હસતાં કહ્યું.

'શું કહ્યું? ધૂર્જટિ બીએ છે?' બૂચસાહેબનો અવાજ ધારદાર થઈ ગયો : 'કેમ?'

'આ તો મશ્કરીમાં કહે છે.' બાએ વચમાં બોલવા માંડ્યું.

'કેમ તે એમ કે વિમળાબહેન ધૂર્જટિને ક્યાંક પરણાવી દે તેવી તેને બીક છે!' ચંદ્રાબાએ ખડખડાટ હસતાં કહ્યું.

'તે પહેલાં હું પોતે જ ધૂર્જટિને પરણાવી દઈશ!' બૂચસાહેબ જીવ પર આવી ગયા હતા. વિમળાબહેનના કોઈ પણ કરતૂકને ભોંયભેગું કરવાનો ક્ષાત્રધર્મ તેમણે જિગરથી સ્વીકાર્યો હતો.

'કોની સાથે?' ચંદ્રાબાએ તરત જ તેમને આંતર્યા.

'જોજો હો! મારી અર્વાચીના હજુ નાની છે!' અર્વાચીનાનાં બાએ સૂચકતાથી ઉમેર્યું...

એકદમ ચંદ્રાબા બદલાઈ ગયાં. અર્વાચીનાનાં બા પર તેમણે એક તીક્ષ્ણ નજર ફેરવી લીધી. તે એક એવી ચીજ શોધતાં હતાં કે જે ભાગ્યે જ જડે છે — શબ્દોનો અર્થ.

વાતચીત ફરી એક વાર સામાન્ય સપાટી પર આવી ચઢી, પણ ધૂર્જટિ-અર્વાચીના વિશેનું આ વિચારબીજ ત્રણેયના મનમાં પડી ચૂક્યું.

આપણો ઘડીક સંગ

*

# ૧૨

ચંદ્રાબાના ગયા પછી ક્યાંય સુધી હેડમાસ્તર અને અર્વાચીનાનાં બા શાંત જ રહ્યાં.

'ખોટું નહિ!' આખરે બાએ નક્કી કર્યું, પહેલાં મનથી અને પછી મોટેથી.

'ખોટું નહિ જ.' બૂચસાહેબે પણ સાથે જ નક્કી કરી નાખ્યું, જોકે પહેલાં મોટેથી અને મનથી તો પાછળથી.

કોણ કોનો પડઘો પાડે છે તે કળવું મુશ્કેલ હતું. બંનેના એક જ વિચારો હોવા, એક જ — બંને એક જ વાદ્યના બે તાર હોવા, એવો જ આદર્શ, કવિઓ જુવાનીમાં સિદ્ધ કરવા જાય છે, એ સંસારીઓ પ્રૌઢાવસ્થામાં ઘણી વાર વણમાગ્યો મેળવી લે છે — પછી ભલે તેમાંનો એક તાર બીજા પર જરા જોર કરી જાય.

'શું ખોટું નહિ?' એટલું પણ બૂચસાહેબે પૂછ્યું નહિ. તે સમજી ગયા કે અર્વાચીનાનાં ધૂર્જટિ સાથેનાં સૂચિત લગ્નની વાત ચાલે છે.

'જોકે ચંદ્રાબાએ માત્ર મજાક કરતાં જ કહ્યું હતું!' બૂચસાહેબે શંકા સૂચવી.

'અર્વાચીનાનું ધૂર્જટિ સાથે થાય તો તો તે ભાગ્યશાળી કહેવાય!' બાનો અવાજ લાગણીવશ હતો.

'કોણ?' બૂચસાહેબે પૂછ્યું.

'અર્વાચીના!' બાએ કહ્યું.

'ધૂર્જટિ!' હેડમાસ્તરનું દૃઢ માનવું હતું : 'ધૂર્જટિ ભાગ્યશાળી કહેવાય.'

'હવે વાત નીકળશે તો ચંદ્રાબાને અર્વાચીનાની વિધિસર વાત કરીશ.' બાએ ગાંઠ વાળી.

'અર્વાચીનાને પૂછ્યું છે?' બૂચસાહેબે પૂછ્યું.

'અર્વાચીનાને? શું?' બા ચમક્યાં.

'તેને ધૂર્જટિ ગમશે?'

'એને શું કામ ન ગમે?' બાને આશ્ચર્ય થયું. બૂચસાહેબ બા સામે જોઈ રહ્યા. તેમને તેમનાં લગ્ન યાદ આવ્યાં.

'આપણે સારું જીવ્યાં, નહિ?' પોતાના જ વિચારોના અનુસંધાનમાં તેમણે બાને પૂછ્યું.

'ચંદ્રાબાનું વલણ તો સારું લાગ્યું. પણ...' બાને પોતાના કરતાં આ પાંગરતા જીવનમાં વધુ રસ હતો.

'ચંદ્રાબાની નજરમાં બીજી કોઈ હશે તો નહિ માને!' બૂચસાહેબ પાછા વર્તમાનમાં આવી ચઢ્યા.

'મને એ જ બીક છે!' બાએ કહ્યું.

'પહેલાં અરુને તો પૂછી જોઈએ!' બાપુજીએ કહ્યું.

'પણ...' બા આનાકાની કરતાં હતાં.

'કેમ?'

'એક વાર અરુને આશા થાય અને પછી ન બને તો?' બા અર્વાચીનાનાં મા હતાં.

'એવી બીક તો તમારાં બાને પણ લાગી જ હશે ને?' બૂચસાહેબે સમાંતર દાખલો આપ્યો.

'કેવી બીક?' બાને કાંઈ ન સમજાયું.

'કે મારી સાથે નહિ થાય તો તમે નિરાશ થઈ જશો!' બૂચસાહેબે કફનીની કરચલી સરખી કરતાં કહ્યું.

'ના રે ના! એ વખતે તો ઘણાય વરની છત હતી. તમે નહિ તો બીજા!' બાએ ખૂબ જ સરળતાથી કહ્યું. કફનીની કરચલીઓ હતી એવી ને એવી થઈ રહી.

'ત્યારે તમને મારા પર એવો ભાવ તો નહિ જ ને?' બૂચસાહેબે બહુ મોડો મોડો પણ ઝઘડો ઉઠાવ્યો. તેમનું ચાલે તો હજુય તેમનાં લગ્ન રદ કરાવી, સગાઈ તોડાવી, બાને ખબર આપી દે કે...

પણ... લાચાર.

'અત્યારની જ વાત કરો ને!' બાએ તેમને ટોક્યા.

'ચંદ્રાબા વાંધો ઉઠાવે અને ફક્ત તે કારણસર જ લગ્નની આનાકાની થાય તો તેમને સમજાવવાં શી રીતે?'

'પણ ધૂર્જટિને અર્વાચીના ગમશે તેની શી ખાતરી?' બૂચસાહેબે બીજી મહત્ત્વની મુશ્કેલી ઊભી કરી.

'તેની તો મને ફિકર જ નથી.' બા નિશ્ચિંતિ હતાં.

'શા ઉપરથી?' બૂચસાહેબે પૂછ્યું.

'તમે ન સમજો. મને વાર ન લાગે.' બાએ ભેદી રીતે વાત વાળી મૂકી.

'મને કેમ ન સમજ પડે?' બૂચસાહેબે આ પ્રશ્ન અનેક વાર પૂછેલો.

'તમે પુરુષ માણસ આ ક્ષેત્ર માટે નકામા.' બાનો સૂત્રાત્મક જવાબ ફણ એટલો જ જૂનો હતો. 'પ્રશ્ન માત્ર ચંદ્રાબાનો જ છે!'

વ્યૂહરચનાના વિચારમાં બા ક્યાંક સુધી ખોવાઈ રહ્યાં.

'એક રસ્તો છે!' છેવટે બાએ તોડ કાઢ્યો.

'કયો?' બૂચસાહેબે તટસ્થ ઉત્સુકતાથી પૂછ્યું.

'વિમળાબહેન!' બાએ કહ્યું.

'મારી અરુનાં લગ્નમાં વિમળાબહેનનો જરા પણ હાથ ન હોવો જોઈએ! એમનો પગ નહિ.' બૂચસાહેબ ઊકળી ઊઠ્યા. બાનું સૂચન આમ કૅરમના સ્ટ્રાઇકરની જેમ ભટકાઈને પાછું આવ્યું....

અને છતાં બીજી વાર એ તેમને મળવા આવ્યાં, અને સંજોગવશાત્ એ હમણાં હમણાં અહીં મળવા પણ ઘણી વાર આવતાં; જ્યારે બાએ તેમને ચંદ્રાબાની આ બાબતમાં નાડતપાસ કરવા કહી તો રાખ્યું જ.

'છો કે?'

હમણાં જ ધૂર્જટિને ચોપડી લઈ 'આટલામાં' જવા ચાલતા થાયને માંડ પાંચ કે દશ મિનિટ થઈ હશે ત્યાં ચંદ્રાબાને કાને અર્વાચીનાનાં બાનો સુપરિચિત અવાજ આવ્યો. તેમની સાથે બાપુજી પણ હતા જ. ચંદ્રાબાએ ધૂર્જટિનું ખમીસ સાંધવાનું પૂરું કર્યું હતું. અત્યારે તો તે એકલાં બેઠાં ભૂતકાળના કેટલાક કટકા લઈ તેમને વર્તમાનમાં સાંધવા પ્રયત્ન કરી રહ્યાં હતાં, જેથી ધૂર્જટિના ચાલ્યા જવાથી કે પછી ન સમજાય તેવા કોઈ કારણથી, અસ્તવ્યસ્ત બની ગયેલા વર્તમાનમાંથી કોઈ સુરક્ષિત ભાત ઊપસી આવે.

અનુભવનું પોત અત્યારે બહુ દૂર સુધી ઉકેલાઈ ગયેલું પડ્યું હતું. ચંદ્રાબા તેના પર આંગળી ફેરવતાં, તેને કોઈ વાર સરસ મુલાયમ નોંધતાં તો કોઈ વાર કાંટાળું ખરબચડું પામતાં. અર્વાચીનાનાં બા-બાપુજી બારણામાં પ્રવેશ્યાં ત્યારે ચંદ્રાબાની આંગળી એક

વિશિષ્ટ એવી અનુભવ-ભાત પર અટકી હતી... ધૂર્જટિનો અત્યારનો બંગલો, હોદ્દો, મોભો, બધું એક પડદાની માફક ઊંચકાઈ ગયું હતું. અત્યારે તો ધૂર્જટિ એક સોળસત્તર વર્ષનો છોકરડો હતો. તેના હાથમાં મેટ્રિક પાસ થયાનો તાર હતો. ચંદ્રાબા તેની ઉપર સ્નેહ અને શ્રદ્ધાથી ઝૂમી રહ્યાં હતાં. તેમની બાજુમાં એક બીજી આકૃતિ હતી. તે હતી ધૂર્જટિના બાપુજીની. પણ તે ફક્ત એક આકૃતિ જ હતી, વ્યક્તિ નહિ. ધૂર્જટિના બાપુજી એક ઉચ્ચ સરકારી અમલદાર હતા. પણ ધૂર્જટિ જ્યારે ફિફ્થ અને સિક્સ્થમાં હતો ત્યારે સ્વર્ગવાસી થયેલા...

આ આંચકા પછી ચંદ્રાબામાં એક નવું જોમ રેડાયું. દુ:ખને હસતે મોંએ ભેટવા તે તૈયાર થયાં. પણ ચંદ્રાબાના મિજાજના માળખા પ્રમાણે જ ગોઠવાવું જિંદગીને રુચ્યું નહિ. ચંદ્રાબાએ દુ:ખને ભેટવા તૈયારી કરી ત્યારે તેમને ભેટવું પડ્યું સુખને. સમયના કી-બોર્ડની કળો પર આંખ પણ માંડ્યા વગર ઊડતી આંગળીઓએ ચંદ્રાબાએ પોતાના પુત્ર ધૂર્જટિની કારકિર્દી પલકવારમાં આંકી નાંખી. મૅટ્રિક થયેલો ધૂર્જટિ કોલેજમાં જોડાયો. બી.એ. થયો, એમ.એ. થયો... પ્રોફેસર થયો... અને હવે, 'મારી આંગળીઓ આરામ માગે છે.' એમ ચંદ્રાબાને લાગવા માંડ્યું હતું.

'છો કે?' અર્વાચીનાનાં બાના અવાજથી ચંદ્રાબા જાગી ઊઠ્યાં; આમતેમ જોવા લાગ્યાં. એક પળભર તો તેમને આ બંગલો, આ ફર્નિચર, આ અમદાવાદ, આ બધું શું છે, તેમને આ બધાં સાથે શો સંબંધ છે તે પણ ન સમજાયું... અર્વાચીનાનાં બા અને બાપુજી હવે તો વધુ નજીક આવી પહોંચ્યાં હતાં. વીતી ગયેલી પળોનાં ગૂંચળાં ધીમે ધીમે આછાં થયાં...

'આવો!' કહી ચંદ્રાબા અર્વાચીનાનાં બાપુજીને અને બાને આવકારવા ઊભાં થયાં.

'કેમ એકલાં? ધૂર્જટિસાહેબ ક્યાં?' અર્વાચીનાનાં બાએ સોફા પર જગ્યા લેતાં પૂછ્યું.

'આટલામાં ક્યાંક ગયો છે.' ચંદ્રાબાએ કહ્યું.

'ક્યારના ગયા છે? વાર થઈ?'

'ના, ના! માંડ દશેક મિનિટ થઈ હશે. તમે સહેજ વહેલાં આવ્યાં હોત તો મળી જાત.'

'હવેથી અમારે આવવું હોય તેનાથી રોજ સહેજ વહેલાં જ આવીશું.' બૂચસાહેબે બા સાથે નક્કી કર્યું.

'એમ કરજો.' ચંદ્રાબાએ હસીને કહ્યું, અને ઉમેર્યું, 'એટલે તમે ધૂર્જટિને જ મળવા માગો છો, મને નહિ ને?'

'જોજો હોં! ચંદ્રાબા સાથે બોલતાં સાચવજો!' બાએ બાપુજીને ચેતવણી આપી.

'હેં ચંદ્રાબહેન?' બૂચસાહેબે ચંદ્રાબાને પૂછ્યું.

'ના રે ના! સાચવવાનું મારે છે, સાહેબ.' અને બા તરફ ફરીને કહ્યું, 'યાદ નથી, પહેલી જ મુલાકાત વખતે મને મહારાણી વિક્ટોરિયા તરીકે વર્ણવી'તી?'

'અરે! એ તો કાંઈ નથી. મારાં એક બીજાં બહેનપણી...'

'પેલાં વસુમતીબહેન...' બાપુજીએ જ બાને મદદ કરી.

'હા... એ વસુમતીબહેનને... કેવાં કીધાં'તાં? કોના જેવાં?' બાએ બાપુજીને જ પૂછ્યું. બાપુજી ગંભીર થઈ જઈ યાદ કરવા લાગ્યા, જે દરમ્યાન ચંદ્રાબા, પેલો પ્રસન્નબહેન અને વિનાયકવાળો પ્રસંગ યાદ કરી રહ્યાં. 'વિનસ જેવાં? મેરી આંત્વનેત? જોન ઓફ આર્ક?' બાપુજી મનમાં બધાં શક્ય નામો યાદ કરતા હતા, 'માતાહરી?...'

બાપુજીના ખુશખુશાલ ચહેરાને જોઈ ચંદ્રાબા તો વસુમતીબહેનના ગ્રહો કેવા હશે તેનો જ વિચાર કરતાં હતાં.

'અર્વાચીનાને કેમ સાથે ન લાવ્યાં?' જરા સ્વસ્થ થઈ ચંદ્રાબાએ પૂછ્યું.

'એને કીધું કે ચાલ, પણ ન આવી!' બાએ કહ્યું.

'હવે તો સાવ છૂટી જ હશે, નહિ? પરીક્ષાઓ તો પતી ગઈને?'

'હા! એ તો છૂટી જ છે, પણ...'

'અમે બંધાતાં જઈએ છીએને!' બૂચસાહેબે બાનું વક્તવ્ય પૂરું કર્યું.

'કેમ? કેવી રીતે?' ચંદ્રાબાને ન સમજાયું, કે સમજાયું એટલે જ આમ પૂછ્યું.

'એને હવે ઠેકાણે પાડવી પડશેને!'

અર્વાચીનાનાં બાએ ચિંતા વ્યક્ત કરી.

'શી ઉતાવળ છે?' ચંદ્રાબાએ તટસ્થતાથી કહ્યું.

'પણ મારે ઉતાવળ છે!' બાપુજીએ સ્પષ્ટ અવાજે કહ્યું. એમના વિચારો માથું કોરાણે મૂકીને ફરી ગયા હતા.

'કેમ?'

'હું સ્ત્રીલગ્નમાં માનતો નથી!'

અર્વાચીનાનાં બા માટે પણ બાપુજીનું આ વિધાન નવું હતું. ચંદ્રાબાએ તો બાપુજીના વિચારોને પહેલા ઘાએ સમજી જવાનો પ્રયાસમાત્ર પણ મૂકી દીધો હતો. બંને જણાં

અત્યારે એક સભામાં ફેરવાઈ ગયાં હતાં, અને એટલે તો બાપુજીએ મોકળે મને પોતાની છેલ્લી જાહેરાત પર વિસ્તારથી બોલવા માંડ્યું :

'હું સ્ત્રીલગ્નમાં માનતો નથી! એટલે કે હું પુરુષલગ્નમાં પણ માનતો નથી!' સભા જડવત્ બની ગઈ હતી. 'એટલે કે હું સ્ત્રીપુરુષ-લગ્નમાં જ માનતો નથી!' પ્રોફેસર ધૂર્જટિનો એક વિદ્યાર્થી બારણામાં જ સ્તબ્ધ બની ઊભો રહી ગયો હતો. તેણે ખિસ્સામાંથી કાગળ-પેન્સિલ કાઢી નોંધ લેવા માંડી હતી, તેની તો કોઈએ નોંધ પણ ન લીધી. બાપુજીએ આગળ બોલવા માંડ્યું :

'હું સ્ત્રીપુરુષ-લગ્નમાં માનતો નથી એનો અર્થ એમ નહિ કે હું લગ્નસંસ્થામાં જ માનતો નથી.'

બાપુજીના આ શબ્દોથી બા અને ચંદ્રાબાની બનેલી સભામાં જરા રાહતની લાગણી ફેલાઈ.

'હું લગ્નમાં માનું છું, પણ વરકન્યા-લગ્નમાં, સ્ત્રીપુરુષ-લગ્નમાં નહિ!'

ધૂર્જટિના પેલા બારણામાં થીજી ગયેલા વિદ્યાર્થીએ બાપુજીના આ વાક્ય નીચે લાલ લીટી કરી પ્રશ્નાર્થચિહ્ન કર્યું, પણ બીજી જ પળે બૂચસાહેબે ખુલાસો કર્યો :

'હું અને અર્વાચીનાનાં બા — અમે બંને પુરુષ અને સ્ત્રી.' અને અર્વાચીનાનાં બાની નજર કાંઈક આરામ શોધતી બારણા પર પડી પેલા વિદ્યાર્થી પર, જેથી તે નોંધ અધૂરી રાખી ચાલતો થયો. આ બાજુ અર્વાચીનાનાં બાને એ કોયડો જ રહ્યો કે એમણે જે જોયો એ ખરેખર છોકરો હતો કે માત્ર દૃષ્ટિભ્રમ?

'જ્યારે...' બૂચસાહેબ હવે સમેટાતા હતા : 'ધૂર્જટિ અને અર્વાચીના વર અને કન્યા કહેવાય.' અહીં તે એકાદ મિનિટ થોભ્યા અને છેવટે નવનીત કાઢતાં કહ્યું : 'તેથી મારાં અને અર્વાચીનાનાં બાનાં લગ્ન જો અત્યારે થાય...' અહીં અર્વાચીનાનાં બાએ હળવો નિસાસો મૂક્યો, અને બાપુજી : 'તો તે સ્ત્રીપુરુષ-લગ્ન કહેવાય, જેનો હું વિરોધ કરું છું, જ્યારે ધૂર્જટિ અને અર્વાચીનાનાં લગ્ન અત્યારે થાય તો તે વરકન્યા-લગ્ન કહેવાય. બન્ને યોગ્ય ઉંમરનાં છે, જેની હું હિમાયત કરું છું.'

'હું પણ!' ચંદ્રાબા પણ રમૂજભરી ગંભીરતાથી જોડાઈ ગયાં.

ઘેર જઈને ફરી એક વાર બાએ બાપુજીને કહ્યું : 'ખોટું નહિ.' અને બાપુજીએ એ જ કહ્યું : 'ખોટું નહિ!'

*

પ્રોફેસર ધૂર્જટિ એક અણનમ વાચક હતા. જેને અ-વાચક વર્ગના લોકો, ખરી અથવા ખોટી રીતે, વાસ્તવિક ગણાવે છે તે જગતને ધૂર્જટિ ભાગ્યે જ સ્પર્શતા. 'બનાવો' પ્રત્યે તે ઉદાસીન રહેતા, તો વળી કોઈ એક જ બનાવની બારીમાંથી ખૂબ ઊંડે સુધી તે જોઈ નાખતા, અને આ દર્શન પછી તે જો કાંઈ બોલી નાખતા, તો તેમના શ્રોતાઓ તેમની સામે કોઈ વિચિત્ર આદરથી જોઈ રહેતા, જેથી ધૂર્જટિને ખોટું લાગતું... અત્યાર સુધી ચંદ્રાબા ધૂર્જટિના આ અનુભવમાં અપવાદરૂપ હતાં. અનિવાર્ય રીતે અંતર્મુખ એવા ધૂર્જટિના આંતરજીવનને ચંદ્રાબા દ્વારા એક અર્થ મળી રહેતો.

'ચંદ્રાબા!' ધૂર્જટિ મોટેથી બોલી ઊઠ્યો. સોફાના હાથા ઉપર પગ વીંટાળી, બીજા હાથા પર માથું ટેકવી, ચોપડી ઊંચે રાખી, વાંચવાની તેની આ ટેવ માટે ચંદ્રાબાએ તેને પહેલાં ઘણી વાર ટોક્યો હતો. અત્યારે પણ ધૂર્જટિ આ રીતે જ વાંચી રહ્યો હતો. ચોપડીમાંથી બહાર કાઢેલું તેનું મોં ગુલાબી થઈ ગયું હતું. તેની આંખો ચળકતી હતી.

'જુઓ! જુઓ!' પગ નીચે ઊતરતાં તે બોલતો ગયો.

સામેની નેતરની ખુરશીમાં બેસી તેના ખમીસમાં કાંઈક સીવી રહેલાં ચંદ્રાબા તેની સામે તટસ્થ રીતે જોઈ રહ્યાં.

'જુઓ, ચંદ્રાબા! આ લેખકનું એમ કહેવું છે કે જેમ માણસને લાગતી તરસ તે પાણી હોવાની સાબિતી છે, તેમ માણસને લાગતી ઈશ્વરની તરસ, ભક્તિ, તે ઈશ્વરના અસ્તિત્વની સાબિતી છે!'

ચંદ્રાબાની સોય અટકી.

'સરસ! સરસ!' ધૂર્જટિ નાચી ઊઠ્યો. ત્યાં તો તેણે ચંદ્રાબાના મોં તરફ જોયું.

'હશે!' ચંદ્રાબાએ ફરીથી સીવવાનું શરૂ કર્યું હતું. તેમના મોં પર નીરસતા વરસતી હતી. અવાજમાં થાક હતો.

ધૂર્જટિના હાથનું પુસ્તક જેમનું તેમ રહી ગયું. તેનું મોં ફિક્કું પડી ગયું. તેના કપાળે પરસેવો વળ્યો. નિ:સહાય થઈ તેણે ચશ્માં ઉતારી આંખ પર હાથ ફેરવ્યો.... એક મિનિટ તે અસ્વસ્થ થઈ ઊભો જ રહ્યો. આમતેમ જોવા લાગ્યો... બીજી મિનિટે તે સોફા પર બેસી ગયો, છત સામે ચંદ્રાબાની સોય ચળકતી, સળવળતી, ચાલી રહી હતી...

'પેલું ફરીથી કહે તો, જટિ!' ચંદ્રાબાએ બે-ત્રણ મિનિટ પછી પૂછ્યું. તેમના અવાજમાં આશ્વાસન હતું. જટિ મૌન સેવી રહ્યો. તેને બધું ખાલી લાગતું હતું.

કોઈ ખૂબ સ્થિર એવા તેના આજન્મ આસન પરથી તેને કોઈએ અચાનક અનંત અવકાશમાં ગબડાવી પડ્યો હોય તેવી તીવ્ર લાગણી તેણે અનુભવી. તે ગબડતો જ રહ્યો. ટેકો શોધવાની એક ચેષ્ટા તેનાથી સહજ જ થઈ ગઈ. પણ...

દશેક મિનિટ પછી તે ઊભો થયો. કબાટમાંથી બહાર જવાનાં કપડાં કાઢી તેણે પહેર્યાં. અરીસા સામે ઊભો રહ્યો, વાળ સરખા કર્યા. અંદરથી તે કાંઈક અકડાઈ અનુભવી રહ્યો હતો. ચોપડી લઈ ચંપલ પહેર્યાં, ચાલવા માંડ્યું...

'બહાર જાય છે?' ચંદ્રાબાએ પૂછ્યું.

'હા!'

'ક્યાં?'

'આટલામાં!'

ધૂર્જટિ અર્વાચીનાને મળવા જતો હતો. તેણે સડક પર ચાલવા માંડ્યું. સડકને ધૂર્જટિ ઓળખતો હતો, અને તેવી જ રીતે સડક એને ઓળખતી હતી. સડકના મોં ઉપર ઊતરતા બપોરના તડકા તપતા હતા. આખા દિવસની ગરમીથી તે પણ થાકી હતી. તેથી અત્યારે તે બહુ ચાલાકીથી વિચારી શકી નહિ... તેણે ફક્ત એટલું જ મનમાં કહ્યું, 'હં! પાછી એની એ વાત. પુત્રત્વ વટાવ્યું અને પ્રેમ શરૂ થયો. કાંઈ નવું નથી!' સડકો ફિલસૂફો જેવી હોય છે. બહારથી ગમે એટલી ભલે રગદોળાય, પણ અંદરથી તટસ્થ. આ ધૂર્જટિવાળી સડકે વળી જરા વાંચ્યું હતું. 'સન્સ એન્ડ લવર્સ, પુત્રો અને પ્રેમીઓ!' એ બબડી. ડી. એચ. લોરેન્સની આ કૃતિ સડકે વાંચી હતી, આજથી થોડાં વર્ષો ઉપર. ધૂર્જટિને ચંદ્રાબા પાસેની અર્વાચીના તરફ જતો જોઈ એ એને યાદ આવી ગઈ.

ડગલેડગલે ધૂર્જટિ એક નવી દુનિયામાં પ્રવેશતો જતો હતો. તેના અસ્તિત્વના બહુ ઊંડાણથી એક મીઠો ઉમળકો ઊભરાઈ આવતો હતો. રંગ, સુગંધ, અને સૂરનાં બનેલાં કોઈ વહાલભર્યાં વાદળાંની મીઠી હૂંફમાં તે જાણે ખુશીથી ખોવાઈ રહેતો હોય તેવું તેને લાગતું હતું. તે જેના પર ચાલી રહ્યો હતો તે સડક, બાજુની ફૂટપાથ, પાસેથી પસાર થતાં વાહનો, મકાનોની બારીઓ અને બારણાંઓમાંથી દેખાતા ચહેરાઓ, ઉપર ઊપડી રહેલું ભૂરું–સોનેરી સાંજનું આસમાન, અને ઝાડનાં પાંદડાંઓમાંથી અનેક તેજગૂંથણી રચી ગળાઈ આવતાં સૂર્યકિરણો, અને આ કિરણોમાં વળી અત્યંત ભાવપૂર્ણ, લયબદ્ધ

રીતે રમી રહેલો એકએક રજકણ — આ બધું ધૂર્જટિને કોઈ અનન્ય રીતે એકરસ થઈ રહેલું લાગતું હતું. અત્યારે તે પોતે પણ પોતાનું અલગ અસ્તિત્વ-વર્તુળ છોડી, પોતે પ્રસારી રહેલા ચેતન-સમુદ્રનો એક રસતરંગ જ બની રહ્યો હતો.

પાછળથી એક વાર વિનાયકે ધૂર્જટિને ખૂબ જિજ્ઞાસાપૂર્વક પૂછેલું કે, 'હેં જટિ! તું અર્વાચીનાના પ્રેમમાં પડ્યો, આ ''પ્રેમમાં પડ્યો'' જેવો સસ્તો શબ્દપ્રયોગ કર્યો તે બદલ માફ કરજે, પણ આવું જ્યારે થયું ત્યારે તને શું થયું હતું?'

વિનાયકનો પ્રશ્ન અસ્પષ્ટ પણ મૂળભૂત હતો. તેથી પ્રોફેસર ધૂર્જટિએ પૂરી પાંચ મિનિટ મનન કર્યા પછી બોલવા માંડ્યું :

'જો વિનાયક!' ધૂર્જટિએ કહ્યું : 'તેં એક એવો પ્રશ્ન પૂછ્યો છે કે જે સનાતન છે, શાશ્વત છે, અને જે પૂછવા માટે પણ અક્કલની જરૂર પડે છે, જેની મેં તારી પાસે આશા રાખી ન હતી...' અહીં વિનાયક વિરોધ કરવા વચમાં પડતો હતો, પણ ધૂર્જટિએ પ્રેમ પર પોતાનું પ્રવચન ચાલુ રાખતાં જણાવ્યું :

'જ્યારે હું પોતે તેનો અનુભવ કરવા લાગ્યો ત્યારે સહુપ્રથમ તો મને એમ જ થયેલું કે મને જાણે કુદરત કાંઠલેથી પકડી ખૂબ ઊંચે ઊંચે ઉડાડતી ગઈ... અને પછી જાણે મને છોડી દીધો... પૅરેશૂટની છત્રીથી જાણે ધીમે ધીમે, ઊતરતો ઊતરતો હું છેવટે કોઈ અજાયબ ભૂમિમાં આવી પડ્યો... અહીં બધું બાગે બેહિસ્ત જેવું હતું. અહીં બહાર હતી, અહીં ચમન...'

'વગેરે, વગેરે...' વિનાયકે પતાવ્યું, વહેણ વાળી લીધું.

'વગેરે, વગેરે...' ધૂર્જટિ પણ અત્યાર સુધીમાં અન્યમનસ્ક થઈ ગયો હતો.

'ઓહો! સાહેબ!' અર્વાચીનાએ અત્યારે ધૂર્જટિને હાથમાં ચોપડી લઈ ચાલ્યા આવતા જોઈ કહ્યું.

જવાબમાં ધૂર્જટિએ ફક્ત એક આછું સ્મિત જ કર્યું, તે પણ આંખોથી. અર્વાચીનાએ પોતાની ડાયરીમાં પાછળથી નોંધ્યું તે પ્રમાણે આ સ્મિતમાં આટલા મુદ્દાઓ હતા : 'શરમ, આતુરતા, રમૂજ (બહુ ઓછી), લોહીનું દબાણ (ખૂબ!) અને સ્નેહ...'

અહીં અર્વાચીના અટકી, પોતાની પેન હોઠ પર રમાડવા લાગી. વિચારે ચઢી, અને ઉમેર્યું : 'ચંદ્રાબાની બીક!'

*

# ૧૩

'બેસો, સાહેબ!' અર્વાચીનાએ બારી પાસેની પેલી બાવાળી ખુરશી ચીંધી.

ધૂર્જટિ તો ઊભો જ રહ્યો. ન બેઠો.

'બા-બાપુજી બહાર — તમારે ત્યાં જ ગયાં છે.'

અર્વાચીનાએ વાતચીત કરવા પ્રયત્ન કર્યો.

અંતે ધૂર્જટિએ આસન સ્વીકાર્યું એટલે... 'આજે આમ કેમ છે આ!' એટલું મનમાં બબડી અર્વાચીનાએ એક પ્રોફેસરને પરાસ્ત કરવાનું પેલું અમોઘ શસ્ત્ર આદર્યું : 'આ હાથમાં કોની ચોપડી છે? જોઉં?'

'એ બતાવવા જ આવ્યો હતો.' કળ દાબતાં ઢાંકણું ખૂલે તેમ ધૂર્જટિની જીભ ખૂલી ગઈ : 'ઈશ્વર વિશે છે.'

'ઈશ્વર વિશે?' અર્વાચીનાની આંખો ઝીણી થઈ ગઈ. કોઈ સામાન્ય કાળી આંખો ઝીણી થાય તોપણ માણસ મૂંઝાય એવું હોય છે, તો આ તો અર્વાચીનાની આંખો!

'ઈશ્વર...' અર્વાચીના કાંઈક યાદ કરી રહી હતી.

'ઈશ્વર!... ઈશ્વર!... ગોડ! તે છે એમ આ લેખકે સચોટ રીતે સાબિત કરી બતાવ્યું છે! તેનું એમ કહેવું છે કે જેમ માણસને લાગતી તરસ તે...' અને ધૂર્જટિ બહુ જ આગળ નીકળી ગયો હોત, પણ અર્વાચીનાએ બહુ જ મીઠું હસીને કહ્યું, 'લાવું છું, સાહેબ!'

'શું?' ધૂર્જટિએ પૂછ્યું.

'પાણી...' કહી અર્વાચીના અંદર જતી રહી.

'...ફરી વળ્યું!' ધૂર્જટિએ મનમાં પૂરું કર્યું.

'આજે કોઈ આ દલીલ સાંભળવા તૈયાર નથી. મને એમ કે અર્વાચીના...' આમ

ધૂર્જટિ વિચારતો બેઠો હતો તે દરમ્યાન અર્વાચીના પાણી લઈને આવી. 'મેં પાણી માગ્યું હતું?' ધૂર્જટિએ અર્વાચીના પાણી લઈને આવી એટલે પૂછ્યું.

'તરસની વાત કરતા હતાને એટલે.' અર્વાચીનાએ યાદ કરાવ્યું.

'એ તો આ ચોપડીમાંની ચર્ચાના અનુસંધાનમાં.' ધૂર્જટિએ દોર હાથમાં લેતાં કહ્યું : 'બાકી મને તરસ લાગી નહોતી.'

'ત્યારે મારી પાસે શું માગ્યું?'

અર્વાચીનાએ માંડ બે ફૂટના અંતરેથી પૂછ્યું. તે બાપુજીના હીંચકે બેઠી હતી. કદાચ તેથી જ તેને આવો પ્રશ્ન સૂઝ્યો...

આ બાજુ ધૂર્જટિનું આખુંય અસ્તિત્વ હીંચકે ચઢ્યું હતું. શું બોલવું તે તેને સૂઝતું ન હતું. સામે અર્વાચીના માંજરી આંખે જોઈ રહી હતી, અને પૂછતી'તી : 'તરસ નહોતી લાગી ત્યારે મારી પાસે શું...?' ધૂર્જટિએ અર્વાચીના સામે ધારીને જોયું. નરી આંખે તો તેમને એક છોકરીથી વધુ શું દેખાય? સહેજ સોનેરી છાંટવાળા વાળ, લગભગ તેવા જ રંગની ભ્રમરો, માંજરી આંખો, નમણું નાક, સરળ મોં, સાડી, પગની મુલાયમ પાનીની ઝલક, આછેરી પીંછીથી આંકેલી કેટલીક છટાઓ... છોકરી. બીજી પળે ધૂર્જટિ પોતે પણ આ છોકરી જ હોય તેવું તેને થઈ આવ્યું. આ શું? આ છોકરીને ને મારે શું? હું કોણ? ધૂર્જટિ! મારો ઇતિહાસ જુદો, મારું અસ્તિત્વ, મારા વિચારો... હું જુદો... આ જુદી... ને... પાછું આમ કેમ? ન સમજાયું.

'કેમ બોલતા નથી!' અર્વાચીનાના પ્રશ્ને ધૂર્જટિને જગાડ્યો. આના અવાજમાં મેં... અર્વાચીનાના અવાજના તાણાવાણામાં એક ક્ષણભર રમી ગયેલા એક રેશમી સળવળાટને જકડી રહેવા ધૂર્જટિથી હાથ લંબાવવો બાકી રહી ગયો... હશે? ધૂર્જટિએ ઊંચું જોયું. અર્વાચીના સામે... તેની આંખમાંથી નીકળતા પ્રકાશમાંનું એક કિરણ, તેમને અત્યંત નવું, તથા અત્યંત જૂનું લાગ્યું... બીજી પળે... ક્યાં ગયું? અર્વાચીનાના મોં પર સ્મિત હતું... હતું?... પોતાને શું જોઈએ છે તેની ધૂર્જટિને સ્પષ્ટ ખબર ન હતી... પણ આજે તે અર્વાચીનામાં કાંઈક શોધી રહ્યો હતો... અને તેને તે જડી જડીને ખોવાઈ જતું હતું... વરસાદના વાદળા પર પોતે જ મેઘધનુષ્ય ચીતરીને સૂર્ય એમ માની બેસે કે વાદળું પોતે મૂળથી જ કાળું નહિ પણ આવું સપ્તરંગી છે તેવું ધૂર્જટિ માની બેસતો અને બીજી પળે અર્વાચીના તો તેની તે જ હતી.

'આજ કાંઈ જ બોલવું નથીને, સાહેબ?' અર્વાચીનાએ ફરીથી પૂછ્યું.

'બેસી રહ્યો, નહિ?' છેવટે ધૂર્જટિએ ઔપચારિક દિલગીરી વ્યક્ત કરતાં કહ્યું : 'શું બોલું?'

'ગમે તે... પેલી ઈશ્વરની સાબિતી...' અર્વાચીનાએ સૂચન કર્યું.

'ઈશ્વરની સાબિતી... ઈશ્વરની સાબિતી...' પ્રોફેસરે હાથ મસળતાં કહ્યું : 'શું સાબિતી, અર્વાચીના?' તેના શબ્દોમાંની છાલક અર્વાચીનાને ભીંજવી રહી...

અર્વાચીના પ્રયત્નપૂર્વક તેમાંથી બહાર નીકળી, કોરી થઈ, વાત આગળ ચાલવા લાગી...

'તમે કાંઈક કહેતા હતા ને કે જેમ માણસને તરસ લાગે છે તે...'

'ઓહો! એ...' ધૂર્જટિને પોતાની અંદર જાણે કોઈ સમૂળી ક્રાન્તિ થઈ ગઈ હોય તેવું અથ્યારે લાગતું હતું. ઈશ્વર... સાબિતી... શબ્દો... દાખલા... દલીલો... કવિતા... કહેવતો... વિચારો... અર્થો... અર્થ?... શાનો અર્થ?... શી ખબર...!

અને આ દુનિયામાં ડૂબકી મારી ફરી પાછો ઉપર આવ્યો, તો અર્વાચીના!... પેલું શોધતો હતો તે!... છે?... નથી?... ડૂબકી?... આ?... કે પેલી?

'મૂકોને એ વાત.' છેવટે ધૂર્જટિએ કહ્યું.

'હું પણ એ જ કહું છું, ઈશ્વર હોય કે ન હોય, આપણે શું? કેમ?'

'અને આપણે પણ હોઈએ કે ન હોઈએ, ઈશ્વરને શું? કેમ?' ધૂર્જટિને આ શબ્દોની રમતથી સ્વસ્થતા મળી.

'ઈશ્વર! અરે ઓ... ઈશ્વર? ક્યાં ગયો! ઈશ્વર!' સામેની બારીમાંથી એક મા જેવી દેખાતી બાઈ બહાર ઝૂમી, સોર પાડી રહી હતી.

'આવ્યો...' નીચે સડક પરથી છોકરાનો છુટ્ટો, સહેજ છકેલો જવાબ ઊઠ્યો.

'દીકરો હશે!' ધૂર્જટિએ અર્વાચીનાને ઉદ્દેશી.

'ના! નોકર છે.' અર્વાચીનાએ જણાવ્યું.

'ઈશ્વર! ઈશ્વર!' ધૂર્જટિએ હસતાં હસતાં કહ્યું : 'ઠીક ત્યારે. હું જાઉં.' કહી તે ઊઠવા માંડ્યો.

'બસ! ઉતાવળ છે?' અર્વાચીનાએ કહ્યું.

'ના... પણ જઉં.' પોતાના કાંડાના ઘડિયાળના ચંદા સામે જોતાં ધૂર્જટિએ કહ્યું... જોયું તો ઘડિયાળના ચંદો આમ જાણીતો કેમ લાગે છે? આનો ચહેરો... આમાંય એની એ... અર્વાચીના... 'ઈશ્વર! ઈશ્વર!' કરતો ધૂર્જટિ ચાલતો થયો.

અર્વાચીના તેમને જતા જોવા બારીએ આવી. ધૂર્જટિ આમ તો જતો હતો, પણ અર્વાચીનાને તો તે અત્યારે આવતો લાગ્યો... પોતાના જીવનમાં.

*

# ૧૪

વિમળાબહેનને આવતા અનેક ક્રાંતિકારી વિચારોમાં એક એવો પણ હતો કે એક કાયદો પસાર કરાવીને છોકરા-છોકરીનાં મા-બાપને સીધેસીધાં મળતાં અટકાવી દેવાં જોઈએ. જો એમ થાય તો જ સ્ત્રીપ્રવૃત્તિનું ક્ષેત્ર બરોબર વિશાળ થાય; કેમ કે આમ જો એ લોકો બારોબાર લગ્ન નક્કી કરી નાખે તો વિમળાબહેન જેવાંનું પછી કાર્ય શું રહે?

થયું પણ એવું જ. એમને ચંદ્રાબાને બીજી વાર મળવાની તક મળે તે પહેલાં ચંદ્રાબા અર્વાચીનાને ત્યાં આવી ચઢ્યાં.

'આવો, ચંદ્રાબા! આવો!' અર્વાચીનાનાં બાએ તેમને ખૂબ ઉમળકાભેર આવકાર્યાં.

બૂચસાહેબ જાળને છેડે રાહ જોતા કરોળિયાની કલ્પનાએ ચઢ્યા હતા.

ચંદ્રાબા બેઠાં.

'ચંદ્રાબા!' અર્વાચીનાનાં બાએ ઔપચારિક વાતચીત પૂરી થતાં પ્યાદું બે ખાનાં ચલાવી રમત શરૂ કરી.

જવાબમાં ચંદ્રાબા પણ શેતરંજના પાક્કા ખેલાડીની જેમ મોં પરના ભાવ જેમ ને તેમ રાખી રહ્યાં.

'કે'દિવસની તમને કહું કહું કરું છું, પણ...' અર્વાચીનાનાં બાએ યોગ્ય આનાકાની સાથે વાત મૂકવા માંડી.

'કહો ને!' ચંદ્રાબા બોલ્યાં.

'જટિભાઈ માટે આપણી અર્વાચીનાનો વિચાર કરો... તો!'

સ્ટવ ઉપરની કડાઈમાં તાજી જ ફૂલી ઊઠેલી પૂરીના મોં પર જે પ્રસન્નતા હોય છે તેવી જ પ્રસન્નતા બૂચસાહેબે ચંદ્રાબાના ચહેરા પર જોઈ.

'હું તો ખુશ થાઉં!' ચંદ્રાબાએ કબૂલ કર્યું.

'ત્યારે...' અર્વાચીનાનાં બાએ શેતરંજીની કિનાર સરખી કરતાં આટલા ''ત્યારે''માં ઘણુંબધું કહી નાખ્યું.

'મેં તો કીધુંને કે મને તો કાંઈ જ વાંધો નથી. પણ જટિ-અરુ હવે કાંઈ છોકરાં નથી કે આપણે નક્કી કરીએ.' ચંદ્રાબાએ વાટાઘાટોને બીજા તબક્કામાં આણી મૂકી.

'એ છોકરાં નહિ હોય, પણ આપણે મા-બાપ તો છીએ જ ને?' બૂચસાહેબે હકીકત તરફ ધ્યાન દોર્યું.

'મેં તો એને છૂટો જ મૂકી દીધો છે.' હાથમાં દોરી ઝાલી ઊભો રહેલો છોકરો ઊડતા પતંગ માટે જેમ કહે તેમ ચંદ્રાબાએ જટિ માટે કહ્યું.

'એ તો ખરું. એમનું મન પહેલું.' બાએ ચંદ્રાબા સાથે ખભા મિલાવ્યા.

'એ લોકો જ વાત ન લાવે ત્યાં સુધી આપણે ચૂપ જ રહેવું?' બૂચસાહેબે પ્રશ્ન રજૂ કર્યો.

'મારો એ જ આગ્રહ છે.' ચંદ્રાબાએ ભારપૂર્વક કહ્યું : 'એમની લાગણી એમને પોતાને જ શોધી કાઢવા દો.'

'એ તો એ લાગણી જ એમને શોધી કાઢશે.' બૂચસાહેબે શ્રદ્ધાપૂર્વક કહ્યું અને સાશંક ઉમેર્યું, 'ભય એક જ છે!'

'કયો?'

'વિમળાબહેન!' બૂચસાહેબે ભયગ્રસ્ત અવાજે જાહેર કર્યું.

'પણ એ તો ઊલટાં આ લગ્ન થાય તેની તરફેણમાં છે!' બાએ બચાવ કર્યો.

'કેમ કે ચંદ્રાબા આનાકાની કરે તો આ લગ્ન ન થાય તેમ તે જાણે છે!' બૂચસાહેબ એમને વિશે ખૂબ જાણતા હતા.

'અને હું આનાકાની નથી કરતી અને ''હા'' પાડું છું એમ જાણો તો?' ચંદ્રાબાએ કહ્યું.

'તો તે છૂટાછેડા માટે સમજાવે!' સાહેબને ખાતરી હતી.

*

# ૧૫

આ બનાવોને એકાદ અઠવાડિયું થઈ ગયું. એપ્રિલ-મેના પ્રખર તાપમાં અમદાવાદની સડકો પીગળતી ચાલી. કહે છે, આ તડકા વર્ષાવવા પાછળ કુદરતનો મૂળ હેતુ અમદાવાદી અમીરોનું દિલ પિગળાવવાનો હોય છે, પણ પીગળે છે માત્ર સડકો...

સમી સાંજનો સમય છે. ચંદ્રાબા એક ચોપડી વાંચતાં બેઠાં છે. ધૂર્જટિ આટલામાં લટાર લગાવવા જરા બહાર ગયો છે, એટલામાં વિનાયક આવી ચઢે છે.

'કેમ, ચંદ્રાબા! શું ચાલે છે? જટિ ક્યાં?'

ચંદ્રાબાએ ચોપડીમાંથી ઊંચું જોયું.

'અરે, આ શું?' કહી વિનાયક લગભગ સહસા કહેવાય તે રીતે ચંદ્રાબા પાસે બેસી ગયો. ચંદ્રાબાની આંખમાં ચોમાસું બેસી ગયું હતું. એમની આંખો સજળ બની ગઈ હતી...

'કેમ આમ?'

'વિનાયક!'

વિનાયકે જવાબમાં માથું હલાવ્યું.

'સારું થયું તું આવ્યો તે, ભાઈ!'

— ચંદ્રાબાએ તેને અપૂર્વ હેતથી કહ્યું.

'ચંદ્રાબા! તમને આવા લાગણીના ''મૂડ''માં પહેલી વાર જોયાં.' વિનાયકે મમતાથી કહ્યું.

'કાંઈ યાદ આવ્યું છે?' વિનાયકે પૂછ્યું.

'યાદ તો... શું આવે?' કહી ચંદ્રાબા આછું હસ્યાં.

'ત્યારે?'

'નકામું, અમસ્તું.' કહી ચંદ્રાબાએ પહેલાંનો હળવો મિજાજ મેળવવા પ્રયત્ન કર્યો; પણ આજે બાહ્યોપચારનો બુરખો તેમને બંધબેસતો થતો જ ન હતો.

'જટિ ક્યાં ગયો?' વિનાયક ચંદ્રાબાને સ્થિર કરવા માગતો હતો. ત્યાં તો...

જટિનું નામ પડતાં ચંદ્રાબાની આંખો ફરી પાછી છલકાઈ ગઈ અને વિનાયકને જરા સમજ પડવા માંડી.

'એકલાંને અણગમો આવ્યો હશે, કેમ?' વિનાયકે હળવેથી પૂછ્યું.

'એકલાંને?... એકલી ક્યાં છું, વિનાયક?'

'હા! એકલાં તો કેમ કહેવાય!' ચંદ્રાબાના પ્રશ્નમાંના ધ્વનિને ફરી પાછો ઉપસાવતાં વિનાયકે કહ્યું.

'જોને! અત્યારે જ જોને! તું છે, મારા ભાઈ છે, તેમનાં છોકરાં છે, ભાભી છે... મારે ઘણાં બધાં છે.' ચંદ્રાબાના ચહેરા પરની ભંગીઓ આગળ ભાષા હારી જતી હતી.

વિનાયક પળભર ચંદ્રાબા સામે એકીટશે જોઈ રહ્યો.

'જટિ રહી ગયો, ચંદ્રાબા!'

જવાબમાં ચંદ્રાબાએ પોતાના ખોળામાં પડેલી ચોપડીનું પૂઠું ઉકેલવા માંડ્યું. વિનાયક સાથે આંખ મેળવવા જેટલી તેમની તૈયારી ન હતી.

વિનાયક પણ જરા વિચારે ચઢ્યો. થોડી વાર બંને જણાં મૂંગાં જ રહ્યાં.

'જટિ આવતો જ હોવો જોઈએ.' છેવટે ચંદ્રાબાએ ઘડિયાળ તરફ ફરી કહ્યું.

'એમ?' વિનાયકે બેધ્યાન રીતે કહ્યું.

'કોના વિચારો કરે છે, વિનાયક? શ્રીમતીના?'

'તમારા!' વિનાયકે ચંદ્રાબાને સીધું જ કહ્યું. તે ગંભીર થઈ ગયો હતો. અને વિનાયક ગંભીર થાય ત્યારે...

'મારા વિચારો?' ચંદ્રાબાએ પૂછ્યું. તેમને તે ગમ્યું હતું.

'તમારા ભવિષ્યમાં મને રસ પડ્યો છે.' વિનાયકે કૃત્રિમ વાચાળતાથી કહ્યું.

'મારી ઉંમરે અને મારી પરિસ્થિતિએ પહોંચેલી સ્ત્રીને ભવિષ્ય ન હોવું જોઈએ.'

'ભવિષ્ય હોવું ન હોવું એ આપણી પસંદગીની વાત નથી, ચંદ્રાબા! તમારે ભવિષ્ય છે એટલું જ નહિ, પણ મારી દૃષ્ટિએ તો મહત્ત્વપૂર્ણ છે.'

'કેમ? કેવી રીતે?'

‘આપણે સાથે જ છીએ ને, ચંદ્રાબા! વખત આવ્યે બતાવીશ.’

‘પણ અત્યારથી જ જરા સૂચન તો કર. મને મદદ થાય, કદાચ!’ ચંદ્રાબાએ નિર્દોષતાના દેખાવ સાથે પૂછ્યું.

‘માનવવ્યક્તિત્વ મોટું કે કુદરતી નિયમ મોટા, તે તમારા દાખલા પરથી સમજાશે.’ વિનાયકે નાટકીય આડંબર સાથે કહ્યું, કેમ કે લાગણીની ગંભીરતાથી બંને જણાં બચવા માગતાં હતાં.

‘જોજે ત્યારે!’ ચંદ્રાબાએ વિનાયકનો પડકાર ઝીલતાં હોય તેમ કહ્યું, અને આવેશ સાથે તે બોલતાં ગયાં : ‘ચંદ્રાબાને તું હજુ ઓળખતો નથી, વિનાયક! જટિને જતો રહેતો જોઈ દુઃખ જરૂર થાય છે, પણ...’ આંસુ સાડીના છેડાથી લૂછી નાખતાં તેમનાથી વધુ બોલાયું નહિ.

વિનાયક ચૂપ જ રહ્યો.

‘ચંદ્રાબા જટિની સુશિક્ષિત મા છે, અભણ નિરક્ષર મા નથી.’ સહેજ આકર્ષક એવા ગુમાનથી ચંદ્રાબાએ વિનાયકને કહ્યું. પણ આજે વિનાયક પણ ચડસ પર હતો.

‘શી ખબર!’ તેણે એટલું જ કહ્યું. ચંદ્રાબાએ તેના પર તોફાનને વાત્સલ્યથી આવરી લીધું.

‘બાકી મને એકાદ શીશી આપોને!’ વિનાયકે નવા જ અવાજે કહ્યું.

‘શીશી? શું કામ છે?’

‘તમારાં આંસુ ભરી લેવાં છે.’

‘શો ફાયદો?’

‘મારી પ્રયોગશાળામાં પૃથક્કરણ કરવું છે કે આમાં આનંદના કેટલા અંશ અને દુઃખના કેટલા!’

ચંદ્રાબા હસી ઊઠ્યાં. વાતાવરણ હળવું થઈ ગયું.

‘એમ કરજેને, જટિનાં લગ્ન પછી ડોલ લઈને જ આવજેને!’ ચંદ્રાબાએ ખુલ્લા અવાજે કહ્યું.

‘એક ટુવાલ પણ લેતો આવજે.’ ધૂર્જટિએ બારણામાં દાખલ થતાં પૂરું કર્યું.

‘આપ કોણ?’ વિનાયકે ચંદ્રાબાને ધૂર્જટિની ઓળખ માગતાં પૂછ્યું.

‘એ મારો પુત્ર...’

‘સુપુત્ર...’ ધૂર્જટિએ સુધારો કર્યો.

'એ મારો સુપુત્ર પ્રોફેસર ધૂર્જટિ.' ચંદ્રાબાએ ઓળખ આપી.

'અર્વાચીના મળી કે નહિ?' વિનાયકે સીધો ઘા કર્યો.

ધૂર્જટિ તેને જવાબ આપ્યા વિના જ કપડાં બદલવા ચાલ્યો ગયો.

અને ધૂર્જટિ પાછો આવે તે દરમ્યાન ચંદ્રાબાએ અર્વાચીનાનાં બા-બાપુજી સાથે થયેલી પેલી વાતચીત પણ વિનાયકને કરી દીધી. પરિણામે પાછા ફરતાં તરત જ ધૂર્જટિને વિનાયકનો વિરોધ કરવો પડ્યો.

'જો, વિનાયક! પ્રદર્શનમાં કોઈ ચીજ સામે તાકી રહ્યો હોય તેમ મારી સામે જ જો!'

છતાં વિનાયક તો...

*

## ૧૬

આજે ધૂર્જટિએ અતુલને મળવાનું મન થયું. અતુલ મેડિકલ કોલેજમાં એમ.બી.બી.એસ.ના છેલ્લા વર્ષમાં ભણતો ધૂર્જટિનો મિત્ર હતો. ધૂર્જટિનાં નાજુક કારીગરીવાળાં કલામય વલણો અને વિચારોને અતુલ પહોંચી વળતો. ધૂર્જટિ સાથે વાત કરતાં અતુલ જાણીજોઈને અસહ્ય રીતે બુઠ્ઠાં અને બરછટ એવાં વિધાનો કરી તેને અકળાવી નાખતો. આથી ધૂર્જટિ અને અતુલની સાઠમારી એકબીજાને તો આનંદ આપતી જ, સાથે મિત્રોને પણ...

અપરિચિત અને નિરંકુશ એવી ઉર્મિઓના ઊભરાઓથી છવાઈ ગયેલા પોતાના આંતરતંત્રને અતુલની ઠંડી અસરની જરૂર છે, તેમ ધૂર્જટિને ઊંડે ઊંડે લાગવા માંડ્યું. તેથી જ આજે અતુલને મળવા તે સિવિલ હોસ્પિટલ બાજુ ફર્યો.

બસની બારીમાંથી બહાર જોઈ રહેલી ધૂર્જટિની આંખો સડકને કિનારે વહી રહેલી દુકાનો, મકાનો, હોટેલોની હારમાળાને યંત્રવત્ નોંધી રહી. અત્યારે ધૂર્જટિનું ચેતન અંદર એટલું કેન્દ્રિત થઈ ગયું હતું કે આ બધા માટે ધૂર્જટિએ એક જ લેબલ સ્વીકારી લીધું — 'બાહ્ય જીવન.' તેને આ 'બાહ્ય જીવન'ની વિવિધતા, વિચિત્રતા એવા કશામાં રસ ન પડ્યો...

ધૂર્જટિનું મન અત્યારે બે જ હસ્તી સ્વીકારતું હતું — પોતાનું જીવન, વિરુદ્ધ જગતનું જીવન... આવું પહેલાં કદી બન્યું ન હતું. કારણ તો ધૂર્જટિને પણ જડ્યું ન હોત. અતુલે પૂછ્યું હોત તો તરત કહી આપત કે આનું કારણ અર્વાચીના!

'હલ્લો! જટિ, તું ક્યાંથી?' હાથમાં સ્ટેથોસ્કોપના ગૂંચળાને ઉછાળતો અતુલ કમ્પાઉન્ડમાં જ મળ્યો. તેની ઊંચાઈ, તેની પહોળાઈ, તેની જાડાઈ — બધાથી તે તરત

તરી આવ્યો. તેના કાળા વાળથી કાળા બૂટ સુધી તંદુરસ્તી નીતરતી હતી. રોગોનું તો તે હાલતુંચાલતું અપમાન હતો.

'જટિ... ડિયર!' કહેતાં જટિને લગભગ ભેટી પડ્યો. ઘણા દિવસો દરિયાઈ સફર કર્યા પછી છેવટે જમીન દેખાઈ હોય તેવી લાગણી ધૂર્જટિને થઈ આવી.

'તને મળવા જ આવ્યો, યાર!' ધૂર્જટિએ કહ્યું.

'મજાનું! શો વિચાર છે? જરા મારી સાથે ફરીશ? પછી રૂમ્સ પર જઈએ.'

'ચાલ, ફરવા જ આવ્યો છું.' કહી ધૂર્જટિ અતુલ સાથે જોડાયો.

'આજ તો તને નરી કવિતા બતાવું!' થોડું ચાલ્યા પછી અતુલે પેલી જૂની તકરાર શરૂ કરી.

'કવિતા? કબાટમાં છોકરીઓ ભરવા માંડ્યો છે કે શું?' ધૂર્જટિએ કહ્યું.

'ચાલ તો ખરો! એવી છોકરાઓ બતાવુંને કે સ્વપ્નાં આવે!'

ધૂર્જટિની આંખના ખૂણા પર સોનેરી વીજળી વીંઝાઈ રહી. એ અર્વાચીનાની ઝલક હતી.

'પડ્યો લાગે છે!' અતુલે પડકાર્યો... અતુલ ધૂર્જટિને પૂરેપૂરો ઓળખતો હતો.

'ક્યાં?' ધૂર્જટિએ ઝબકીને પૂછ્યું.

'અલ્યા! શરૂઆતમાં ડબો બાંધીને પડજે!' પ્રેમપારાવારમાં પડનારા શિખાઉને આટલું સૂચન અત્યારે બસ છે એમ માની અતુલે આ વાત ત્યાં જ પડતી મૂકી; બીજી મિનિટે ધૂર્જટિને તેમ જ વાતને બીજી લોબીમાં વાળી લીધાં.

'મેં તને નરી કવિતા બતાવવાનું વચન આપ્યું હતું ને? આમ આવ.' કહી અતુલ ધૂર્જટિને એક ઓરડામાં ખેંચી ગયો અને...

'જો... જટિ! આ છે બ્રેઇન!' એક કાચના વાસણમાંના પ્રવાહીમાંથી નરી માટીના લોચાને હાથમાં લેતાં અતુલે જટિને સમજાવવા માંડ્યું.

'એમ કે?' જટિ જિજ્ઞાસાથી તે જોવા નીચો નમ્યો, અને ત્યાં તો... મગજ... મારું મગજ... માણસનું મગજ... વિચારો... આદર્શ... ધૂર્જટિના મનની એરણ પરથી તણખા ઊઠ્યા.

'અને આ છે હૃદય!' અતુલ ખીલ્યો હતો : 'છે ને? કે ગુમાવ્યું છે?'

માણસ... હૃદય... આવું!... આવું!... હેમ્લેટ... કોણે લખ્યું... લખ્યું લેખકે...

અને આ બાજુ અતુલ રણે ચડ્યો હતો.

'આમ તો આવ!' તેણે એક ખાનું ખેંચ્યું : 'અમારે ડિસેક્શન માટે!'

જટિની આંખ આગળ એક મૃતદેહ ખેંચાયેલો પડ્યો હતો... ધૂર્જટિનું મગજ હાર્યું... મારું મગજ... પેલું... ધૂર્જટિને વિચારો આવતા અટકી ગયા... બસમાં હતો ત્યારે ધૂર્જટિ બે દુનિયા જોતો હતો... અત્યારે હવે તેને માટે એક જ જીવન હતું... પોતાનું... અને તે પણ જીવન નહિ, એક ઝનૂન માત્ર જ. બહારની કોઈ રાક્ષસી તાકાત સામે ધૂર્જટિએ પોતાની જાત સંકોરી લીધી. તેનો ચહેરો તંગ થઈ ગયો. એક પ્રાણીની જેમ જિંદગી માટે તે ઝઝૂમી રહ્યો.

બીજી જ પળે તે ભાનમાં આવ્યો. અતુલે ખાનું પાછું ધકેલી દીધું. માત્ર પગના પંજા દેખાતા હતા. જટિની આંખો તે પર જડાઈ રહી. 'આ માણસને મા હશે, બાપ હશે...' આવા વિચાર આવવા જ જોઈએ? આવવા જ જોઈએ... આવવા જ જોઈએ... ધૂર્જટિ ખિજાઈ ગયો... અતુલ તેને આગળ દોરી ગયો...

'મૃત્યુ મરી ગયું રે લોલ! કેમ, જટિ?' અતુલ ખૂબ આનંદમાં હતો.

ધૂર્જટિ જવાબ આપવા ગયો, પણ...

'અતુલ!... ચાલને બહાર જઈએ!' ધૂર્જટિએ કહ્યું.

'ચાલને, બહાર જ જઈએ છીએ. બીજું જોવું છે?'

'પછી કોઈ વાર!' કહી ધૂર્જટિ અતુલથી પણ આગળ નીકળી ગયો.

પાછા ફરતાં ધૂર્જટિનું જગત જડ બની ગયું. તે અંદરથી સ્તબ્ધ બની ગયો. વિચારો, લાગણીઓ, ઊમિર્ઓ, આવેગો, કલ્પનાચિત્રો — બધું જ થંભી ગયું. જાણે સૂમસામ...

...અને ધૂર્જટિએ દૈનિક વ્યવહારનો ટેકો લીધો. બસની બારીની બહાર એ જ રસ્તો પથરાઈ રહ્યો હતો. તડકો જામતો જતો હતો. હોટેલમાંથી ઊઠતા અવાજો, હસતા ચહેરાઓ, વાહનના વળાંકો, આકાશના કટકાઓ — બધુંય જાણે ધૂર્જટિની ચેતનામાં ચિતાના ભડકાની માફક વારેવારે ભભૂકી ઊઠતું... તેનું અંતર સ્મશાનવત્ અમાનુષી શાન્તિથી અકળાતું હતું... બહુ ઊંડેથી તે આ બધું તટસ્થતાથી જોઈ રહ્યો હતો.

દિવસ આખો તે સોફામાં નિશ્ચેષ્ટ પડી રહ્યો. સાંજ પડી. માંદગીમાંથી ઊઠ્યો હોય તેમ તે ઊઠ્યો. કપડાં ઠીકઠાક કર્યાં. બહાર જતાં ચંદ્રાબા પર તેની નજર પડી... કોઈ અસ્પષ્ટ કરુણાથી તે ગૂંગળાઈ ગયો. અને બૂચસાહેબના દીવાનખાનામાં હાથમાં પાણીનો પ્યાલો લઈ ચાલી આવતી અર્વાચીનાને પણ આજે તો ધૂર્જટિ બેધ્યાનપણે જોઈ જ રહ્યો. જાણે બધું જ ભૂલી ગયો હોય તેમ...

પણ ત્યાં તો બીજી જ પળે, અર્વાચીના નજીક આવતાની સાથે જ, ધૂર્જટિમાં પેલા મૃતદેહની સાક્ષીએ જાગેલું જિંદગી માટેનું ઝનૂન ફરી એક વાર જાગ્રત થઈ રહ્યું.

અકથ્ય આત્મીયતાભર્યા અવાજે તેનાથી અર્વાચીનાને પુછાઈ ગયું, 'છૂટાં તો નહિ પડી જઈએને, અરુ!'

અર્વાચીનાની આંખ જવાબમાં છલકાઈ ગઈ.

અને એ સાંજે અર્વાચીનાથી છૂટા પડી ઘેર જતાં ધૂર્જટિને એમ ચોક્કસપણે લાગવા માંડ્યું કે તેના જીવનનો પહેલો આશ્રમ હવે પૂરો થવા આવ્યો છે... જોકે હવે પછી શરૂ થતો આશ્રમ આ પેલી જૂની વ્યવસ્થા પ્રમાણેનો ગૃહસ્થાશ્રમ જ હશે કે પછી સીધો સંન્યસ્તાશ્રમ હશે તે હજુ અનિશ્ચિત હતું!

*

# ૧૭

બીજા દિવસનું સવાર થતાં ધૂર્જટિ જાગ્યો. અને એ જ રીતે અર્વાચીના પણ જાગી... પોતપોતાને ઘેર જાગીને આમતેમ જોયું તો ધૂર્જટિને નવાઈ લાગી. બધું જેમનું તેમ હતું. એનું એ ફર્નિચર, એનો એ રેડિયો, એનાં એ ચંદ્રાબા, અને એના એ બુદ્ધ ભગવાન... એટલામાં પેપર આવ્યું. ધૂર્જટિએ ઉત્સાહથી ચંદ્રાબાના હાથમાંથી તે ઝડપી લીધું. છેવટે કાંઈ નહિ તો પેપરે તો મોટા અક્ષરે મથાળે છાપ્યું જ હશે કે 'પ્રોફેસર ધૂર્જટિએ કરેલો એકરાર! જીવનમાં પરિવર્તન!...' પણ તે પણ નહિ. ધૂર્જટિએ બારી બહાર જોયું. આસોપાલવ તો ઊંધે માથે થયો જ હશે — નીચે ડાળીઓ અને ઊંચે મૂળ. પણ તેય જેમનો તેમ... બહુ નવાઈ જેવું! ગીતામાંય બહુ ભરોસો રાખવા જેવું નહિ. અશ્વત્થ વૃક્ષ...

'અર્વાચીનાને સાંજે મળવું પડશે...' ધૂર્જટિએ છેવટે નક્કી કર્યું. અર્વાચીના સાંજે મળી પણ ખરી, બાગમાં.

'અર્વાચીના!' થોડી વાર લોન પર બેસી રહ્યા પછી ધૂર્જટિએ કહ્યું.

અર્વાચીનાએ ઊંચું જોયું. સ્નેહ, શરમ, તોફાન, મજાક, મશ્કરી, આનંદ — આ વખત ધૂર્જટિએ અર્વાચીનાની આંખમાં રમતાં તત્ત્વો તરત ગણી નાખ્યાં, અને પછી ઘેરા સાદથી કહ્યું :

'લોન ઉખેડવી રહેવા દઈશ!'

'કેમ?'

'મેં વાંચેલી એક નવલકથાની નાયિકા પણ આવા પ્રસંગે આમ જ લોન ઉખેડતી હતી, અને...'

‘પછી?’

‘પછી તેણે નાયકને ઉખેડી નાખ્યો, બીજું શું?’

અર્વાચીનાએ લોન ઉખેડવી ચાલુ રાખી.

પાસેથી એક યુવાન દંપતી પસાર થતું હતું. તેમની વચ્ચે વાતચીત ચાલતી હતી : ‘જો, તું આમ માથું નહિ ખા! બાગમાં ફરવા આવ્યો છું; તારી સાથે માથાફોડ કરવા નહિ!’ ‘પણ બાગ સિવાય આપણે એકલાં મળીએ છીએ જ ક્યાં? ઘેર તો બાની ચોવીસ કલાકની ચોકી... બાગમાં માથું ન ખાઉં તો ક્યાં ખાઉં?’

કહે છે, પોતે દિલ રેડી ઉછેરેલા બાગમાં આવો સંવાદ સાંભળી એક માળીએ આજથી પાંચ વર્ષ પર આપઘાત કરેલો : ‘મેં બાગ આટલા માટે બનાવ્યો હતો? માથું ખાવા?’ તેને લાગી આવેલું. પાસેથી પસાર થતાં દંપતીનો આ સંવાદ સાંભળી ધૂર્જટિએ આંખ જ ફેરવી લીધી — અર્વાચીના તરફથી પણ...

બાજુના પટમાં છોકરાંને રમવા હીંચકા હતા. અર્વાચીનાની આંખ ત્યાં મંડાઈ હતી. આથમતા સૂર્યના આછા તડકામાં એક ચાર-પાંચ વર્ષના બાબાને ‘બા’ના બિરુદ માટે બહુ નાની એવી બા હીંચકે બેસાડતી હતી. બાબાએ અત્યારથી બળવો પોકાર્યો હતો. તેને રેતીમાં રમવું હતું. બેની તકરારમાં રેતી પોતે ઉશ્કેરાઈ જઈ ઊડવા મંડી હતી.

‘લઈ લો, આને!’ છેવટે બાએ માનભરી સંધિ કરી.

બાના ખિસ્સામાંથી નીકળ્યા હોય તેમ અચાનક આવી પપ્પા જેવા જણાતા યુવાને બાબાને તેડી લીધો.

‘કેવું સરસ છે!’ અર્વાચીનાએ ધૂર્જટિને ઉમળકાભેર પૂછ્યું.

‘શું? પેલાએ તેડી લીધું તે?’

‘ના! છોકરું!’

‘તો બસ!’ ધૂર્જટિને હાશ થઈ.

વાતો ફરતી ફરતી વાસ્તવિકતા પર આવી. પછી કાંઈક અધૂરું કામ યાદ આવી ગયું હોય તેમ ધૂર્જટિએ અર્વાચીનાને ઉદ્દેશી :

‘અર્વાચીના!’

‘હં!’

‘મેં ગઈ કાલે સાંજે...’

અર્વાચીનાએ આંખથી ખોબો ધર્યો.

'કહ્યું'તું કે...' ધૂર્જટિ અટકી પડ્યો.

'મારે પણ એ જ કહેવું હતું.' અર્વાચીનાએ લોન ઉખેડવી બંધ કરી. એ જ કહ્યું.

પશ્ચિમના આછા ગુલાબી આકાશમાં તાજો ઊગેલો શુક્રનો તારો આ સાંભળી આનંદના આવેગમાં એકદમ નીચે ઊતરી આવ્યો, અને 'ધૂર્જટિ–અર્વાચીના'ની આજુબાજુ એક ફરતું તેજવર્તુળ મૂકતો જઈ, પાછો પોતાની જગ્યાએ જતો રહ્યો. બાગમાં બીજા કોઈનેય આ બાબતની ખબર પડી નહિ.

જાણકારોના કહેવા પ્રમાણે આ તેજવર્તુળ જિંદગીભર ભૂંસાતું નથી...'

'ત્યારે, અર્વાચીના! આપણે ખરેખર કદીય છૂટાં નહિ પડીએ?... કોઈ દિવસ?' ધૂર્જટિ ગદ્‌ગદિત થઈ ગયો હતો. અર્વાચીનાઓ સાથે માંડ પાંચેક વર્ષો રહ્યા પછી પણ ધૂર્જટિઓ આવા જ શબ્દોમાં અધીરાઈ કરે છે, પણ તે અધીરાઈ જુદા જ કારણસર એ વખતે એમને એમ લાગે છે કે બસ! હવે આનો આરો જ નહિ? આખી જિંદગી સાથે ને સાથે?

ઘેર પાછાં ફરતાં, તેમજ આ પછીની ચાર-પાંચ મુલાકાતો દરમ્યાન પણ, બંનેને પ્રશ્ન એક જ હતો : શું કરવું? આમ તો ધૂર્જટિ–અર્વાચીનાની ઉંમરની બધી જ વ્યક્તિઓનો પ્રશ્ન પણ આ જ હોય છે કે શું કરવું? પણ ફેર માત્ર એટલો જ હતો કે તેમાંના મોટા ભાગના માટે કાંઈ નિશ્ચિત કરવાનું ન હોવાથી આ પ્રશ્ન જ સમય ગાળવા માટે પૂરતો હોય છે; જ્યારે ધૂર્જટિ–અર્વાચીનાને અમુક નિશ્ચિત બાબત કરવાની જ હોવાથી તેમનું કામ એ પ્રશ્નનો જવાબ શોધવાનું હતું.

'પરણવું.' એટલે કામચલાઉ ઉકેલ તો બંનેને સૂઝ્યો. તો પછી...

ક્યારે? કેવી રીતે? અને...

હવે પછીનો પ્રશ્ન અર્વાચીનાએ નહિ, પણ ધૂર્જટિએ ઉઠાવ્યો. 'કેમ? કેમ પરણવું?'

પહેલાં તો અર્વાચીનાએ આ પ્રશ્નથી તીવ્ર આઘાત અનુભવ્યો. પણ તરત જ તેને યાદ આવ્યું કે ધૂર્જટિ એક ધંધાદારી વિચારક છે એટલે તેને શાંતિ થઈ.

'કેમ પરણવું? આપણા પરણવાથી, દાખલા તરીકે, સમાજને શો ફાયદો થશે?' પ્રોફેસરે પોતાના પ્રશ્નને વિશદ સ્વરૂપ આપ્યું.

'ફાયદો તો...' અને અર્વાચીના પહેલી જ વાર ખરેખર શરમાઈ ગઈ.

'વડીલોને વાત કરીશુંને?' અર્વાચીનાએ સૂચવ્યું.

...અને ધૂર્જટિની આંખ આગળ ત્રણ મૂતિર્ઓ ઊપસી આવી : ચંદ્રાબા,

અર્વાચીનાનાં બા અને અનિવાર્ય રીતે, અર્વાચીનાના બાપુજી. અમને શું? એક ક્ષણભર તેને એમ પણ થયું... પણ પછી થયું કે એ ન હોત તો અમે બે પણ ન હોત... એટલે...

'એમ કર, તું ચંદ્રાબાને કહે, હું તારાં બા-બાપુજીને કહું!' ધૂર્જટિએ રસ્તો કાઢ્યો.

અર્વાચીનાએ લાલ આંખે એ રસ્તો બંધ કર્યો.

'કાગળ લખવો? તાર કરવો? ટેલિફોન કરવો? હાથોહાથ દસ્તાવેજ જેવું આપવું? પરણી જઈને પગે લાગવું? પગે લાગી જઈને પરણી જવું? કે પછી પરણવું જ નહિ? શું કરવું?' બંને જણાંએ ખૂબ મૂંઝવણ અનુભવી.

કદાચ તેથી જ પોતાનાં પાછલાં વર્ષોમાં પ્રોફેસર ધૂર્જટિએ 'આવા સંજોગોમાં શું કરવું' તે બદલ એક વ્યાખ્યાનમાળા યોજી અને તે વખતે તો યુનિવર્સિટીએ પણ આ માટે એક જુદું સલાહકાર-મંડળ ગોઠવેલું...

...અત્યારે તો ધૂર્જટિ અને અર્વાચીના એવા નિર્ણય પર આવ્યાં કે થોડાક દિવસમાં ચંદ્રાબા, બા અને બાપુજીની એક સમૂહમુલાકાત યોજી, તેમાં આ વાત મૂકવી.

*

# ૧૮

તરંગિણી એ અર્વાચીનાની એકની એક બહેનપણી હતી. દેખાવમાં એ તેની પોતાની કૅડિલૅક કાર જેટલી જ મુલાયમ અને અણિશુદ્ધ હતી. દેખીતી રીતે જ આ કારની માફક તે પોતે પણ સીધી, સપાટ ડામરની સડક માટે બનેલી હતી, જીવનના ખાડા-ટેકરાવાળા રસ્તાઓ માટે વધુ પડતી નાજુક હતી, તેની કારના અને તેના સ્વભાવમાં એટલો ફેર હતો કે જિંદગીના વાહનવ્યવહારના નિયમો તે વધુ ચોકસાઈથી પાળતી એમ.એ.ના પ્રથમ વર્ષમાં એ ભણતી હતી.

આ તરંગિણી અર્વાચીનાની આદર્શ થઈ પડી હતી. એથી જ તરંગિણીની શબ્દ અને શૈલીની એકેએક બારીક છટાને અત્યારે અર્વાચીના મુગ્ધ ભાવે પી રહી હતી. તરંગિણીનું એ એક આકર્ષણ હતું કે ‘પછી હું થિયેટર પર ગઈ’ જેવું કોઈ સામાન્ય વાક્ય તે બોલતી તો તેમાં પણ કલામય અને શાસ્ત્રીય સૂરો તે ઉપસાવી શકતી, જેથી સાંભળનારને માટે થિયેટર પર જવા જેવી જીવલેણ અને બિનજવાબદાર કટોકટી પણ એક ખૂબ જ સ્વસ્થ અને સભ્ય, કાંઈક અંશે કાવ્યમય, અવસર બની રહે.

આજે સાંજે ચંદ્રાબા આવ્યાં ત્યારે તરંગિણી અર્વાચીનાને એ જ કહી રહી હતી કે ‘પછી હું થિયેટર પર ગઈ.’ તરંગિણીની દરેક વાતનો અંત આ વાક્યથી જ આવતો :

... ‘પછી હું થિયેટર પર ગઈ.’

‘એમ કે?’ અર્વાચીનાએ કહ્યું પણ તેની નજર બારી બહાર મંડાઈ રોજની માફક જ સૌમ્ય અને સ્વાભાવિક એવી શાંત છીદરીમાં સઢંગી રીતે શોભતાં ચંદ્રાબા ચાલ્યાં આવતાં હતાં. અર્વાચીના તેમને નવી આંખે જોઈ રહી—આત્મીય લાગ્યાં.

‘બા નથી?’ ઉપર આવતાં તેમણે પૂછ્યું.

'છેને! આવો!' કહી અર્વાચીનાએ બાને સોર પાડ્યો : 'બા.... ચંદ્રાબા!'

બા અંદરથી આવી પહોંચ્યાં. બધાં બેઠાં એટલે અર્વાચીનાએ ચંદ્રાબાને તરંગિણીની ઓળખાણ આપી. બા અને ચંદ્રાબા હીંચકા પર ગોઠવાયાં, અર્વાચીના અને તરંગિણી તેમની સામે ખુરશીઓ પર.

સાંજ જામી.

એમ તો ચંદ્રાબાએ તરંગિણીનું નામ ધૂર્જટિ પાસેથી પણ સાંભળેલું. ધૂર્જટિ તરંગિણીને અતુલની મિત્ર તરીકે ઓળખતો હતો. ધૂર્જટિના વર્તુળમાં તરંગિણીને તોળાયેલી તરવાર તરીકે લેખવામાં આવતી, કેમ કે તેની અને અતુલની મૈત્રી જગજાહેર હતી અને ગમે તે પળે એ લોકો લગ્નમાં લપસી પડશે તેવી બીક હતી.

'બા! પેલી મિસ ત્રિવેદી આસિસ્ટંટ કલેક્ટર તરીકે નિમાઈ.' અર્વાચીનાએ ઉત્સાહમાં આવી જઈ કહ્યું. આ સમાચાર તરંગિણી લાવી હતી.

'એમ? પહેલેથી જ હોશિયાર જ હતી.' બાએ પ્રસંગોચિત સુભાષિત ઉચ્ચાર્યું અને ચંદ્રાબા તરફ ફરી ઉમેર્યું : 'આવું છે!'

'સ્ત્રીઓનો તો આ જમાનો છે, બહેન!' ચંદ્રાબાએ જવાબ વાળ્યો, અને તરંગિણીને લપેટતાં કહ્યું : 'કાલ ઊઠીને આ તરંગિણીબહેન વળી કલેક્ટર થઈ જશે!'

તરંગિણી કલેક્ટર બનવાની ના પાડે તે પહેલાં અર્વાચીનાએ આવેશમય અવાજે કહી દીધું : 'એ તો અમેરિકા જવાનાં છે, બા!'

ફરીથી બાએ ચંદ્રાબા સામે જોયું. એમનું કહેવું એનું એ જ હતું : 'આવું છે!'

તરંગિણી શું કામ અમેરિકા જવાની છે તે ચંદ્રાબાએ ન પૂછ્યું, કેમ કે આ પ્રશ્નનો ચોક્કસ જવાબ તરંગિણીઓ પાસે નથી હોતો તે ચંદ્રાબા અત્યાર સુધીમાં સમજી ગયાં હતાં, અને વળી 'ગૃહવિજ્ઞાન શીખવા!' એમ જો તરંગિણી બોલી બેસે, તો તે મૂંગે મોંએ સહન કરવાની માનસિક તૈયારી અર્વાચીનાનાં બાની હશે કે તેની તેમને ખાતરી ન હતી. તેમણે બાને એટલું જ કહ્યું, 'સમય બહુ બદલાઈ ગયો, કેમ, બહેન?'

...અને અર્વાચીના ચેતી કે વાત બહુ વિષમ વર્તુળોમાં આવી પડી છે.

'આ બધું સારું થાય છે?' બાએ ત્રણે જણને વટાવી સમાજ આખાયને આ પ્રશ્ન પૂછ્યો. બારી પણ સમસમી ઊઠી. એણે બહાર જોયું.

'તેમાં ખોટું પણ શું છે?' તરંગિણીએ નમ્રતા તેમજ દઢતાથી યોગ્ય માત્રાઓવાળા સ્વરે પૂછ્યું.

'ખોટું તો કાંઈ નહિ, બહેન, પણ સ્ત્રીઓનું આ આક્રમણ સમયસર થંભે તો સારું તેટલું તો મને હું સ્ત્રી છું તોપણ લાગે છે.' ચંદ્રાબાએ તરંગિણીને વાતે વાળી.

'નહિ તો શી ખબર ક્યાં જઈને અટકશે!' બાથી નહોતું રહેવાતું.

'કેમ એમ?' અર્વાચીના પળભર બધું જ ભૂલી જઈ, ચર્ચાએ ચઢી. તેણે ચંદ્રાબાની શંકાને સાંધી.

'શી ખબર કેમ, પણ સ્ત્રીનું ખરું ક્ષેત્ર ઘર જ છે એવી પેલી રૂઢ માન્યતા મારાથી હજુ નથી છોડાતી.' ચંદ્રાબા ચર્ચાની સભ્યતાના નિયમોને સરસ રીતે પાળી શકતાં.

'ત્યારે સુશિક્ષિત સ્ત્રીઓએ ફરી પાછાં...' તરંગિણીએ ધીમે ધીમે વિચાર રજૂ કરવા માંડ્યો, ત્યાં તો બાએ લાલ થઈ જઈને તેને કાપી નાખી : 'એમાં જ આ બધો ગોટાળો વળે છે! છોકરીઓને ભણાવવી જ ન જોઈએ!'

અલબત્ત આટલું બોલી તેમણે અર્વાચીના સામે જોયું, અને સુધારવા માંડ્યું, 'ના! ના!... ભણાવવી તો જોઈએ, પણ...'

આખો સમાજ આ વખતે બારીમાંથી તેમની સામે જોઈ રહ્યો.

'સ્ત્રીઓ શિક્ષણ મેળવી વધુ સારી સ્ત્રીઓ જરૂર થઈ શકે, પણ ઘરના ક્ષેત્રે... એવું મને લાગે છે.' ચંદ્રાબાએ તરંગિણીને ઉદ્દેશી, પણ આજે તેમની એક આંખ પોતાના પર પણ હોય તેવું અર્વાચીનાને લાગ્યું. તેનો ભ્રમ પણ હોય.

'હું પણ એ જ કહું છું કે પોતાના પતિને ચાલુ હાલતમાં રાખે તોપણ ઘણું.' બાથી બોલ્યા વિના નથી જ રહેવાતું તેની અર્વાચીનાને ખાતરી થઈ. સારું છે બાપુજી...

'પણ સ્ત્રીઓ પોતાની વિશિષ્ટ શક્તિથી, પ્રતિભાથી, અમુક ચોક્કસ રીતે સમાજના સામૂહિક કાર્યમાં મદદ કરે તેવી... સમયની માગ છે.' તરંગિણીએ મુદ્દો ઉઠાવ્યો.

'એ શક્તિ કઈ?' ચંદ્રાબાએ પૂછ્યું.

'આકર્ષવાની!' તરંગિણીએ સહેજ વિચાર કરીને કહ્યું.

અર્વાચીનાએ આંખોથી 'હા' પૂરી જ્યારે બાએ એવી જ આંખે ચંદ્રાબાને પૂછ્યું, 'જોયું ને? આવું છે!'

'પોતાનામાં રહેલી આકર્ષવાની શક્તિને સહીસલામતીની સીમાઓમાં રહી જો પૂરેપૂરો ન્યાય આપવો હોય તો પોતાના ઘરને જ તે માટેના છેવટના ક્ષેત્ર તરીકે તે સ્વીકારે તો સ્ત્રીઓ માટે વધુ સારું નહિ?' ચંદ્રાબાને તરંગિણીની નીડરતા ગમી.

'તેથી વ્યક્તિગત સ્થિરતા કદાચ સચવાય, પણ સામાજિક આબોહવા નહિ બદલાય, અને તે તો પહેલી જ બદલવી જોઈએ.' તરંગિણીના વિચારો વધુ સ્પષ્ટ થતા જતા હતા.

'પણ એ બેને કેટલો ગાઢ સંબંધ છે!' અર્વાચીના સહેજ સંકોચ સાથે કૂદી પડી.

'તમારે કેવો સમાજ જોઈએ છે?' ચંદ્રાબાએ ચમકારા મારતી આંખે, સહેજ રમૂજ સાથે તરંગિણીને પૂછ્યું.

'મારે પોતાને તો...' તરંગિણી અટવાતી હતી, એટલે...

'એક સરસ વર જોઈએ છે, કહી દેને, બહેન! બાએ લાક્ષણિક રીતે તેને મદદ કરી... એટલે તરંગિણીને નવેસરથી શરૂ કરવું પડ્યું.

'કેવો સમાજ જોઈએ એ મારી પસંદગીનો સવાલ તો નથી, પણ કેવો સમાજ આવે છે તે કહી શકું.'

ચંદ્રાબાએ કાન માંડ્યા.

'નિરક્ષરતા મટતી જશે તેમ તેમ વ્યક્તિ–સ્ત્રીઓ જાગતી જશે, વાંચતી જશે, વિચારતી જશે. જૂનાં માળખાં તૂટતાં જશે. નવા જીવન માટે, તે સાથે તાલ મેળવવા માટે, પુરુષોને નવી પ્રેરણા જોઈશે. તેને માટે સદીઓથી અંધારામાં અટવાતી દેશની અબલા સ્ત્રીઓને બદલે નવી સ્ત્રી જન્મશે તેની સાથે જ તે નવો ધર્મ લેતી આવશે...'

'કયો?' ચંદ્રાબાએ પૂછ્યું.

'તે ધર્મ સામૂહિક નહિ હોય, વ્યક્તિગત ધર્મ હશે...'

'સ્વાર્થી?' અર્વાચીનાએ અણધારી રીતે પૂછ્યું.

'કદાચ!' તરંગિણીએ ભાવપૂર્વક અર્વાચીના તરફ ફરી કહ્યું અને ઉમેર્યું, 'પણ હવે પછીની સ્ત્રીએ સ્વાર્થને વિશુદ્ધ કર્યો હશે.'

'એવું બધું થાય તો બહુ સારું.' બાએ પણ નમતું જોખ્યું. તેમના પૂર્વજીવનમાં તેમણે જોયેલા નિરક્ષર, નિરાનંદ અશિક્ષિત વાસનાઓથી વ્યાકુળ સ્ત્રીત્વનો ડંખ અસ્પષ્ટ રહીને પણ તેમને બેચેન બનાવી દેતો હતો અને અમદાવાદમાં પણ તેના ઓળા ક્યાં ઓછા હતા?...

'પણ આ નવા પ્રસ્થાનમાં ભૂલ પડવાનો, ભટકવાનો ભય નથી?' હવે શંકા ઉઠાવવાનો ચંદ્રાબાનો વારો હતો.

'છે જ... પણ આ નવાં પ્રસ્થાન કાંઈ સાવ નવાં નથી... સ્ત્રીએ તો પોતાનું સનાતન

કાર્ય જ પૂરું પાડવાનું છે. માત્ર સંજોગો બદલાય છે.' તરંગિણી એમ.એ.ની વિદ્યાર્થિની હતી.

'તે કયું કાર્ય?' ચંદ્રાબાએ પોતાને છાજે તેવી રીતે પૂછ્યું.

'ચાહવાનું... નિર્ભય કરવાનું...' અર્વાચીના બોલી.

તરંગિણી ચૂપ થઈ ગઈ. તેને પણ આ વિચાર નહોતો આવ્યો. બાને તો અર્વાચીનાના આ શબ્દો સમજાયા જ નહિ.

...અને ચંદ્રાબા અને અર્વાચીના એકબીજાને માપી રહ્યાં.

પેલી નિર્ણયાત્મક સામૂહિક સભામાં આ ચંદ્રાબાનો જ સામનો કરવો પડશે તેનું અર્વાચીનાને અત્યારે મહત્ત્વ સમજાયું.

*

# ૧૯

‘વિમળાબહેન! મને કાંઈ રસ્તો નહિ બતાવો?’

મહિલા સહાયક મંડળનાં સભ્ય માટે આ પ્રશ્ન કાંઈ નવો ન હતો, પરંતુ ફેર એટલો હતો કે આ વહેલી સવારે આ સવાલ પૂછનાર એક તાજાં જ બી.એ. થયેલાં બહેન નામે તરંગિણી હતાં!

આમ કહી તરંગિણીએ આંસુ લૂછવા પોતાનો રેશમી રૂમાલ ફરકાવ્યો ત્યારે મંડળની આખીય ઓફિસ સેન્ટની સુંદર સુવાસથી મઘમઘી ઊઠી.

વિમળાબહેન ક્યાંય સુધી સહાનુભૂતિભરી આંખે તરંગિણી તરફ જોઈ રહ્યાં. બિચારી છોકરી! હજુ હમણાં તો લગ્ન થયાં અને ત્યાં તો, તેણે હમણાં જ ડૂસકાભેર કહ્યું તેમ, આવા પતિ સાથે જિંદગી કાઢવી અશક્ય બની ગઈ.

શું કરવું?

આપઘાત!

ના!

વિમળાબહેન કાંઈક રસ્તો બતાવશે અને તે છોકરી, નામે તરંગિણી અહીં આવી. આ હતી તેની વાર્તા. કેટલી દુ:ખદ!

અત્યારે તે આશાભરી આંખે વિમળાબહેન સામે જોઈ રહી હતી…

‘કોઈ પણ રીતે એકબીજાને સમજી શકો એમ નથી?’

‘ના…’

‘લગ્ન પહેલાં આવું નહોતું લાગ્યું?’

‘ના…’

'લગ્ન રાજીખુશીથી કરેલાં?'

'માબાપની રાજીખુશીથી, હા!'

'તમારી પોતાની?'

'નાખુશીથી નહિ!'

'ત્યારે આવું કેમ બન્યું?'

'કોને ખબર.'

'હવે ભેગાં રહી શકાય તેમ છે જ નહિ?'

'ના!'

વિમળાબહેન વિમાસણમાં પડ્યાં.

'વાંધો શો છે?'

'સ્વભાવ.'

'કોનો? તમારો કે તમારા પતિનો?'

'અલબત્ત, એમનો.'

ત્યારે હવે શું કરવું? બંને નિરાશ થઈ ગયાં. તરંગિણી વારંવાર આંસુ સારતી બેઠી હતી. છેવટે વિમળાબહેને તેને ઉદ્દેશી :

'બહેન!'

તરંગિણીએ ઊંચું જોયું.

'એક જ રસ્તો છે!'

'કયો?'

'છૂટાછેડા.' વિમળાબહેને દુ:ખ સાથે કહ્યું. તરંગિણીએ નીચું જ જોઈ રાખ્યું.

'નછૂટકે!'

તરંગિણીનાં આંસુ ન અટક્યાં.

'એક પ્રયત્ન કરી જોઉં?' થોડી વાર રહી વિમળાબહેને પૂછ્યું.

'શો?'

'તારા પતિને મળીને સમજાવું?'

'નહિ માને!' તરંગિણીએ ડૂસકાભેર કહ્યું.

'જોઈએ!'

આખરે તરંગિણી કબૂલ થઈ : વિમળાબહેન તેના પતિને ન મળે ત્યાં સુધી તે કાંઈ પણ ઉતાવળું પગલું નહિ ભરે.

'ક્યારે મળશો?'

'રવિવારે સાંજે.'

'જરૂર?'

'જરૂર!'

'હું હાજર રહું તો? કાંઈ વાંધો છે?' તરંગિણીએ પૂછ્યું.

'સારું, તું રહેજે.'

અને તરંગિણીનું સરનામું નોંધી રવિવારે સાંજે તેમને બંનેને મળવાનું વચન આપી, સાંત્વન અને શિખામણના બે શબ્દો કહી વિમળાબહેને તેને રજા આપી. તરંગિણી વિદાય થઈ ત્યારે તેના મોં પર સ્મિત હતું.

*

રવિવાર,

'ભાઈ જટિ,

તું આળસુ અને અઘોરી છે તે હું જાણું છું છતાં તને આગ્રહપૂર્વક કહું છું કે આજે સાંજના તારા બધા કાર્યક્રમ રદ કરી માટે ત્યાં પાચેક વાગ્યે આવી પહોંચજે. સાથે વિનાયકને અચૂક લેતો આવજે. તમને એક સરસ ડિશ પીરસવા માગું છું. નહિ આવો તો નસીબ તમારાં! આવજે...

લિ. અતુલની આશિષ!

તા.ક. તને લેવા એક કાર આવશે.

લિ. અતુલ

તા. ક. તેમાં બેસતાં વિનાયકને નહિ આવડે, પણ તું શિખવાડજે.

લિ. અતુલ.

રજાઓમાં પણ રજા એવા રવિવારની સાંજે શું કરવું તે વિચારતો ધૂર્જટિ જમીને પડ્યો હતો ત્યાં તેના હાથમાં આ અતુલની ચિઠ્ઠી આવી પડી. ધૂર્જટિ ચિઠ્ઠી સામે જોઈ રહ્યો, હતી તો અતુલની એમાં કાંઈ શક ન હતો. શક હતો આ કારવાળી વાત પૂરતો....

પણ ત્યાં તો ચારેકના સુમારે ખરેખર તો આવી!

અતુલના આગ્રહ મુજબ વિનાયકને રસ્તામાંથી સાથે લીધો.

'તને બેસવું તો ફાવશેને?'

'કેમ?' વિનાયકે આશ્ચર્યથી પૂછ્યું.

'ના... કદાચ ચક્કર આવે તો...'

'પણ મને કારમાં ચક્કર આવતાં જ નથી!' વિનાયકને ખોટું લાગ્યું.

'ના.. આ તો કાર... જરા... ઊંચી જાતની છેને... એટલે!' ધૂર્જટિએ ખુલાસો કર્યો.

'એમ કે?' વિનાયકે ચાલતી કારે પડતું મૂકવા હૅન્ડલ પર હાથ નાખ્યો.

'અતુલે ચિઠ્ઠીમાં લખ્યું'તું!'

'નાલાયક!' વિનાયકે ગુસ્સો અતુલને મળવા પર મુલતવી રાખ્યો.

અતુલની રૂમ્સ પર પહોંચ્યા, તો તરંગિણી! ધૂર્જટિ-વિનાયકે સામસામું જોયું.

'હવે મહેમાન જ બાકી છે!' અતુલે બહાર નજર કરતાં કહ્યું.

'કોણ મહેમાન છે?'

'વિમળાબહેન!' તરંગિણીએ કહ્યું.

'વિમળાબહેન?' ધૂર્જટિ અને વિનાયક કોરસમાં બોલી ઊઠ્યા.

'ઓળખો છો?' તરંગિણીને નવાઈ લાગી.

'મારો નોકર ઉપાડી ગયાં!' ધૂર્જટિએ ધા નાખી.

'પેલો મેં મોકલ્યો'તો એ? રામપ્રસાદ?' અતુલે તપી જતાં પૂછ્યું.

'હા.'

રામપ્રસાદ મૂળ અતુલનો નોકર. ડો. અતુલ આ રામપ્રસાદ ઉર્ફે તેમના રામ મારફત 'સંતતિનિયમન'ની વિરુદ્ધ પત્રિકાઓ વહેંચતો હતો. આ બાજુ વિમળાબહેન એ જ સંતતિનિયમ માટે ઝુંબેશ ચલાવતાં હતાં. અતુલ અને વિમળાબહેનની આ જૂની અદાવત.

'હવે સમજાયું!' વિનાયકે કહ્યું. આટલા માટે રામાનું તે દિવસે અપહરણ થયેલું... 'હવે સમજાયું!'

'તો વિમળાબહેન અત્યારે સમી સાંજે અતુલને ત્યાં કેમ ઊતરી આવે છે?'

અતુલ ગંભીર થઈ ગયો.

'અમારો ઝઘડો પતાવવા!'

'તમારો?'

'મારો અને તરંગિણીનો!'

'તમે બે કોણ છો?' વિનાયક આવી બાબતમાં ગોલમાલ નહોતો ચલાવી લેતો.

'પતિ-પત્ની!' તરંગિણીએ તરંગવત્ સ્વરોએ કહ્યું. અતુલે જવાબ આપવાનું તેના પર છોડ્યું હતું.

'ક્યારનાં?' વિનાયકે પૂછ્યું.

'એકાદ કલાક થયો હશે!' અતુલે કહ્યું.

'ક્યાં સુધી?' ધૂર્જટિએ પૂછ્યું.

'કોણ જાણે!'

...અને એટલામાં વિમળાબહેનને આવવાનો વખત થયો. તરંગિણીની તકરાર એ હતી કે વિમળાબહેનની સ્ત્રીપ્રવૃત્તિ પ્રત્યાઘાતી હતી અને 'નવી નારી'ના જન્મથી આડે આવે છે.

'બાળકો જન્મે, એ મૂળ બાબતની જ વિરુદ્ધ જો વિમળાબહેન હોય તો 'નવા નારી' જન્મે જ શી રીતે?' અતુલે તરંગિણીનું દૃષ્ટિબિંદુ સ્પષ્ટ કર્યું.

એટલામાં વિમળાબહેન આવ્યાં.

*

તરંગિણીની જ વિનંતીથી તેના પેલા ખરાબ સ્વભાવના પતિશ્રીને સમજાવવા આવેલાં વિમળાબહેનને એવા કડવા અનુભવો થયા કે...

કહેવાય છે, તેમને જે ખુરશી બેસવા માટે આપી તેનો પાયો જ અતુલે જાણીજોઈને રમતો રાખ્યો હતો.

અને અતુલે તેના કહેવાતા ગરમ સ્વભાવનો પણ સારો એવો પરચો આપ્યો. વિનાયક અને ધૂર્જટિ માથેય ઘણું આવ્યું.

એટલું તો એક ઐતિહાસિક સત્ય તરીકે સ્વીકારવામાં આવે છે કે આ બનાવ પછી પતિ-પત્નીના ઝઘડાઓ જેવી જાહેર પ્રવૃત્તિઓમાં કદી પણ નહિ પડવાનો વિમળાબહેને છેવટનો નિર્ણય કર્યો અને તે અચોક્કસ મુદત સુધી અમદાવાદ છોડી ગયાં, છાંડી ગયાં.

એ હવાફેર અને આરામ માટે આબુ ઊપડી ગયાં ત્યારે તે ખર્ખર અમદાવાદ છોડે છે કે કેમ તેની ખાતરી કરવા બૂચસાહેબ પોતે સ્ટેશન પર હાજર રહેલા, તે તો અર્વાચીનાનાં બા પણ કબૂલ કરે છે.

આપણો ઘડીક સંગ

*

# ૨૦

આ તરફ ધૂર્જટિ માનવમહેરામણથી ઊભરાતા કોઈ મેળાની એકાદ કદાવર ચકરડી ઉપર ખૂબ ચકવે ચઢી, તે પરથી તાજો જ ઊતરી આવ્યો હોય તેવું તેને આજકાલ લાગતું હતું.

વડીલોને વાત કરવાનું નક્કી કર્યું ત્યારે તેના પગ જમીનને કાંઈક અડ્યા. જોકે પેલાં ચક્કર તો હજુ સાવ શમી ગયાં નહોતાં; માત્ર આછાં થતાં જતાં હતાં.

વિનાયક સાથે વાતો કરી ઘેર આવતાં તેણે દીવાનખાનામાં જોયું, તો ચંદ્રાબા અને અર્વાચીના.

ચંદ્રાબા સોફામાં ઊંડાં ડૂબી જઈ, આરામથી પથરાઈ ગયાં હતાં, અને તેમની પેલી વિશિષ્ટ રીતે ચમકતી આંખે અર્વાચીનાને કાંઈક કહેવા જતાં હતાં.

અર્વાચીના પેલી નેતરની ખુરશી ઉપર અભિજાત એવા અંતરે તોળાતી હતી. ચંદ્રાબા માટેની તેની આમન્યાએ આ સ્વરૂપ પકડ્યું હતું. અર્વાચીના ખુરશીની ધાર પર જ બેઠેલી હતી, અને આતુરતાથી ચંદ્રાબા જે કહેવા જતાં હતાં તે સાંભળવા, ઝીલવા ઝૂકી હતી.

એટલામાં ધૂર્જટિએ બારણામાં પગ દીધો. ચંદ્રાબાએ સહજ પોતાની વાત થંભાવી દીધી, જે ધૂર્જટિએ જોયું.

આ બે ભેગાં થઈ વળી શી ખબર શીય ગુફ્તેગો ચલાવતાં હશે?... ધૂર્જટિને થયું... તે કપડાં બદલી, બંને સાથે વાતચીત કરવા દીવાનખાનામાં પાછો જોડાયો ત્યાં સુધી બંને ચૂપ જ રહ્યાં હશે એમ તેને લાગ્યું. કેમ કે તેની પીઠમાં, ખાસ કરીને ગરદન પર, બે ને બે ચાર આંખો ચોંટી હતી.

'કેમ!' પાછા ફરી ચંદ્રાબા સાથે સોફામાં ગોઠવતાં તેણે બંનેને એકસાથે આવરી લીધાં. અર્વાચીનાએ ચંદ્રાબા સામે જોયું, અને ચંદ્રાબાએ અર્વાચીના સામે જોયું.

હવે, ખરેખર આ બે જણાંએ સામસામું જોયેલું કે પછી ધૂર્જટિને જ એવું લાગ્યું તે હજુ સ્પષ્ટ થઈ શક્યું નથી, કેમ કે અર્વાચીના અને ચંદ્રાબાને આમ અચાનક સાથે બેસી, કોઈ મૂંગી મસલત ચલાવતાં જોતાની સાથે જ ધૂર્જટિને એમ થઈ ગયું કે આમાં ઢીલાપોચા થયે નહિ ચાલે, પોતે પોતાનું રક્ષણ કરી લેવું પડશે.

'ક્યાં જઈ આવ્યો? બહાર?' એ જ સ્વાભાવિકતાથી ચંદ્રાબાએ પૂછ્યું.

'હં...' ધૂર્જટિએ હુંકાર કર્યો. ચંદ્રાબા એમ જ પૂછવા માગતાં હતાંને કે પહેલાં તો ધૂર્જટિ અર્વાચીનાને મળવા બહાર જતો હતો, અને કદાચ અત્યારે પણ ગયો હશે, પણ અર્વાચીના તો...? એટલે જ ચંદ્રાબાને ચૂપ કરવા ધૂર્જટિએ હુંકાર કર્યો, જે ચંદ્રાબા પર સાવ નિષ્ફળ ગયો.

'વિનાયકને ત્યાં?' ચંદ્રાબાએ ફરી ધૂર્જટિને જગાડવા પ્રયત્ન કર્યો.

'હા! વિનાયકને ત્યાં!' અને ધૂર્જટિ અહીં જ અટકી જાત, પણ તેને પોતાનેય આ અવિનય જેવું લાગ્યું, એટલે ક્રમને ઉમેર્યું : 'વાતે વળ્યા એટલે વાર થઈ!'

અર્વાચીના બારી બહાર દેખાતા પેલા ઝાડ સામે જોઈ રહી હતી. એ એમ જ કહેવા માગતી હતી ને ધૂર્જટિનું રહેઠાણ વિનાયકનું ઘર, જેમ ભૂતનું રહેઠાણ આ બારી બહાર દેખાતી આંબલી!

ધૂર્જટિના ગુસ્સાનો પાર ન રહેત...

સારે નસીબે એણે ધ્યાનથી જોયું તો અર્વાચીના જે ઝાડ સામે જોઈ રહી હતી તે આંબલી નહિ, પણ આસોપાલવ નીકળ્યું.

આ પછી ધૂર્જટિ જરા ઠંડો પડ્યો, સ્વસ્થ થયો.

અર્વાચીના અત્યારે અહીં કેમ આવી ચઢી — ક્યારે, ક્યાંથી... એ બધી વાતોથી વિધિ પૂરી થઈ એટલે ચંદ્રાબાએ તે જ અનુસંધાનમાં કહ્યું, 'અને આ અર્વાચીના એક નવી જ વાત લાવી છે!'

'કઈ?'

'અર્વાચીના વાત લાવી છે કે પેલાં અતુલ અને તરંગિણીએ લગ્ન કરવાનું નક્કી કર્યું હતુંને તે...'

'તે...'

'તે હવે નથી કરવાનાં!'

ધૂર્જટિના મનમાં ફુગ્ગો ફૂટ્યા જેવો ધડાકો થયો.

'કેમ?'

'શી ખબર!' અર્વાચીનાએ કહ્યું. ધૂર્જટિ અત્યાર સુધીમાં આટલું શીખ્યો હતો, ઘણી વાર 'શી ખબર!'નો અર્થ 'પછી કહીશ!' એવો ઘટાવવાનો હોય છે, એટલે અત્યારે તો આ બાબતમાં તેણે અર્વાચીનાને એક છેવટનો પ્રશ્ન એ જ પૂછ્યો કે,

'આ વાત મળી ક્યાંથી?'

'તરંગિણીએ જ કહ્યું.' અર્વાચીનાએ તેની આંખો મોટી કરતાં કહ્યું.

...અને ધૂર્જટિને કાંઈ જ ન સૂઝ્યું. એટલે તે આંખોનાં અતળ ઊંડાણોમાં ડૂબકી મારતો ખોવાઈ રહ્યો.

સપાટી પર આવ્યો ત્યારે જોયું તો તેની પાસે કાંઈક અભિપ્રાયની આશા રખાતી હતી.

'નવાઈ જેવું!' તેણે કહ્યું.

'બહુ નવાઈ જેવું!' ચંદ્રાબાને ધૂર્જટિના આ શબ્દોથી સંતોષ થયો અને આ મહત્ત્વના સમાચાર આપી અર્વાચીનાએ વિદાય લીધી.

ધૂર્જટિએ તેને મૂકવા જતાં રસ્તામાં ઘણુંબધું પૂછ્યું. પણ ઘેર આવી પથારીમાં પડ્યાં પડ્યાં વિચાર કર્યો, તો તે સમજ્યો કે વાસ્તવમાં અર્વાચીના પોતે જ આ બાબતમાં ઝાઝું જાણતી ન હતી.

અત્યારે તો 'કેમ છૂટાં પડ્યાં હશે? કેમ?' આમ વિચારતો ધૂર્જટિ ઊંઘી ગયો.

રાતમાં તેને સ્વપ્નમાં વિમળાબહેન આવ્યાં, જેમણે તેને કહ્યું કે 'તેમને મેં છૂટાં પાડી દીધાં છે!'

'વિમળાબહેન, તમે?'

'હા! હા! મેં!!!'

દિવસે વિચાર કર્યો તો ધૂર્જટિને વિમળાબહેનનો આ દાવો બનવાજોગ ન લાગ્યો.

પણ એ સ્વપ્નમાં આવે જ ક્યાંથી?... ધૂર્જટિ ચમક્યો. 'વિમળાબહેન તો આબુ છે!' એમનું ભલું પૂછવું!

*

# ૨૧

પછીના શનિવારની સાંજ ધૂર્જટિએ અતુલની મુલાકાત માટે બાજુ પર રાખી મૂકી હતી. તે આવી. ફરી એક વાર ધૂર્જટિ અતુલની રૂમ્સ તરફ જતો હતો. આ વખતે તે હળવા મિજાજમાં હતો.

બસસ્ટૅન્ડ પર તે મનમાં ને મનમાં મલકાયો : 'મને કહેતો હતો ને કે ડબો બાંધીને પડજો!... હવે જોઈએ, એની શી દશા થઈ છે!' ધૂર્જટિને અતુલ ઉપર મીઠું વેર આવ્યું.

જોયું તો તેની સામે બીજું કોઈક પણ મલકાતું હતું. તેની કોઈક વિદ્યાર્થિની સાઇકલ ઉપર પસાર થતી હતી. સાહેબને મલકાતા જોઈ તે પણ...

પ્રોફેસર ધૂર્જટિ એકદમ સચેત થઈ ગયા. મોં પરનું સ્મિત તરત જ પાછું ખેંચી લીધું. ગજબ થઈ જાયને? ગેરસમજ થાય તો?

રસ્તામાં તેને ખલીફ હારૂન-અલ-રશીદના વિચારો આવવા મંડ્યા. 'અત્યારના અમદાવાદમાં રહેવું, એ પહેલાંના બગદાદમાં રહેવા જેટલું જોખમભરેલું છે...' આમ તે વિચારતો હતો, ત્યાં તેને ઊતરવાનું આવ્યું.

અતુલને ત્યાં ટકોરા મારતાં તેને થયું કે અતુલનું સ્ટેથોસ્કોપ આગળ જ પડ્યું હોય તો સારું; તેના હૃદયના ધબકારાની ખબર રહે.

'ઓહો!... હો!... હો!... હો...! જટિ!' અતુલની આવકાર આપવાની આ રીતને લીધે તેને ઘણા મિત્રો ગુમાવવા પડ્યા હતા. જોકે ધૂર્જટિ જેવા થોડાક તેને વળગી રહી, તે કોઈક વાર સુધરશે તેવી શ્રદ્ધા સેવી રહ્યા હતા.

ધૂર્જટિને એમ કે આ તરંગિણીની તવારીખ પછી અતુલ જરા ઠર્યો હશે — અરે!

કદાચ ગમગીન અને અસ્વસ્થ પણ થઈ ગયો હોય! અને અહીં તો પહેલાં કરતાંય બેવડો અને ખુશખુશાલ અતુલ બારણું ખોલી સામે જ ઊભો હતો.

'અતુલ, શું કરતો હતો?' અતુલ કાંઈક ગ્રાફ જેવું ગોરવાનું અધૂરું મૂકી ઊઠ્યો હતો તે જોઈ ધૂર્જટિએ કહ્યું.

'ગ્રાફ દોરતો હતો!' અતુલે ખુલાસો કર્યો. તેના અવાજમાં કાંઈ વ્યંગ જેવો મરોડ હતો.

'હં!' ધૂર્જટિને ગ્રાફમાં બહુ રસ ન પડ્યો.

'હં નહિ!' મેં તમે કીધું કે તું આવ્યો ત્યારે હું ગ્રાફ દોરતો હતો, જટિ!' અતુલે જરા અકળાયેલા અવાજે કહ્યું.

'તે મેં સાંભળ્યું!' ધૂર્જટિ પણ જરા આળો હતો.

'શું સાંભળ્યું?' અતુલે પૂછ્યું.

'કે...' અને આ વખતે તો ધૂર્જટિથી ન રહેવાયું : 'મેં સાંભળ્યું કે તું અને તરંગિણી છૂટાં પડી ગયાં છો!' તેણે કહી નાખ્યું, અને પછી થિયેટરમાં દીવા હોલવાયા પછી પ્રેક્ષકો ચિત્ર ચાલુ થવાની રાહ જોતા બેસી રહે તેમ તે બેસી રહ્યો.

જવાબમાં અતુલ પળ-બે-પળ ખરે જ સાવ ખોવાઈ ગયો. બહારથી એ જ રોજના લાલ–ગુલાબી–તાઝગી અને કસભર્યા દેખાતા અતુલમાંથી અચાનક કાંઈક ઊડી ગયું હોય તેમ લાગ્યું. ધૂર્જટિને આ વાત છેડ્યા બદલ જરા ખેદ થયો.

જોયું તો અતુલ પેલા ગ્રાફ-પેપર પર પેન્સિલ તોળી ઊંડો ઊતરી ગયો હતો.

'હવે મૂકને એ ગ્રાફને!' ધૂર્જટિએ અતુલને હળવો કરતાં કહ્યું.

...પણ અતુલ પર તો એક જ વાદળું વીંટળાઈ વળ્યું. તેને બોલવાનો પણ હવે અણગમો આવતો હતો. જાણે પહેલાંનો અતુલ જ નહિ. તે કાંઈક ખૂબ જ સમજી ગયો હોય તેવી તેની આંખ વિચિત્ર રીતે ખંધી અને જરા ક્રૂર લાગતી હતી.

અતુલને આ ચહેરો છાજતો ન હતો. તેની નીચેનો પેલો ગાલગુલાલ નિર્દોષ ચહેરો રૂંધાતો હતો.

'કાંઈ સમજ નથી પડતી, જટિ! તેં તો ખૂબ વાંચ્યું છે!' અતુલે તૂટક કહેવા માંડ્યું.

'શું?' ધૂર્જટિએ તેને સ્નેહથી કહ્યું.

'જોને, જટિ!' અતુલે આંખ જોડ્યા વિના જ કહ્યું : 'આ... હસીશ નહિ, પણ...

આ... ગ્રાફમાં એ જ સમજવા પ્રયત્ન કરતો હતો.' અને સંકોચથી લાલ થઈ ગયેલા મોં સાથે અતુલે તે ગ્રાફ ધૂર્જટિને આપ્યો.

ગ્રાફમાંની રેખા ખૂબ જ ઊંચે પરાકાષ્ઠાએ પહોંચી, પછી ત્યાંથી પટકાઈ, પાછી નીચે પડતી જતી હતી...

ધૂર્જટિએ ગ્રાફ જોઈ પાછો ટેબલ પર મૂકી દીધો.

અતુલ આર્ત નજરે ધૂર્જટિ સામે જોઈ રહ્યો હતો. તેને જવાબ જોઈતો હતો. તે કંઈક ખુલાસો માગતો હતો, તેને કાંઈક સમજવું હતું.

અતુલ અને તરંગિણીનો પરિચય સમયની દૃષ્ટિએ લાંબો કહેવાય તેવો ન હતો, અને છતાં એટલો તીવ્ર હતો કે તેમને માટે એક વાર તો દિવસો, મહિનાઓ અને વર્ષોનાં બીબાંમાં બનેલા વિચારોનું માળખું છેક જ તૂટીફૂટી ગયું...

હોટેલ-થિયેટર, બાગ-બગીચામાં હસતાં, હરતાં, ફરતાં પણ બે જણાં અદમ્ય આવેગોના એવા ભરડામાં આવી પડ્યાં કે બંનેને ડર લાગ્યો કે તેમની આખીય જિંદગી આવી એકબીજા માટેની ઘૂમરીઓમાં જ ગુમ થઈ જશે.

અને એમાં તો એમનું અહંકેન્દ્રિત અસ્તિત્વ એવું અટવાઈ જવા માંડ્યું કે બંને રૂંધાવા મંડ્યાં.

અતુલની હાજરીમાં તરંગિણીનાં સોનેરી રૂંવાડાં સળગી રહેતાં, અને તરંગિણીના સાંનિધ્યમાં અતુલના લોહીમાં ચાબખા વાગતા.

પેલા ગ્રાફમાં અતુલ કાંઈક આવું કહેવા માગતો હતો.

એ અતુલ તેમજ તરંગિણીની વ્યથાનો ગ્રાફ હતો — તેમના આનંદનો, ઉન્માદનો.

અતુલ-તરંગિણી માટે આ સિવાય બીજી કોઈ સપાટી પર મળવું જ અશક્ય હતું, અને સાથે સાથે આવો ઉન્માદશીલ પરિચય ચાલુ રાખવો એ પણ તેટલું જ અશક્ય હતું, કેમ કે એ તેમને એક એવી રક્તરંગી તીવ્ર દુનિયામાં ફગાવી દેતો, જેમાં પહોંચ્યા પછી તેમનાં મૂળ આજુબાજુના માનવસમૂહોમાંથી ઊખડી જતાં.

આમાંથી બચવા બંનેએ પ્રયત્ન કર્યો. અને છૂટાં પડવું પડે તેમાં એ બંનેની હાર હતી, તે કોઈક સારાઈની શક્યતાનો વિદ્રોહ કરતાં હતાં તેવું બંનેને ખૂંચતું હતું, પણ...

છેવટે બંનેએ છૂટાં પડવાનું નક્કી કર્યું.

અત્યારે તો અતુલ તેની આંતરગતિ વિશે અત્યંત અસ્પષ્ટ હતો.

આથી આગળ દોરી જવામાં ધૂર્જટિ નિષ્ફળ નીવડ્યો.

આ પછીની બંનેની વાતો છેક જ ચીલાચાલુ અને નીરસ બની રહી.

અતુલને ત્યાંથી વળતે ધૂર્જટિ તે દિવસે અર્વાચીનાને પાછી મૂકવાની જતી વખતે થયેલી વાતોને વાગોળતો હતો. અચાનક એને અર્વાચીના સાથેના તરંગિણીના સંવાદનો એક કટકો યાદ આવ્યો.

પોતે અતુલથી કેમ છૂટી પડી તેનું કારણ દર્શાવતાં તરંગિણીએ અર્વાચીનાને કહેલું :

'અર્વાચીના! અમે છૂટાં પડવાનું નક્કી કર્યું ત્યારે સાચે જ એક વાર તો જગત આખુંય ખૂબ ખાલીખમ લાગ્યું... અસહ્ય, પણ હવે વિચાર આવે છે કે અમે સાથે રહેવાનું નક્કી કર્યું હતું તે દિવસો દરમ્યાન પણ એક આવેગના આનંદ સિવાય બાકીનું જગત એટલું જ ખાલી લાગતું.'

અર્વાચીના આમાંનું કાંઈ સમજી ન હતી.

ધૂર્જટિ કાંઈક સમજવા મંડ્યો.

*

# ૨૨

પ્રોફેસર ધૂર્જટિનું દીવાનખાનું આજે ક્યારનુંય બધાંની રાહ જોઈ બેસી રહ્યું હતું. તેનાં સોફા-ખુરશીઓ પણ આજે તો મોં-બો ધોઈ, જરા નવાં કપડાં પહેરી, સ્વચ્છ, સુઘડ થઈ બેસી ગયાં હતાં. પેલા ભૂલા પડેલા ભૂલકા જેવા મેજે તો વળી માથે કેવી મજાની ફૂલદાની લીધી હતી! અરે! કેલેન્ડરમાંથી રોજ હસતી પેલી માથે મટૂકીવાળી કન્યા પણ... તેને પહેલી જ વાર જોઈ એટલે... કે શી ખબર કેમ... પણ તેને જોઈ, ચોપડીના કબાટમાં રોજ સુસ્ત પડ્યા રહેતા 'કલાપી' આજ તો બારણું ધકેલી બહાર આવી પડ્યા, અને એ તો માંડત કાંઈક ગાવા... પણ ધૂર્જટિએ તેમને સાચવીને અંદર પાછા પોતાની જગ્યાએ ગોઠવી દીધા. ત્યારથી ધૂર્જટિએ ચોપડીઓના આ કબાટનાં કાચનાં બારણાં કઢાવી, પાટિયાં નંખાવી દીધાં. શોભના અને રમામાં તો આટલા હેરાન થયા, અને આ વળી ત્રીજીમાં જીવ પેસે તો... નકામું માથે આવે! બધા બાપુ-બાદશાહો કહેવાય એ કબાટવાળા સાચવવા સારા!

'હવે તો સાડા પાંચ થયા!' ઘડિયાળના મોં પર પણ થાક અને અણગમો હતો...

એટલામાં તો અર્વાચીના, અર્વાચીનાનાં બા અને બાપુજી આવી પહોંચ્યાં. તેમની સાથે ધૂર્જટિ અને ચંદ્રાબા પણ. બધાં વિધિસર દીવાનખાનામાં દાખલ થયાં.

આ પેલી અતિ મહત્ત્વની વડીલોની મુલાકાત હતી, જેમાં ધૂર્જટિ–અર્વાચીના પોતાની વાત મૂકવાનાં હતાં.

ધૂર્જટિ અને અર્વાચીના નમ્રતાથી નેતરની ખુરશીઓમાં બેઠાં; વડીલોએ સોફામાં — ફર્નિચરના વડીલોમાં સ્થાન લીધું.

પહેલાં ઔપચારિક 'આવો — બેસો' પછી બધાં શાંત થઈ ગયાં. ધૂર્જટિને એમ

લાગ્યું કે વાતચીતનું ઉદ્‌ઘાટન કરવા વડીલોને વિનંતી કરવી પડશે. અર્વાચીના સામે જોયું, અર્વાચીનાએ તેના સામે જોયું, અને વડીલોએ ત્યાં સુધી તે બંને સામે આંખના ખૂણામાંથી જોયું.

ધૂર્જટિએ છેવટે ખૂબ જ સભાન થઈ, કોલર સરખો કરી, એક ખોંખારો ખાધો... પણ બોલવા પહેલાં તેને એમ થઈ આવ્યું કે લાવ અર્વાચીનાની છેવટની અનુમતિ લઈ લઉં.

અને જોયું તો અર્વાચીનાની આંખો તો ધાણી ફૂટે એમ બોલતી'તી : 'આ બધું શું છે? ખોંખારા ખાવા, ને કોલર કરખા કરવા, ને...'

ધૂર્જટિએ સંકોચ કોરાણે મૂક્યો.

'મુરબ્બીઓ!' ધૂર્જટિએ શાંતિનો સવિનય ભંગ કર્યો.

અર્વાચીનાનાં બા, બાપુજી અને ચંદ્રાબા — ત્રણેય મુરબ્બીઓને તેને મૌનપૂર્વક સાંભળવાની તૈયારી બતાવી. તેના પર આંખ માંડી... આથી તો ધૂર્જટિ જરા વધુ અકળાયો.

'આપણે... વાતો કરીએ!' આખરે તેણે દઢતાથી, કાંઈક નવી જ પ્રવૃત્તિ સૂચવચો હોય તેમ, કહ્યું.

'કરીએ!' વડીલો તરફથી બૂચસાહેબે જવાબ દીધો.

વળી પાછો ધૂર્જટિ મુશ્કેલીઓમાં આવી પડ્યો. આગળ શું કહેવું? તેણે આજુબાજુ જોયું...

અરે! સાવ સહેલું છે!

ધૂર્જટિએ હસતી આંખે ત્રણેયને જકડી રાખી, બોલવા માંડ્યું :

'આ અર્વાચીના એમ કહે છે કે...'

'હું એવું કહેતી જ નથી!' અર્વાચીનાએ તેના પેલા હંચકા જેવા હૂંફાળા અવાજે ધડાકો કર્યો.

વાત વાજબી હતી! તેણે વળી ક્યારે કીધું'તું? ત્યારે...

'મને એમ છે કે અમે બે...' ધૂર્જટિએ બીજી શરૂઆત વિચારી જોઈ.

પણે વડીલો હસુંહસું થઈ બેઠાં હતાં. કૃષ્ણ ભગવાન હોય તો બિચારા ચીર પણ પૂરે, પણ આવું તો દ્રૌપદીને પણ નહિ થયું હોય...

છેવટે...

'મેં અને અર્વાચીનાએ...' અહીં ધૂર્જટિ ખૂબ જ આત્મવિશ્વાસપૂર્વક અટક્યો.

વડીલો હવે પછીની વાત કેવી રીતે ઝીલે છે તે તેને જોવું હતું.

'મેં અને અર્વાચીનાએ લગ્ન કરવાનો વિચાર કર્યો છે!'

...અને આમ કહી ધૂર્જટિ કાંઈક અવનવું બનવાની રાહ જોઈ રહ્યો.

કાંઈ જ ન બન્યું! વડીલો તો પોતપોતાની જગ્યાએ જ જરા વધુ ફેળાઈને બેઠાં. ચંદ્રાબાએ તો માત્ર આળસ મરડીને ચોખ્ખું બગાસું જ ખાધું. અર્વાચીનાનાં બા હતાં તેમ જ બેસી રહ્યાં અને કાંઈક સરસ પ્રસંગ યાદ આવ્યો હોય તેમ મનથી એકલાં એકલાં હસી રહ્યાં. બૂચસાહેબે ચશ્માં ઉતારી, આંખ લૂછી સીલિંગ સામે જોવા માંડ્યું.

...આવી તો આશા જ નહોતી રાખી. ધૂર્જટિને થયું : શું ધાર્યું છે એમણે?

હવે તો અર્વાચીના પણ અકળાઈ.

'તમારે વિરોધ નથી જ કરવો?' ધૂર્જટિએ પૂછ્યું.

ત્રણે વડીલોએ એકબીજા સામે જોઈ વિરોધ કરવાની ચોખ્ખી ના પાડી.

'વડીલો છો, તોપણ વિરોધ નહિ કરો?'

'ના!' ચંદ્રાબાએ કહ્યું.

'અમે લગ્ન કરીએ તોપણ?'

'ના!' અર્વાચીનાનાં બાએ કહ્યું.

'સ્નેહલગ્ન કરીએ તોપણ?'

'તોપણ નહિ!' બૂચસાહેબે કહ્યું.

હવે શું કરવું?

વડીલોના વિરોધ વિના તો લગ્ન કરવાનો જ શો અર્થ?

'તમે વિરોધ નહિ કરો તો અમે લગ્ન જ નહિ કરીએ!' અર્વાચીનાએ ચોખ્ખી ધમકી આપી.

'તો તમારી મરજી!'

ત્રણેય વડીલોનાં મોં પર આ ભાવ સ્પષ્ટ દેખાતો હતો.

ધૂર્જટિ અને અર્વાચીનાને સાચે જ ઊંડો આઘાત લાગ્યો.

એમનાં લગ્નનો વિરોધ કરવા જેટલું પણ વડીલો એમને મહત્ત્વ નથી આપતાં?

એના કરતાં તો...

અને ખરેખર!...

ક્યાંક બહુ દૂરથી, ઊંડેથી, એ આંચકાનાં આંદોલનો બંનેને ક્યારનાંય આવતાં તો સંભળાતાં જ હતાં!

આ આંચકો હવે સાવ નજીક આવી ધૂર્જટિના દીવાનખાનાને અથડાઈ રહ્યો, દીવાલો ધ્રૂજી ઊઠી. આછા ગડગડાટ વચ્ચે દીવાનખાનાની ભોંયના બે કટકા થઈ ગયા.

બે કટકા એકબીજાથી દૂર ખસતા ગયા...

એક પર હતાં ચંદ્રાબા અને ધૂર્જટિ, બીજા પર અર્વાચીનાનાં બા-બાપુજી અને અર્વાચીના — એક બાજુ ધૂર્જટિ અને તેનું કુટુંબ, બીજી બાજુ...

અર્વાચીના અને ધૂર્જટિએ એકબીજાને વળગી રહેવા હાથ લંબાવ્યા.

બંને વચ્ચેની તરડ વધતી ચાલી.

નીચે એકલતાની ઊંડી ખાઈ ખૂલતી જતી હતી.

ધૂર્જટિ — અર્વાચીનાની પકડ છૂટતી ન હતી.

બંનેને અંધારાં આવી ગયાં....

જાગીને જોયું તો દીવાનખાનું હતું તેમનું તેમ જ હતું.

જોકે પાછળથી એક વાર શેતરંજી ઉપાડી ત્યારે ચંદ્રાબાને થયું કે દીવાનખાનામાં આ તરડ ક્યાંથી પડી? પહેલાં તો નહોતી!

ચંદ્રાબા કહે, 'શી ખબર, ક્યારેય પડી હશે! જટિ જાણે!'

આ બાજુ અત્યારે તો...

વડીલો પીગળ્યાં.

'જો તમે બે મક્કમ હશો તો... તો તો તમારે વિરોધ કરવો જ પડશે!' વડીલોએ વિરોધ કર્યો.

અર્વાચીના — ધૂર્જટિને હવે લગ્નમાં કાંઈક અર્થ દેખાવા માંડ્યો.

'તો અમારાં લગ્ન થશે જ!' એમણે મક્કમતાપૂર્વક જાહેર કર્યું.

'ને મારાં પણ!' વિનાયકનો બાબો બોલી ઊઠ્યો. વિનાયક આજે પહેલી જ વાર સકુટુંબ આવ્યો હતો. એ બધાં હમણાં જ દીવાનખાનામાં દાખલ થતાં હતાં.

...અને પછી તો અભિનંદનોની રમઝટ બોલી.

ધૂર્જટિના મિત્રોની મંડળી પણ આવી પહોંચી.

આખું દીવાનખાનું ઉત્સાહથી ઊભરાવા માંડ્યું.

'હવે લગ્નનું શું? ક્યાં? અને ક્યારે?' બધાંનો આ જ પ્રશ્ન હતો.

સ્થળ : અર્વાચીનાએ ધૂર્જટિના ઘરના વિસ્તાર પર આંખ ફેરવી લીધી.

સમય : ધૂર્જટિ ઘડિયાળના કૅલેન્ડર તરફ અને કૅલેન્ડરથી ઘડિયાળ તરફ જોઈ રહ્યો.

અને પછી...

'એ... આગળ ઉપર નક્કી કરીશું, કેમ, અર્વાચીના?' ધૂર્જટિએ અર્વાચીનાને પૂછ્યું.

અને અર્વાચીનાએ પણ એ જ કહ્યું : 'હં... આગળ ઉપર!'

આ 'આગળ ઉપર' એટલે ક્યારે–ક્યાં, તે તો ધૂર્જટિ અને અર્વાચીના જ સમજ્યાં.

કાંઈક સમજ્યો વિનાયક.

'જાણતો જ હતો!' તે બબડ્યો. 'આ ધૂર્જટિ — અર્વાચીના જેવાંને આપણાં સમય અને આપણાં સ્થળ પસંદ આવે જ નહિ કદીય!'

'...આગળ ઉપર!' વિનાયક બબડતો જ રહ્યો : 'આગળ ઉપર! આગળ ઉપર!'

અત્યારે તો અર્વાચીના — ધૂર્જટિને ફરી આક વાર અભિનંદન આપી બધાં આનંદથી છૂટાં પડ્યાં...

*

# શ્રી દિગીશ મહેતાનું લેખન-સર્જન

**નિબંધ :**

દૂરના એ સૂર (૨૯૭૦, ૨૯૯૩, ૨૦૦૨)

શેરી (૨૯૯૭)

**નવલકથા :**

આપણો ઘડીક સંગ (૨૯૬૨, ૨૯૭૭, ૨૯૯૩, ૨૦૦૨)

શત્રૂઘ્નની પહેલીસફર (૨૯૯૯)

**વિવેચન :**

પાશ્ચાત્યનવલકથા (હર્ષદદેસાઈસાથે)

પરિધિ (૨૯૭૬)

**એકાંકીસંગ્રહ :**

જય ધોરણલાલકી (પ્રકાશ્ય)

**પ્રકીર્ણ :**

ઇંગ્લિશ! ઇંગ્લિશ (૨૯૯૬)

જીવનકથા :

Shrimad Rajachandra : A Life (૨૯૭૭)

**અનુવાદ :**

કવિતાનું બચાવનામું (અંગ્રેજ કવિ શેલીની ટેક્સ્ટનો ગુજરાતી અનુવાદ, ૨૦૦૦)

ખુરશીઓ (યુજિનઈયોનેસ્કોના નાટક The Chairsનો ગુજરાતી અનુવાદ, ૨૦૦૦)